૨૦૪ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 237 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 October 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૭ ઑક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# આજથી રાજ્યભરમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીનો આરંભઃ મુખ્ય પ્રધાન, પ્રધાનો અને સિનિયર અધિકારીઓ હાજર રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ૨૪ વર્ષના સફળ અને સુશાસન સભર નેતૃત્વના અવસરે સમગ્ર રાજ્યમાં ૭થી

૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી યોજાશે. આ સમયગાળા દરમિયાન વિવિધ વિભાગો દ્વારા રોજિંદા થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. રાજ્યના તમામ વર્ગોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે યુવાઓ, મહિલાઓ, ખેડૂતો સહિત સમાજના વિવિધ વર્ગોને જોડતી અનેક પહેલ હાથ ધરાશે. આ કાર્યક્રમની શરૂઆત ૭ ઑક્ટોબરે ગાંધીનગર ખાતે ધારાસભા પ્રાંગણમાં 'ભારત વિકાસ યાત્રા'ના લોન્ચિંગથી થશે.

આ મુખ્ય કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, પ્રધાનો અને સિનિયર અધિકારીઓ હાજર રહેશે. આ સાથે જ રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં કલેક્ટર કચેરીઓ, શાળા-કોલેજોમાં પણ યાત્રાનું પ્રસારણ થશે. યુવા સશક્તિકરણના ભાગરૂપે સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લેગશિપ યોજનાઓનું દર્શન, ઓનલાઇન ક્વિઝ, નિબંધ સ્પર્ધાઓ, પદયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે વિકસિત ભારત ૨૦૪૭ વિષયક મનોમંથન અને ચર્ચા થશે. સહકાર વિભાગ દ્વારા વડા પ્રધાન દ્વારા અમલમાં લાવવામાં આવેલા જીએસટી સુધારાઓ અને સહકાર ક્ષેત્રને અપાયેલા લાભ માટે ૧ કરોડથી વધુ પોસ્ટકાર્ડ વડે આભાર વ્યક્ત કરવાનો કાર્યક્રમ પણ યોજાશે. તા. ૮ ઓક્ટોબરે ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો રોજગાર મેળો યોજાશે. ૫૦,૦૦૦થી વધુ યુવાનોને રોજગાર એનાયતપત્ર વિતરણ કરવામાં આવશે. ૨૫,૦૦૦થી વધુ આઈટીઆઈ વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ પ્લેસમેન્ટ ઓફર પત્ર આપવામાં આવશે. આઈટીઆઈ અપગ્રેડેશન માટે ઉદ્યોગગૃહો સાથે ૧૦૦થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થશે.

૯-૧૦ ઑક્ટોબર દરમિયાન ઉદ્યોગ વિભાગ દ્વારા મહેસાણા ખાતે એમએસએમઈ કોન્ક્લેવ, સ્ટાર્ટઅપ હેકાથોન, બિઝનેસ લીડર્સની ચર્ચા સહિતના કાર્યક્રમો યોજાશે. તા. ૧૧ ઓક્ટોબરે રાજકોટ ખાતે રાજ્યકક્ષાનો પંચાયત કાર્યક્રમ યોજાશે. વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણ, પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ માર્ગદર્શન, શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોનું સન્માન અને ગ્રામ પંચાયત ઘરોનું સામુહિક ખાતમુહૂર્ત કરવામાં આવશે. રથયાત્રા સમાપન સમયે દરેક જિલ્લામાં ૧ કરોડથી ઓછી રકમના કામોના લોકાર્પણ સાથે ગ્રામીણ વિસ્તાર માટે વિકાસ રથનું આયોજન અને તમામ સરકારી સંસ્થાઓમાં સ્વચ્છતા શપથ લેવાશે.

તા. ૧૨ અને ૧૩ ઑક્ટોબરે નગરપાલિકા વિકાસ કાર્યક્રમ અંતર્ગત નગરપાલિકાઓના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, સ્વદેશી મેળા, રિસાઇકલ કરેલી વસ્તુઓનો ઉપયોગ કરીને સાર્વજનિક સ્થાપત્યનું સર્જન અને મહાનગરપાલિકાઓમાં ભીંત ચિત્રો બનાવવાનું આયોજન કરવામાં આવશે.તા. ૧૪ ઓક્ટોબરે કૃષિ વિકાસ દિન/રવિ કૃષિ મહોત્સવ યોજાશે. ખેડૂત માટે પાક પરિસંવાદો, માર્ગદર્શન, કૃષિ પ્રદર્શન, પશુ આરોગ્ય મેળા અને નવીન ટેકનોલોજી આધારિત સ્ટોલ યોજાશે. જ્યારે તા. ૧૫ ઑક્ટોબરે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાશે, જેમાં રૂ. ૧ કરોડથી રૂ. ૨૫ કરોડ સુધીના રૂ. ૩,૩૨૬ કરોડના કામોનો સમાવેશ થાય છે. આ સાથે જ ૧૧થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ગ્રામ વિકાસ, શહેરી વિકાસ, કૃષિ વિકાસ અને શિક્ષણ વિભાગો દ્વારા વિવિધ લોકાર્પણ, ખાતમુહૂર્ત, મેળાઓ અને ટૅકનોલોજી આધારિત પ્રદર્શનો યોજાશે. આરોગ્ય વિભાગ દ્વારા ૧૭૦૦ સગર્ભા માતાઓની વિશેષ કાળજી, નમોશ્રી યોજના અને વડા પ્રધાન માતૃ વંદના યોજનાના લાભોનું વિતરણ, સીપીઆર તાલીમ અને ટીબી નિદાન મશીનોના લોકાર્પણ જેવા કાર્યક્રમો હાથ ધરાશે.

# અમદાવાદ એસઓજીએ ₹ ૧૦ લાખના ડ્રગ્સ સાથે બે આરોપીની ધરપકડ કરી

અમદાવાદઃ એસઓજીએ ૧૦ લાખના એમડી ડ્રગ્સ સાથે બે આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ મધ્ય પ્રદેશથી ડ્રગ્સ લાવી નશાનો શોખ પૂરો કરતા હતા. આરોપી નશો કરવા માટે મોબાઈલ ચોરી કરતો હતો અને તે વેચી નશો કરતો હતો. આરોપી વિરુદ્ધ અમદાવાદમાં મોબાઈલ ચોરી સહિત ૪૪ જેટલા ગુના નોંધાયા હોવાનું પણ બહાર આવ્યું છે. અમદાવાદ એસઓજીની કસ્ટડીમાં રહેલા બે આરોપી ચિરાગ અલી શેખ અને એજાઝ મીયાં અરબની ૧૦ લાખના ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી હતી. બંને આરોપી ડ્રગ્સ લેવા માટે અમદાવાદથી મધ્ય પ્રદેશના મનસૂર ખાતે ગયા હતા. જ્યાંથી ડ્રગ્સ લઈ પરત આવતા પોલીસને બાતમી મળી હતી અને બાતમીના આધારે જ પોલીસે બંનેની બસમાંથી જ ધરપકડ કરી હતી. કોઈને શંકા ન જાય તે માટે આરોપી ચિરાગ અલી તેની સાથે પોતાની પ્રેમિકાને પણ લઈ ગયો હતો. જો કે પ્રેમિકા ડ્રગ્સ લઈને પરત આવવાનું છે તે વાતથી અજાણ હતી. મધ્ય પ્રદેશથી ડ્રગ્સ લઈને અમદાવાદ આવી રહેલા આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે ચિરાગ અલી છેલ્લા ૧૦ વર્ષથી ડ્રગ્સનો બંધાણી છે અને નશો પૂરો કરવા કોઈ પણ ગુનાને અંજામ આપી શકે તેમ છે. છેલ્લા ૧૦ વર્ષમાં આરોપીએ મોબાઈલ ચોરી સહિત ૪૪ જેટલા ગુના આચર્યા છે.

મધ્ય પ્રદેશથી ડ્રગ્સ લાવવા અંગે તપાસ કરતા મધ્ય પ્રદેશના મનસુર ખાતે ઈમરાન નામનો એક ડ્રગ ડીલર જોડાયો હોવાનો તપાસમાં ખુલાસો થયો હતો.

# ગુજરાત પરથી ટળ્યો શક્તિ વાવાઝોડાનો ખતરોઃ પાલનપુરમાં ધોધમાર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરબ સાગરમાં સર્જાયેલું શક્તિ વાવાઝોડું નબળું પડતા રાજ્ય પરથી મોટો ખતરો ટળ્યો હતો. વાવાઝોડું ડિપ ડિપ્રેશનમાં ફેરવાતા રાજ્યમાં ૧૨ ઓક્ટોબર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. શક્તિ વાવાઝોડાના કારણે ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો હતો.

અમદાવાદ શહેરમાં ઝાપટું પડ્યું હતું. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરમાં વાતાવરણ પલટાયું હતું અને શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદથી ગરમી અને બફારાથી કંટાળેલા લોકોને મોટી રાહત મળી હતી અને વાતાવરણ ખુશનુમા બન્યું હતું. બીજી તરફ, થરાદ શહેરમાં માત્ર સામાન્ય વરસાદ થવા છતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો. શહેરની આશાપુરા સોસાયટીમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા, જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ફોરલેન હાઇવે પરનું પાણી સોસાયટીમાં ઘૂસી જતાં આ સ્થિતિ સર્જાઈ હતી. સામાન્ય વરસાદમાં જ પાણી ભરાતા વહીવટીતંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. કાંકરેજ સહિત ઓગડ પંથકમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો. શિહોરી સહિત આસપાસના ગામોમાં વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છમાં હળવો વરસાદ રહેશે. જેને કારણે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હતી. દરિયાકાંઠે ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. હાલ રાજ્યમાં દરિયાકાંઠે ડીડબલ્યુ-૨ સિગ્નલ લગાવવામાં આવ્યું હતું. અફઘાનિસ્તાન પાસે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા વરસાદી માહોલ રહેશે.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર મુજબ, રાજ્યમાં સરેરાશ ૧૧૭.૪૩ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૧૪૭.૭૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૨૧.૦૪ ટકા, પૂર્વ મધ્યમાં ૧૧૬.૧૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૦૮.૦૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૨૨.૫૦ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ૧૫૫ ડેમ હાઈ એલર્ટ પર છે. ૧૨૮ ડેમ સો ટકા ભરાયેલા છે. રાજ્યમાં પંચાયત હસ્તકના ૫૧ સહિત કુલ ૫૭ રોડ રસ્તા બંધ છે.

# નવી ઔદ્યોગિક નીતિઃ ગુજરાતમાં ઉદ્યોગોએ પ્રોજેક્ટ ખર્ચના બે ટકા રકમ કૌશલ્ય વિકાસ પાછળ ફરજિયાત ખર્ચવી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ડગલેને પગલે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, જેને લઈ રાજ્ય સરકાર ટૂંક સમયમાં નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરશે, જે અંતર્ગત તમામ નવા ઉદ્યોગોએ તેમના પ્રોજેક્ટ ખર્ચના ઓછામાં ઓછા બે ટકા રકમ કૌશલ્ય વિકાસ પાછળ ફરજિયાત ખર્ચ કરવી પડશે. આ નીતિમાં સેક્ટરની વિશેષ જરૂરિયાતોને આવરી લેવામાં આવશે અને ઉદ્યોગોને પ્રોત્સાહનો આપવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

શ્રમ અને રોજગાર વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગના સહયોગથી રાજ્યભરમાં કૌશલ્ય વિકાસ વધારવા માટે અનેક પગલાં લેવાની યોજના બનાવી રહ્યું છે.

સૂત્રોના મતે, ગુજરાત પોતાને અદ્યતન અને ભવિષ્યલક્ષી ઉદ્યોગોના કેન્દ્ર તરીકે સ્થાપિત કરી રહ્યું છે, જેના માટે ઉચ્ચ કુશળ કર્મચારીઓની જરૂર પડશે. એક અંદાજ મુજબ, ૨૦૩૦ સુધીમાં એક કરોડ જેટલા વધારાના કુશળ કામદારોની જરૂરિયાત રહેશે. જ્યારે સંબંધિત ઉદ્યોગો સક્રિયપણે ભાગ લેશે ત્યારે જ આટલી મોટી સંખ્યામાં કુશળ કામદારો મળી રહેશે.

વિવિધ ક્ષેત્રો માટેની તમામ ઔદ્યોગિક પ્રોત્સાહન નીતિઓમાં કૌશલ્ય વિકાસમાં રોકાણને પ્રોત્સાહિત કરવામાં આવે તેવી અપેક્ષા છે અને આવા રોકાણને પ્રોજેક્ટ ખર્ચના ભાગ તરીકે માન્યતા આપવામાં આવશે. ૧,૦૦૦ કરોડથી વધુના રોકાણ ધરાવતા ઉદ્યોગો સાથેના એમઓયુમાં કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે પ્રોજેક્ટ ખર્ચના બે ટકા રોકાણ કરવાની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવશે. સત્તાવાર અંદાજ મુજબ, આગામી પાંચ વર્ષમાં રાજ્યના ઉદ્યોગો દ્વારા કર્મચારીઓને કૌશલ્ય તાલીમ, પુનઃકૌશલ્ય તાલીમ અને ઉચ્ચ કૌશલ્ય તાલીમ માટે ₹ ૫૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થવાનો અંદાજ છે. ઉદ્યોગો દ્વારા આંતરિક તાલીમ અને ઉચ્ચ કૌશલ્ય તાલીમ પાછળ થતો ખર્ચ, અમુક માપદંડોને આધીન, કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) જવાબદારીઓ હેઠળ ગણી શકાય છે. કંપની ધારાની જોગવાઈઓ હેઠળ સીએસઆર ફંડના ૧૦થી ૨૦ ટકા રકમ કૌશલ્ય તાલીમ પાછળ ખર્ચવી ફરજિયાત કરવાની એક નિશ્ચિત મર્યાદા પણ હોઈ શકે છે. ઉદ્યોગો આ રોકાણોમાં મહત્તમ તાલમેલ સાધવા માટે શૈક્ષણિક અથવા કૌશલ્ય તાલીમ સંસ્થાઓ સાથે સહયોગ પણ કરી શકે છે. અદ્યતન અને ભવિષ્યલક્ષી ઉદ્યોગોની વિશિષ્ટ કૌશલ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગુજરાત સેક્ટર સ્કિલ ટાસ્ક ફોર્સની સ્થાપના કરવામાં આવશે.

# સંતરામપુરની બીઓબીની શાખામાં ₹ ૩.૫૫ કરોડના લોન કૌભાંડમાં પૂર્વ મેનેજરની ધરપકડ

અમદાવાદઃ મહીસાગરના સંતરામપુરમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં ૩.૫૫ કરોડના પર્સનલ લોન કૌભાંડના કેસમાં બેંક મેનેજરની ધરપકડ કરવામાં આવી હતી. મહીસાગર પોલીસની તપાસમાં ખુલાસો થયો હતો કે ખોટા દસ્તાવેજો રજૂ કરીને ૩૫ જેટલા લોકો દ્વારા આ મોટી લોન મેળવી કૌભાંડ કરવામાં આવ્યું હતું. આ કૌભાંડ ડુપ્લિકેટ દસ્તાવેજોના આધારે પર્સનલ લોન મંજૂર કરવા સંબંધિત છે, જેમાં મેનેજરની સંડોવણી બહાર આવી હતી. આ મામલે સંતરામપુર પોલીસે તપાસ હાથ ધરી હતી. વર્ષ ૨૦૨૪માં આ લોન કૌભાંડ બહાર આવ્યું હતું. અત્યાર સુધીમાં આ પર્સનલ લોન કૌભાંડમાં કુલ ૨૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે વર્ષ ૨૦૨૪માં ૩૫ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. મહીસાગર જિલ્લા ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, ખોટી ઓળખ અને ખોટા પુરાવા રજૂ કરી લોન લેવા સહિત ૩૫ લોકોના સંકલિત કૌભાંડના મામલે તપાસ ચાલુ છે.

# અમદાવાદમાં બે લાખ વિદ્યાર્થીઓના હાર્ટ ચેકઅપનો આરંભઃ ત્રણ વર્ષ સુધી પ્રોજેક્ટ ચાલશે

અમદાવાદઃ શહેરની ધોરણ ૬થી ૮ની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓના હૃદયની તપાસ શરૂ કરવામાં આવી છે. ડિજિટલ યુગના કારણે વિદ્યાર્થીઓમાં બેઠાડું જીવન વધી ગયું છે. જેના કારણે લાંબા સમયે વિદ્યાર્થીઓમાં કોઈ બીમારી ઘર ના કરી જાય તેવા ઉદ્દેશ સાથે સોમવારથી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. યુ.એન. મહેતા હોસ્પિટલની ટીમ દ્વારા શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓના હૃદયની તપાસ શરૂ કરવામાં આવશે. કોઈ અનિચ્છનીય ઘટના બને તો વિદ્યાર્થીઓ અને શિક્ષકો પ્રાથમિક સારવાર આપી શકે તે માટે શાળાના વિદ્યાર્થીઓને અને શિક્ષકોને બેઝિક લાઇફ સપોર્ટ, સીપીઆર ટ્રેનિંગ, ફર્સ્ટેડ ટ્રેનિંગ, ડાયટ ટ્રેનિંગ પણ આપવામાં આવશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી અને યુ.એન. મહેતા હોસ્પિટલની ટીમ દ્વારા આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. આ આગામી ત્રણ વર્ષ સુધી ચાલવાનો છે, જેમાં અમદાવાદ શહેરની એક હજાર કરતા વધુ શાળાઓને આવરી લેવામાં આવશે. ધોરણ ૬થી ૮ના અંદાજે બે લાખ કરતા પણ વધુ વિદ્યાર્થીઓના હૃદયની તપાસ કરવામાં આવશે. શહેરની કેલોરેક્સ શાળાથી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. હૃદયની તપાસના કારણે જો કોઈ વિદ્યાર્થીમાં જન્મજાત હૃદય રોગની કોઈ બીમારી હશે તો તેની જાણ થઈ શકશે જેથી વિદ્યાર્થીઓ કોઈ મોટા રોગનો ભોગ બનતા બચી શકે. યુ.એન. મહેતા હૉસ્પિટલની ટીમ દ્વારા હૃદયની સાથે સાથે બ્લડ પ્રેશર, પલ્સ, બીએમઆઈ અને ન્યુટ્રિશન સહિતની બાબતોની પણ તપાસ કરવામાં આવશે, જે બાદ વિદ્યાર્થીઓને તેમના જીવનમાં અને ખોરાકમાં કેવા બદલાવ લાવવા જોઈએ તેની પણ માહિતી આપવામાં આવશે.

અમદાવાદ શહેર ડીઈઓ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બેઝિક લાઈફ સપોર્ટ અને ફાસ્ટેડની તાલીમ મળે અને હેલ્થ ચેકઅપ થાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગ રૂપે આજથી યુ.એન. મહેતા હોસ્પિટલની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. એક હજારથી વધુ શાળાઓમાં બે લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી મળે તે માટે સમગ્ર વર્ષ દરમિયાન આ કાર્યક્રમ ચાલશે.

# અમદાવાદમાં જાહેર રસ્તા પર દારૂના નશામાં 'ડર્ટી ડાન્સ': યુવતી અને યુવકનો નોટો વરસાવતો વીડિયો વાઈરલ

અમદાવાદઃ શહેરમાં કાયદો અને વ્યવસ્થા પર ગર્વ કરવામાં આવે છે, ત્યાં જાહેર રસ્તા પર ડાન્સ પાર્ટી અને અશ્લીલ હરકતોનો વીડિયો સામે આવ્યો હતો. સરદારનગરના કુબેરનગર વિસ્તારમાં થયેલી આ ઘટના સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ હતી. જેમાં યુવકો અને એક યુવતીની બીભત્સ ડાન્સ અને નોટોનો વરસાદ જોવા મળ્યો હતો.

આ વીડિયોમાં કેટલાક યુવકો જાહેર રસ્તા પર ડાન્સ કરતા જોવા મળે છે, જેમાં એક યુવતી પણ અશ્લીલ ડાન્સ કરી રહી છે. એક વ્યક્તિએ તેના જન્મદિનની ઉજવણી માટે આ પાર્ટીનું આયોજન કર્યુ હોવાની પ્રાથમિક માહિતી સૂત્રો પાસેથી મળી હતી. જેમાં તે ગોલ્ડના દાગીના પહેરીને ડાન્સ કરતો જોવા મળ્યો હતો. ડાન્સ દરમિયાન બર્થ ડે બોય અને યુવતી વચ્ચે ચેનચાળા અને અયોગ્ય હરકતો થતી જોવા મળે છે, અને બીજા એક વ્યક્તિએ તેમના પર ચલણી નોટોનો વરસાદ કર્યો હતો. આ વીડિયો તેણે પોતાના સોશ્યલ મીડિયા પર શેર કર્યો હતો. સરદારનગર પોલીસે આ વીડિયોની ગંભીર નોંધ લઈને તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. વીડિયોમાં દેખાતા તમામ શખ્સમાં ખાસ કરીને બર્થ ડે બોય અને ડાન્સ કરતી યુવતીની શોધખોળ ચાલી રહી છે. જાહેરસ્થળ પર કાયદાનું ઉલ્લંઘન અને અશ્લીલતા ફેલાવનારા લોકો સામે કડક કાર્યવાહી કરવાની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ વીડિયો વાયરલ થતાં ઘણા યુઝર્સે કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા હતા. કેટલાકે તેને યુવાનોમાં અનૈતિક વર્તનનું પ્રતીક માનીને ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારે અન્યોએ પોલીસને ઝડપી કાર્યવાહીની માંગ કરી હતી.

# રાજ્ય સરકારના વર્ગ-૪ના કર્મીઓને ૭૦૦૦ એડહોક બોનસની જાહેરાતઃ ૧૬,૯૨૧ કર્મચારીને લાભ મળશે

અમદાવાદઃ ગુજરાત રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓ માટે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળી પૂર્વે કર્મચારીઓને ઉત્સાહભેર તહેવાર ઉજવી શકે તે હેતુથી રૂપિયા ૭ હજારની મહત્તમ મર્યાદામાં એડહોક બોનસ ચૂકવવાની જાહેરાત કરી હતી. આ બોનસનો લાભ રાજ્યભરના અંદાજે ૧૬,૯૨૧ વર્ગ-૪ના કર્મચારીઓને મળશે. આ ઉપરાંત, રાજ્ય પ્રધાનમંડળના મહેકમ પરના, વિધાનસભા અધ્યક્ષના, દંડકના, નાયબ દંડક અને ઉપદંડકના મહેકમ પરના કર્મચારીઓ પણ આમાં સમાવિષ્ટ છે. પંચાયત, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ અને કોલેજો તેમજ જે બોર્ડ-કોર્પોરેશન દ્વારા બોનસ ચૂકવવામાં આવતું નથી તેવા રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશનમાં ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ભૂપેન્દ્ર પટેલે આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકારના નાણાં વિભાગને જરૂરી આદેશો અને દિશાનિર્દેશો આપ્યા હતા. આ બોનસ ચુકવણીથી વર્ગ-૪ના કર્મચારીઓમાં તહેવારોની ઉજવણી માટે ઉત્સાહ જોવા મળશે તેમ મનાય છે.

# સુરતના હીરા વેપારી સાથે ₹ ૪.૮૦ કરોડની છેતરપિંડીઃ દુબઈથી ડાયમંડ મગાવીને ન કર્યું પેમેન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ઓનલાઈન છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. છ હીરા વેપારીએ ઓનલાઈન પોર્ટલના માધ્યમથી દુબઈથી મોટો જથ્થો મગાવ્યો હતો.

માલની ડિલિવરી થયા બાદ ગઠિયાઓએ ફોન બંધ કરી દીધો હતો. આશરે ૪.૮૦ કરોડનો માલ ગુમાવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

મળતી વિગત પ્રમાણે હીરા વેપારીએ માર્ચ મહિનામાં રૂ. ૮૧ લાખના કિંમતનો એક હીરો ઓનલાઇન વેચાણ માટે મૂક્યો હતો. ૩ જૂનના રોજ અજાણ્યા મોબાઇલ પરથી તેમને ઇન્કવાયરી આવી હતી ત્યાર બાદ તેમણે માર્કેટમાં આ વ્યક્તિ અંગે પૂછપરછ કરતાં વેપારી સારો હોવાનું જાણવા મળ્યું હતું.

જેથી તેમણે હીરો દુબઈ અથવા હૉંગકૉંગ મોકલી આપવા જણાવ્યું હતું. વેપારીએ તેમના મિત્રની દુબઈ સ્થિત ઑફિસ મારફતે આ હીરો વેચાણ માટે મોકલી આપ્યો હતો. હીરો મળી ગયા બાદ પેમેન્ટ ચૂકવ્યું ન હતું. વેપારીએ એ પેમેન્ટની ઉઘરાણી શરૂ કરતાં જ ઠગે પોતાનો મોબાઈલ નંબર અને વૉટ્સઍપ ચેટિંગની વાતચીત બંધ કરી દીધી હતી. પોતાની સાથે થયેલી છેતરપિંડીની જાણ થતાં તેમણે હીરા બજારમાં તપાસ કરી હતી. તેમને જાણવા મળ્યું કે આ ઠગ વેપારીએ માત્ર તેમની સાથે જ નહીં, પણ તેમના જેવા જ અન્ય પાંચ વેપારી સાથે પણ આવું જ કૌભાંડ આચર્યું હતું. ગઠિયાએ આ તમામ છ વેપારીઓ પાસેથી દુબઈ ખાતે હીરાનો મોટો જથ્થો મગાવ્યો હતો. કુલ ₹ ૪.૮૦ કરોડના હીરાનો જથ્થો મેળવ્યા બાદ, ઠગબાજે પોતાનો મોબાઇલ ફોન બંધ કરી દીધો અને કરોડોની છેતરપિંડી આચરી હતી.

હીરા વેપારીએ ઠગબાજ વિરુદ્ધ સુરત ક્રાઇમ બ્રાન્ચમાં વિધિવત્ ફરિયાદ નોંધાવી હતી.

# વેરાવળમાં ત્રણ માળની ઈમારત અચાનક ધરાશાયી, ત્રણ લોકોનાં મોત, બે ઘાયલ

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં સોમવારે એક ભયાનક ઘટનાએ સૌને હચમચાવી દીધા હતા. લગભગ ૮૦ વર્ષ જૂની ત્રણ માળની જર્જરિત ઇમારત અચાનક ધરાશાયી થઈ ગઈ હતી, જેમાં ત્રણ લોકોના મોત અને બે લોકો ઘાયલ થયા હતા. આ ઈમારત પડી ત્યારે સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી.

વેરાવળના ખારવાવડ વિસ્તારમાં આ દુઃખદ ઘટના રાત્રે ૧:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ ઇમારત દાયકાઓથી જર્જરિત સ્થિતિમાં હતી અને હંમેશા તૂટી પડવાનું જોખમ રહેલું હતું. છતાં બેદરકારીના કારણે ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં એક મોટરસાઇકલ સવાર પણ હતો જે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. કાટમાળ અચાનક તેના પર પડ્યો હતો, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. ઇમારતમાં માતા-પુત્રી પણ રહેતા હતા. મૃતકોની ઓળખ દિનેશ જાંગી (૩૪), દેવકીબેન સુયાણી (૬૫) અને તેની પુત્રી જશોદા (૩૫) તરીકે થઈ છે. માહિતી મળતા જ ફાયર બ્રિગેડ, પોલીસ, મ્યુનિસિપલ કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 237 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 October 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૭ ઑક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# બિહારમાં ૬, ૧૧ નવેમ્બરે ચૂંટણી

## ૧૪મીએ પરિણામઃ સાત રાજ્યમાં ૧૧ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે


125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી® સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ


નવી દિલ્હી : બિહાર વિધાનસભાની ચૂંટણી બે તબક્કા એટલે કે છ અને ૧૧ નવેમ્બરે યોજાશે અને મતગણતરી ૧૪ નવેમ્બરે કરાશે, એવી જાહેરાત સોમવારે ચૂંટણી પંચના વડા જ્ઞાનેશ કુમારે કરી હતી. ચૂંટણીની આખી પ્રક્રિયા ૧૬ નવેમ્બર સુધી પૂરી કરાશે. સાત રાજ્ય જેવા કે જમ્મુ અને કાશ્મીરમાં, ઓડિશામાં, ઝારખંડમાં, મિઝોરમમાં, પંજાબમાં, તેલંગણામાં અને રાજસ્થાનમાં પેટાચૂંટણી ૧૧ નવેમ્બરે યોજાશે અને મતગણતરી ૧૪ નવેમ્બરે થશે.

કુમારે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતું કે બિહાર વિધાનસભાની ચૂંટણી બે તબક્કા એટલે કે છ અને ૧૧ નવેમ્બરે યોજાશે અને મતગણતરી ૧૪ નવેમ્બરે કરાશે. પોસ્ટ બેલોટ (ટપાલ દ્વારા મળેલા મતની) ગણતરી છેલ્લા બે રાઉન્ડની ગણતરી પહેલાં કરવી ફરજિયાત છે.

કુમારે કહ્યું હતું કે ઉમેદવારો ઉમેદવારી પત્ર ભરે એના ૧૦ દિવસ પહેલાં (જુઓ પાનું ૨) ▶▶

# સોના, ચાંદીમાં ભારે તેજી

નવી દિલ્હી : સોના અને ચાંદીમાં ભારે તેજી જોવા મળી હતી અને તેના ભાવ આસમાને ગયા હતા. દિલ્હીમાં દસ ગ્રામ સોનાના ભાવમાં ૯,૭૦૦ રૂપિયાનો ઉછાળો આવીને તે ૧,૩૦,૩૦૦ રૂપિયા થયો હતો. ચાંદીના ભાવ સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. દિલ્હીમાં ચાંદીનો એક કિલોનો ભાવ ૧,૫૭,૪૦૦ રૂપિયા હતો. રૂપિયો ગગડતા અને આંતરરાષ્ટ્રીય બજારમાં સલામતી માટેની જણસ તરીકે સોનાની ખરીદી વધતાં તેના ભાવમાં ઉછાળો આવ્યો હતો.

અમેરિકા ખાતે ગવર્મેન્ટ શટડાઉન, વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને ફેડરલ દ્વારા રેટ કટના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૦૦ ડૉલરની ઉપરની સપાટીએ અને ચાંદીના ભાવ ૧૪ વર્ષની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલો સાથે મુંબઈ ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૫થી ૨૨૯૫ની તેજી આવી હતી અને વેરારહિત ધોરણે ૯૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ અનુક્રમે રૂ. ૧,૧૮,૭૭૧ અને રૂ. ૧,૧૯,૨૪૯ના મથાળે તથા ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૨૩ની તેજી (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 10,998/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


# જયપુરની હૉસ્પિટલમાં આગઃ આઠનાં મોત

જયપુરઃ જયપુરની સવાઈ માનસિંહ (એસએમએસ) હૉસ્પિટલ, જે રાજસ્થાનની સૌથી મોટી હૉસ્પિટલ છે, રવિવારે રાત્રે તેના ટ્રોમા સેન્ટરના ઇન્ટેન્સિવ કેર યુનિટમાં (આઈસીયુમાં) લાગેલી ભીષણ આગમાં આઠ જણનાં મોત થયાં હતાં અને અન્ય અનેક જણ ઘાયલ થયાં હતાં.

ટ્રોમા સેન્ટરના ઇન્ચાર્જ ડો. અનુરાગ ધાકડે જણાવ્યું હતું કે આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી અને ઝડપથી ફેલાઈ હતી.

ચોવીસ દર્દીને ટ્રોલીમાં અન્ય વોર્ડમાં તાત્કાલીક ખસેડવામાં આવ્યા છે.

એસએમએસ હોસ્પિટલમાં લાગેલી ભયાનક આગની ઘટનાની તપાસ માટે છ સભ્યની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે.

તબીબી શિક્ષણ કમિશનરની અધ્યક્ષતામાં. રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજન લાલ શર્માએ જયપુરની એસએમએસ હૉસ્પિટલમાં આગમાં ઘાયલ થયેલા લોકોને યોગ્ય સારવાર અને સંભાળની ખાતરી આપી છે. એસએમએસ હોસ્પિટલની મુલાકાત લીધા બાદ એક્સ પોસ્ટ (જુઓ પાનું ૨) ▶▶

# ત્રણ વિજ્ઞાનીને મેડિસિનનું નોબેલ પ્રાઈઝ

સ્ટોકહોમઃ આ વર્ષના નોબેલ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ૨૦૨૫ના નોબેલ પુરસ્કારમાં ફિઝિયોલોજી મેડિસિનમાં અમેરિકાની મેરી ઈ. બ્રુન્કો, અમેરિકાના ફ્રેડ રેમ્સડેલ અને જાપાનના શિમોન સકાગુચીનો સમાવેશ થાય છે. આ પુરસ્કાર તેમની પેરિફેરલ ઈમ્યુન ટોલરન્સ સંબંધિત શોધ માટે આપવામાં આવ્યો છે. આ શોધ શરીરની રક્ષા પ્રણાલીને સમજવા માટે પણ ક્રાંતિ લાવી છે, જે ઓટોઈમ્યુન બીમારી જેમ કે રૂમેટોઈડ આર્થરાઈટિસ, ટાઈપ-વન ડાયાબિટીસ અને લ્યુપસની સારવારનો માર્ગ મોકળો કરશે. આજે સ્ટોકહોમની કારોલિંસ્કા ઈન્સ્ટિટ્યૂટે જાહેરાત કરી હતી.

નિયમનકારી ટી-કોષો (ટ્રેગ્સ) અને ફોક્સપીર જેનાથી સ્વયંપ્રતિરક્ષા રોગોની સારવાર કરવાનું સંભવ છે. શરીરની સંરક્ષણ પ્રણાલીને નિયંત્રિત કરતી આ શોધ કેન્સર અને પ્રત્યારોપણમાં ક્રાંતિ લાવશે, પરંતુ જે નામ જાહેર થયાં છે તેણે સૌને ચોંકાવી દીધા છે.

પેરિફેરલ ઇમ્યુન ટોલરન્સ સંબંધિત શોધો (જુઓ પાનું ૨) ▶▶


સમીર શાહ ના સથવારે...
PREMIUM & LUXURIOUS
VIETNAM - 11N
WITH SAPA & PHU QUOC
3 Feb. 2026 - 18 Guests booked


Per Adult (2 in 1 Room) = US$ 1650 = ₹1,47,000*
Per Child No Bed = US$ 900 = ₹80,000*
BOOK EARLY AND SAVE ON FLIGHT TICKETS.
Excludes: Flight Ticket (Approx ₹60,000), GST, TCS
9769000799 9820026046 | Dolphin Tours


# બંગાળમાં ભાજપના સાંસદ, ધારાસભ્ય પર હુમલો

કોલકાતા : પશ્ચિમ બંગાળના નાગરાકાટામાં પૂરગ્રસ્ત લોકોને મદદ કરવા પહોંચેલા ભાજપના ધારાસભ્ય શંકર ઘોષ અને સાંસદ ખગેન મુર્મુ પર સ્થાનિક લોકોએ હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા ભાજપના નેતાઓને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સારવાર ચાલી રહી છે. ભાજપના નેતાઓએ આ હુમલાને શાસક તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)નું કાવતરું ગણાવ્યું છે. મુર્મુ અને ઘોષ ઉત્તર બંગાળના જલપાઈગુડી જિલ્લામાં પૂરગ્રસ્ત નાગરકાટા વિસ્તારમાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા ગયા હતા.

ઘોષે હોસ્પિટલમાં લઈ જતા પહેલા (જુઓ પાનું ૨) ▶▶

# ઇટાલીમાં અકસ્માતમાં ચાર ભારતીયનાં મોત

લંડન : ઈટાલીના રોમમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, દક્ષિણ ઇટાલીના મટેરા શહેરમાં એક રોડ અકસ્માતમાં ચાર ભારતીય નાગરિકોના મોત થયા છે. ઇટાલીની સમાચાર એજન્સી એએનએસએએ રવિવારે એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે શનિવારે એગ્રી વેલી પર મટેરા શહેરના સ્કેન્ઝાનો જોનિકો નગરપાલિકામાં એક ટ્રક સાથે એક સેવન સીટર રેનોલ્ટ સીનિક કારમાં પીડિતો કુલ છ લોકો સાથે સવાર હતા. મૃતકોની ઓળખ કુમાર મનોજ (૩૪), સિંહ સુરજીત (૩૩), સિંહ હરવિંદર (૩૧) અને સિંહ જસકરણ (૨૦) (જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સનાતન ધર્મના અપમાનના નામે થતાં ધતિંગોને ન પોષાય

ભારતમાં સનાતન ધર્મ અને હિંદુત્વના નામે ધતિંગો કરીને પબ્લિસિટી મેળવવાનો ધંધો જોર પકડતો જાય છે અને તેનો તાજો દાખલો સોમવારે સુપ્રીમ કોર્ટમાં જોવા મળ્યો. સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI)ના વડપણ હેઠળની બેન્ચ એક કેસની સુનાવણી કરી રહી હતી ત્યારે રાકેશ કિશોર નામના એક વકીલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) બી.આર. ગવઈ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો.

કિશોરે ચીફ જસ્ટિસની બેઠક નજીક જઈને પોતાનું જૂતું કાઢીને ચીફ જસ્ટિસ પર ફેંકવાનો પ્રયાસ કર્યો હતો પણ સફળ ના થયો. કોર્ટના સુરક્ષા કર્મચારીઓએ દોડીને રાકેશ કિશોરને પકડી લીધો તેથી તેને ફરી તક ના મળી પણ સુરક્ષા કર્મચારીઓ કિશોરને પકડીને બહાર લઈ જતા હતા ત્યારે વકીલે એવો નારો લગાવ્યો કે સનાતન ધર્મ કા અપમાન, નહીં સહેગા હિંદુસ્તાન.

રાકેશ કિશોરે કરેલી હરકત માટે ચીફ જસ્ટિસે મધ્ય પ્રદેશના ખજુરાહોમાં આવેલા જવારી (વામન) મંદિરમાં ભગવાન વિષ્ણુની મૂર્તિ અંગે કરેલી ટિપ્પણીને કારણભૂત ગણાવાઈ છે. જવારી (વામન) મંદિરમાં ભગવાન વિષ્ણુની ૭ ફૂટ ઊંચી તૂટેલી મૂર્તિના પુનઃસ્થાપનની માગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. અરજદારે દાવો કર્યો હતો કે, મુઘલ આક્રમણ દરમિયાન મૂર્તિને નુકસાન થયું હતું અને ત્યારથી તે ખંડિત થયેલી સ્થિતિમાં છે. સુપ્રીમ કોર્ટે હિંદુ ભક્તોના પૂજાના અધિકારનું રક્ષણ કરવા અને મંદિરની પવિત્રતા પુનઃસ્થાપિત કરવા માટે હસ્તક્ષેપ કરવો જોઈએ.

ચીફ જસ્ટિસ ગવઈએ આ અરજી ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસે એ વખતે એવી ટિપ્પણી પણ કરેલી કે, આ વાત લઈને તમે સુપ્રીમ કોર્ટમાં આવો છો, તેના બદલે તમારે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે કંઈક કરે. તમે ભગવાન વિષ્ણુના પરમ ભક્ત હોવાનો દાવો કરો છો તો ભગવાન તમારી પ્રાર્થના કેમ સાંભળતા નથી ? ચીફ જસ્ટિસે એવી પણ સ્પષ્ટતા કરેલી કે, આ મામલો આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ના અધિકારક્ષેત્રનો છે તેથી અમે તેમાં દખલ ના કરી શકીએ. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ભગવાન વિષ્ણુની મૂર્તિ વરસોથી જે સ્થિતિમાં છે એ જ સ્થિતિમાં રહેશે. અને ભગવાન વિષ્ણુની પૂજા કરવા માંગતા ભક્તો બીજા મંદિરમાં જઈ શકે છે.

જસ્ટિસ ગવઈની કોમેન્ટ સામે એ વખતે પણ ભારે હોહા કરી દેવાયેલી. ભગવાન વિષ્ણુની ખંડિત મૂર્તિને સ્થાપિત કરવાની માગ કરનારા અરજદાર રાકેશ દલાલે આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરી હતી અને તેને પોતાની ધાર્મિક લાગણીઓનું અપમાન ગણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર ટાંપીને જ બેઠેલી જમાતે તેમાં ટાપસી પૂરાવી તેથી થોડો દેકારો મચી ગયેલો પણ કોઈએ ખુલ્લંખુલ્લા મેદાનમાં આવવાની હિંમત નહોતી કરી.

ચીફ જસ્ટિસ સામે પડવા જતાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો કેસ થઈ જાય ને વગર લેવેદેવે જેલની હવા ખાવાના દાડા આવી જાય એ ડરે ધર્મના અપમાનની દુહાઈઓ આપનારા બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી રહેલા. સોશિયલ મીડિયા પર હોહા કરનારામાંથી મોટા ભાગના ટૂણિયાટ હતા તેથી તેમની વાતનું કોઈ વજન ના પડ્યું ને આખી વાત હવાઈ ગયેલી.

ચીફ જસ્ટિસે વાતને વાળી લેવા માટે ચોખવટ કરેલી કે, પોતે તમામ ધર્મને માન આપે છે અને કોઈ ધર્મ માટે ખરાબ લાગણી નથી ધરાવતા. પોતાની કોમેન્ટ ધાર્મિક અને પુરાતત્વીય બાબતોમાં સુપ્રીમ કોર્ટ કશું ના કરી શકે એ બતાવવા માટે હતી તેથી તેને ખોટી રીતે લેવાની જરૂર નથી. ચીફ જસ્ટિસની કોમેન્ટ પછી આ મુદ્દો શાંત પડી ગયેલો ત્યાં હવે રાકેશ કિશોરના જૂતાકાંડના કારણે આ મુદ્દા તરફ પાછું લોકોનું ધ્યાન ખેંચાયું છે.

કેટલાંક લોકોનું કહેવું છે કે, વકીલ રાકેશ કિશોરે ચીફ જસ્ટિસ પર કાગળ ફેંકવાનો પ્રયાસ કરેલો. કેટલાક લોકોનું કહેવું છે કે, રાકેશ કિશોર વકીલ નથી પણ સામાન્ય માણસ છે જ્યારે કેટલાક મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, રાકેશ કિશોર ૨૦૧૧થી સુપ્રીમ કોર્ટમાં રજિસ્ટર્ડ વકીલ છે. આ બધી વાતો મહત્ત્વની નથી. રાકેશ કિશોર વકીલ છે કે નહીં તેનાથી કોઈ ફરક પડતો નથી કે જૂતું ફેંક્યું કે કાગળ ફેંક્યા એ પણ મહત્ત્વનું નથી. મહત્ત્વનો મુદ્દો દેશના ચીફ જસ્ટિસ પર હુમલાનો પ્રયાસ છે અને આ પ્રયાસ સનાતન ધર્મના બહાને થયો એ છે.

પહેલી વાત એ કે, ચીફ જસ્ટિસે ભગવાન વિષ્ણુ કે સનાતન ધર્મના બીજા કોઈ દેવી-દેવતા સામે કોઈ અપમાનજનક ટિપ્પણી કરી નથી. ચીફ જસ્ટિસે ખંડિત મૂર્તિને સ્થાપિત કરાવવા માટે ભગવાન પાસે જવા કે ભગવાનને પ્રાર્થના કરવા કહ્યું તેમાં સનાતન ધર્મનું શું અપમાન થઈ ગયું ? ચીફ જસ્ટિસે ખંડિત મૂર્તિને છોડીને બીજા મંદિરમાં જવાનું કહ્યું તેમાં સનાતન ધર્મના અપમાનની વાત ક્યાં આવી ? વાંધો પાડવો હોય તો ગમે તે વાતે પાડી શકાય પણ ચીફ જસ્ટિસની ટિપ્પણીમાં ક્યાંય ધર્મના અપમાનની વાત જ નથી.

બીજું એ કે, આ રીતે મંદિરોમાં ખંડિત થયેલી મૂર્તિઓને ફરી સ્થાપિત કરાવવાનું કામ સુપ્રીમ કોર્ટનું છે પણ નહીં. ખજુરાહો સહિતનાં સ્થળો આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ના તાબા હેઠળ છે અને એએસઆઈ કેન્દ્ર સરકારના તાબા હેઠળ કામ કરે છે. કેન્દ્ર સરકાર ઈચ્છે તો દેશભરમાં જ્યાં પણ આવી ખંડિત મૂર્તિઓ છે તેમનું સમારકામ કરાવી શકે છે. તેના માટે કાયદા કે નિયમોમાં ફેરફાર કરવા પડે તો એ કરવાની કેન્દ્ર સરકારને સત્તા છે.

આ સંજોગોમાં રજૂઆત કરવી હોય તો કેન્દ્ર સરકાર સમક્ષ કરવી જોઈએ, આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) સમક્ષ કરવી પણ તેના બદલે બધા નમૂના સુપ્રીમ કોર્ટમાં હાલ્યા આવે છે. સુપ્રીમ કોર્ટ પોતાની મર્યાદા બતાવે કે તેમની વાત ના માને ત્યારે ફાલતું વાતના વાંધા ઊભા કરીને ધર્મના અપમાનનો ઝંડો પકડીને ઊભા થઈ જાય છે. આ જ નમૂનાઓને ચૈતન્યાનંદ જેવા હલકટો ધર્મના નામે માસૂમ હિંદુ દીકરીઓને હવસનો શિકાર બનાવે ત્યારે સનાતન ધર્મનું અપમાન નથી લાગતું. સનાતન ધર્મના નામે અધમ આચરણ કરનારાં સામે જૂતાં ફેંકવા કે વિરોધ કરવા પણ કોઈ મરદનો લાલ મેદાનમાં નથી આવતો.

આ પ્રકારની ઘટનાઓને પોષવા જેવી બિલકુલ નથી કેમ કે તેના કારણે આ દેશમાં કાયદાનું રાજ જ નહીં રહે. કોઈ પણ વ્યક્તિ પોતાની ધાર્મિક લાગણીઓ દુભાઈ હોવાનો ઝંડો લઈને ઊભો થઈ જાય ને જૂતું લઈને કોઈને પણ મારવા મેદાનમાં આવી જાય તો કાયદો અને વ્યવસ્થા કઈ રીતે રહેશે ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૭–૧૦–૨૦૨૫, કાર્તિક સ્નાનારંભ, ડાકોરનો મેળો, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિયોગ (પ્રવેશે વર્જ્ય)

- ભારતીય દિનાંક ૧૫, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન સુદ–૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ સુદ–૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૭ સુધી (તા. ૮) પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૭ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧–૪૦, મધ્યરાત્રે ક. ૦૦–૧૮
- ઓટઃ સાંજે ક. ૧૭–૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૧૫ (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, આશ્વિન શુક્લ – પૂર્ણિમા. ઈષ્ટિ વાલ્મીકિ જયંતી, જયેષ્ઠાપત્યનિરાજન, કાર્તિક સ્નાનારંભ, ડાકોરનો મેળો, પ્રતિપદા ક્ષય તિથિ છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૬–૪૯. પંચક સમાપ્તિ ક. ૨૫–૨૭, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિયોગ (પ્રવેશે વર્જ્ય), ૨૫–૨૭થી સૂર્યોદય. સૂર્ય મહાનક્ષત્ર હસ્તમાં, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ બુધ દેવતાનું પૂજન, પુષાદેવતાનું પૂજન, મહાવીર શ્રી હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ પાઠ વાંચન, જનોઈ ધારણ, જન્મનક્ષત્ર શાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, સીમંત સંસ્કાર, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, લાલ વસ્રો, લાલ આભૂષણ, પરવાળું ધારણ, વાહન, પશુ લે–વેંચ, નવા વાસણ, નિત્ય થતાં પશુ લે–વેંચ, નિત્ય થતાં દુકાન વેપાર, બી વાવવું ઈત્યાદિ, જન્મનક્ષત્ર શાંતિ પૂજા. મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગમાં વિશેષરૂપે અશ્વિનીકુમાર દેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ સમાજ સાથેના વ્યવહારમાં મુશ્કેલી પડે, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ લોહીવિકાર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ, આશ્વિન પૂર્ણિમા યોગ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–સિંહ, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# સુપ્રીમ કોર્ટમાં વકીલનો સીજેઆઇ પર જૂતા ફેંકવાનો પ્રયાસ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટમાં સોમવારે કાર્યવાહી દરમિયાન એક વકીલે કથિત રીતે ભારતના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇ પર જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. આ જાણકારી વકીલોએ આપી હતી.

આ ઘટના ત્યારે બની જ્યારે મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી ખંડપીઠ વકીલો દ્વારા રજૂ કરવામાં આવેલા કેસોની સુનાવણી કરી રહી હતી. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વકીલ મંચ નજીક ગયો, પોતાનું જૂતું કાઢ્યું અને ન્યાયાધીશ તરફ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. કોર્ટરૂમમાં હાજર સતર્ક સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો અને હુમલો રોક્યો હતો. વકીલને તાત્કાલિક કોર્ટ પરિસરની બહાર લઇ જવામાં આવ્યો હતો.

જ્યારે વકીલને બહાર લઇ જવામાં આવ્યો ત્યારે તે બૂમો પાડી રહ્યો હતો કે, અમે સનાતનનું અપમાન સહન નહીં કરીએ. મુખ્ય ન્યાયાધીશ શાંત રહ્યા અને કોર્ટરૂમમાં હાજર વકીલોને તેમની દલીલો ચાલુ રાખવા વિનંતી કરી હતી. મુખ્ય ન્યાયાધીશે ટિપ્પણી કરી કે આ બધાથી વિચલિત ન થાઓ. અમે વિચલિત થયા નથી. આ બાબતો મને પ્રભાવિત કરતી નથી. સુપ્રીમ કોર્ટના સુરક્ષા એકમે આ ઘટનાની તપાસ આરંભી દીધી છે. વકીલ અને સંભવિત કારણો વિશે વધુ માહિતીની રાહ જોવાઇ રહી છે.

સુપ્રીમ કોર્ટમાં સોમવારે સવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ એક કેસની સુનાવણી કરી રહ્યા હતાં ત્યારે એક શખ્સે તેમના પર જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. સાથે શખ્સે સનાતન ધર્મના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતાં. સુરક્ષા કર્મચારીઓ શખસને તાત્કાલિક કોર્ટ રૂમની બહાર લઈ ગયા અને તેની અટકાયત કરી. ■

# અમેરિકામાં ભારતીય મોટેલ માલિકની હત્યા

પિટ્સબર્ગઃ અમેરિકાના પિટ્સબર્ગમાં એક ભારતીય મૂળના મોટેલ માલિકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ પિટ્સબર્ગના રોબિન્સન ટાઉનશિપમાં મોટેલ ચલાવતા ૫૧ વર્ષીય રાકેશ એહગાબાન તરીકે થઇ છે. સ્થાનિક મીડિયા અનુસાર પોલીસે જણાવ્યું કે મોટેલ માલિકને ૩૭ વર્ષીય સ્ટેનલી યુજીન વેસ્ટે માથામાં ગોળી મારી હતી. સ્ટેનલી મોટેલ પાર્કિંગમાં એક મહિલા સાથે ઝઘડો કરી રહ્યો હતો. આ ઝઘડો જોઇને રાકેશ બહાર નીકળ્યો અને તેણે મામલો થાળે પાડવા માટે સ્ટેનલીને પૂછ્યું કે, શું તું ઠીક છે દોસ્ત? ત્યારબાદ સ્ટેનલીએ રાકેશને માથામાં ગોળી ધરબી દીધી હતી. આ વાતચીત મોટેલના સર્વેલન્સ કેમેરામાં કેદ થઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે ડલાસની એક મોટેલમાં તૂટેલા વોશિંગ મશીન મુદ્દે થયેલા વિવાદ બાદ ૫૦ વર્ષીય ભારતીય વ્યક્તિ ચંદ્રમૌલી નાગમલ્લૈયાનું તેમની પત્ની અને પુત્રની સામે માથું કાપી નાખવાની ઘટનાના થોડા અઠવાડિયા પછી આ ગોળીબાર થયો છે. પોલીસે જણાવ્યું કે આરોપી સ્ટેનલી એક મહિલા અને એક બાળક સાથે લગભગ બે અઠવાડિયાથી પિટ્સબર્ગ મોટેલમાં રહેતો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે સ્ટેનલી રાકેશથી થોડા ડગલાં દૂર પહોંચ્યો કે તરત જ તેણે બંદૂક ઊંચી કરી અને તેને માથામાં ગોળી મારી દીધી હતી. રાકેશનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ■

# હિમાચલ, કાશ્મીરમાં હિમવર્ષા

શિમલા : હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરની ઊંચી ટેકરી ઉપર હિમવર્ષા જોવા મળી હતી. હિમાચલ પ્રદેશમાં સતત બીજા દિવસે હિમવર્ષા થતાં લઘુતમ તાપમાન નીચું ગયું હતું.

લાહોલ અને સ્પિટી જિલ્લાના ગોંધલામાં પાંચ મિલીમિટર અને કીલોન્ગમાં ચાર મિલીમિટર હિમ પડ્યો હતો.

રાજ્યમાં વરસાદ વચ્ચે વિરામ લઈને પડ્યો હતો. રવિવારે ગુલેરમાં ૪૨ મિલીમિટર વરસાદ પડ્યો હતો.

જોત, મુરારી દેવી, સુંદરનગર, ભુંતર, કાંગરા, પાલમપુર અને શિમલામાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો, જ્યારે હમિરપુર, નરકાંદા, કુફરી, બજૌરા, રેકોન્ગ પીયો, તબો અને કોટખાઈમાં એક કલાકદિઠ ૪૧થી લઈને ૫૭ કિલોમીટરની ઝડપવાળો પવન ફૂંકાયો હતો. હવામાન ખાતાએ ઓરેન્જ એલર્ટ એટલે કે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

દરમિયાન શ્રીનગરના સંદેશાનુસાર ઊંચી ટેકરીમાં નવી હિમવર્ષા થઈ હતી, જ્યારે સપાટ પ્રધેશમાં ઝાંપટાં પડ્યાં હતાં. આને લીધે સોમવારે ખીણમાં તાપમાન નીચું ગયું હતું.

હિમવર્ષા અનંતનાગ જિલ્લામાં સિંથાન ટોપ, ગુલમર્ગમાં અફ્ફવાત, કુપવડામાં ઝોજિલા પાસ અને બેન્ગસમાં અને ગુરેઝ ખીણમાં રાઝદાન પાસમાં જોવા મળી હતી. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### બિહારમાં

લોકો મતદારયાદીમાં તેમના નામ ઉમેરી શકશે. પહેલી વાર દરેક ૨૪૩ મતદારક્ષેત્ર માટે એક સામાન્ય નિરીક્ષક અને ૩૮ જિલ્લા માટે એક રાજકીય નિરીક્ષકની નિમણૂક કરાશે.

કુમારે માહિતી આપી હતી કે દરેક પોલિંગ બુથમાં સરેરાશ ૮૧૮ મત હશે. બધા મતદાન કેન્દ્રમાં વેબકાસ્ટિંગ સુવિધા હશે.

બિહારમાં ૭.૪ કરોડ લોકો આગામી વિધાનસભા ચૂંટણીમાં મત આપવાની લાયકાત ધરાવે છે. આમાંથી ૨૪ લાખ મતદાતાઓ તો પહેલી વાર મતદાન કરશે. કુમારે કહ્યું હતું કે બિહારની ચૂંટણી પારદર્શક અને શાંતિમય રીતે યોજાશે. કુલ ૭.૪૨ કરોડ મતદાતા છે. આમાંથી ૩.૯૨ કરોડ પુરુષ અને ૩.૫ કરોડ મહિલા છે. ૧૪ લાખ લોકો પહેલી વાર મત આપશે અને ચાર લાખ સિનિયર સિટિઝન છે.

૧૪,૦૦૦ મતદાતાની વય ૧૦૦ની ઉપર છે. ચૂંટણી માટે ૯૦,૭૧૨ મતદારમથક ઊભા કરાશે. સત્તાવાળાઓને હિંસા ન સાંખી લેવાનો ખાસ આદેશ આપવામાં આવશે,

જમ્મુ અને કાશ્મીરની વિધાનસભાની બે બેઠક બડગામ અને નગરોટા ઓક્ટોબર ૨૦૨૪થી ખાલી છે. મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ બે બેઠક જીત્યા બાદ બડગામમાંથી રાજીનામું આપતા ૨૧ ઑક્ટોબર, ૨૦૨૪થી આ બેઠક ખાલી છે. નગરોટામાં વિધાનસભ્ય દેવેન્દરસિંહ રાણાનું અવસાન થતાં આ બેઠક ૩૧ ઑક્ટોબર,૨૦૨૪થી ખાલી છે.

રાજસ્થાનના અંતામાં ભાજપના વિધાનસભ્ય કનવરલાલ મેમાં બંદૂક ધમકી કેસમાં ગુનેગાર ઠરતાં તે ગેરલાયક ઠર્યા હતા. આથી ચૂંટણીની અહીં જરૂર છે.

તેલંગણાના જ્યુબલી હિલ મતદારક્ષેત્રમાં આ વર્ષના જૂનમાં બીઆરએસના વિધાનસભ્ય માગંટી ગોપીનાથનું હાર્ટ અટેકને લીધે મૃત્યુ થતાં આ બેઠક ખાલી પડી હતી. મિઝોરમની ડમ્પા વિધાનસભા બેઠકમાં એમએનએફના વિધાનસભ્ય લાલરિન્ટલુઆન્ગાનું મરણ થતાં આ બેઠક ખાલી પડી હતી. (એજન્સી) ■

### સોના, ચાંદીમાં

સાથે રૂ. ૧,૪૮,૮૩૩ની સપાટીએ રહ્યા હતા.

ઓલ ઈન્ડિયા સરાફ એસોસિયેશનના જણાવ્યા પ્રમાણે ૯૯.૯૯ ટકાની શુદ્ધતા ધરાવતી પીળી ધાતુનો ભાવ શુક્રવારે દસ ગ્રામના ૧,૨૦,૬૦૦ રૂપિયા હતો. સ્થાનિક સોનાની બજારમાં ૯૯.૫ શુદ્ધતાવાળા સોનાનો ભાવમાં ૨,૭૦૦ રૂપિયાનો ઉછાળો આવ્યો હતો. તેનો ભાવ વિક્રમી ૧,૨૨,૭૦૦ રૂપિયા થયો હતો. બજારના અગાઉના સત્રમાં તે ૧૦ ગ્રામદિઠ ૧,૨૦,૦૦૦ રૂપિયે સ્થિર થયો હતો.

ચાંદીના ભાવમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો હતો. સફેદ ધાતુમાં ૭,૪૦૦ રૂપિયાનો ઉછાળો આવતા તેનો ભાવ કિલોનો ૧,૫૭,૪૦૦ (બધા વેરા ગણીને) થયો હતો. શુક્રવારે ચાંદીનો ભાવ કિલોદીઠ ૧,૫૦,૦૦૦ રૂપિયા હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ બે ટકા વધીને સર્વકાલીન ઊંચાઈએ એટલે કે ઔંસદીઠ ૩,૯૪૮.૫૮ અમેરિકન ડૉલર થયો હતો. ચાંદીના ભાવમાં એક ટકાનો વધારો થઈને તે એક ઔંસદીઠ ૪૮.૭૫ અમેરિકન ડૉલર થયો હતો. (એજન્સી) ■

### બંગાળમાં

લોહીથી લથપથ મુર્મુનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે નાગરકાટા વિસ્તારના સ્થાનિક લોકોએ તેમના પર હુમલો કર્યો હતો અને તેમના વાહનમાં તોડફોડ કરી હતી. પીટીઆઈ સ્વતંત્ર રીતે વીડિયોની સત્યતાની પુષ્ટી કરી શક્યું નથી.

સિલિગુડીના ભાજપના ધારાસભ્ય ઘોષે જણાવ્યું હતું કે ઘટના પછી તરત જ માલદા ઉત્તરના સાંસદને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

છેલ્લા બે દિવસમાં ઉત્તર બંગાળના અનેક જિલ્લાઓમાં પડેલા ધોધમાર વરસાદ બાદ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ભાજપના બંને નેતાઓ પૂરગ્રસ્ત વિસ્તારમાં ગયા હતા. મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ અગાઉ જણાવ્યું હતું કે ઉત્તર બંગાળમાં પૂરને કારણે અત્યાર સુધીમાં ૨૩ લોકોના મોત થયા છે.

રિપોર્ટ અનુસાર, ભાજપના સાંસદ ખગેન મુર્મુ અને સિલિગુડીના ધારાસભ્ય શંકર ઘોષ પર ટોળાએ હુમલો કર્યો હતો. ટોળાએ તેમની કાર પર પથ્થરમારો કર્યો હતો, જેનાથી કારને નુકસાન થયું હતું. સ્થાનિક લોકો દ્વારા ફેંકવામાં આવેલા પથ્થરોથી સાંસદ ખગેન મુર્મુને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. ભાજપે હુમલા માટે તૃણમૂલ કોંગ્રેસને જવાબદાર ઠેરવી હતી. જ્યારે સ્થાનિક રહેવાસીઓ આ દુર્ઘટના પછી રાહતમાં વિલંબના કારણે ગુસ્સામાં છે. ■

### જયપુરની

શેર કરીને તેમણે કહ્યું કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

મુખ્ય પ્રધાન શર્માએ કહ્યું કે રાજ્ય સરકાર દરેક શક્ય રાહત પૂરી પાડવા માટે અસરગ્રસ્ત પરિવારોની સાથે ઊભી છે.

શોકગ્રસ્ત પરિવારોએ બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.

આઈસીયુની અંદર, ગૂંગળામણભર્યા ધુમાડા અને અંધાધૂંધી વચ્ચે, પરિવારોએ જ્યારે આગ લાગી, ત્યારે તેઓ બધા ભાગી ગયા હતા એમ કહી પોતાની આપવીતી જણાવી હતી.

ઘણા પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આગ ફાટી નીકળ્યા પહેલા ધુમાડો જોવા મળ્યો હતો, અને હૉસ્પિટલ સ્ટાફને વારંવાર ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેમણે કંઇ કર્યું નહીં.

પરિવારોનો આરોપ છે કે આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી, અને આઈસીયુના બંધ માળખાને કારણે ઝેરી ધુમાડો ઝડપથી ફેલાઈ ગયો હતો. બળી ગયેલાં સાધનો, ઓગળેલા વાયરિંગ અને મેસથી ઢંકાયેલી દીવાલો આપત્તિના કદની સાક્ષી આપે છે.

તેઓ એવો પણ દાવો કરે છે કે અગ્નિશામક ઉપકરણો કાં તો ગેરહાજર હતા અથવા બિનકાર્યક્ષમ હતા અને હૉસ્પિટલના કર્મચારીઓ દર્દીઓને મદદ કરવાને બદલે ત્યજી ગયા હતા.

ટ્રોમા સેન્ટરની બહાર વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, ગુસ્સે ભરાયેલા સંબંધીઓએ ન્યાયની માગ કરી છે.

ગૃહ રાજ્ય પ્રધાન જવાહર સિંહે સ્થળની મુલાકાત લીધી ત્યારે લોકોની લાગણીઓ ભડકી ઊઠી હતી. પરિવારોએ બૂમો પાડીને કહ્યું કે, ‘‘અમે વીસ મિનિટ પહેલા ધુમાડા વિશે ચેતવણી આપી હતી, કોઈએ જવાબ આપ્યો નહીં. આગ ફાટી નીકળતાં બધા ડોકટરો અને સ્ટાફ ભાગી ગયા હતા.’’

‘‘અમે બૂમો પાડતા રહ્યા કે કંઈક બળી રહ્યું છે, પરંતુ સ્ટાફે અમારી અવગણના કરી. જ્યારે આગ લાગી, ત્યારે તેઓ બધા ભાગી ગયા,’’ એમ ભરતપુરના રહેવાસી શેરુએ કહ્યું, જે તેની માતાને આઈસીયુમાંથી બચાવવામાં સફળ રહ્યા, પરંતુ તેમને ઈજા થઇ હતી.

‘‘ફોલ્સ સીલિંગમાંથી પ્લાસ્ટિક ઓગળી ગયું, ટ્યુબ લાઇટ ફૂટવા લાગી, અને બધું કાળું થઈ ગયું. હૉસ્પિટલમાંથી કોઈ મદદ કરવા આવ્યું નહીં; અમે અમારા દર્દીઓને જાતે બચાવ્યા.’’ એમ તેમણે જણાવ્યું હતું.

શેરુનો ભાઈ, સતવીર સિંહ, જે બીજા દિવસે સવારે હૉસ્પિટલમાં પહોંચ્યો, તે ગુસ્સે થયો હતો અને કહ્યું કે ‘‘મારા ભાઈએ અમારી માતાને જાતે બચાવી. હૉસ્પિટલે કોઈ ધ્યાન આપ્યું નહીં. તેણે ઘણો ધુમાડો શ્વાસમાં લીધો અને તેની હાલત બગડી ગઈ છે.’’

અન્ય એક નરેન્દ્ર સિંહે કહ્યું કે જ્યારે આગ લાગી ત્યારે તે નીચે રાત્રિભોજન કરી રહ્યો હતો. તે જ્યારે પાછો દોડીને ગયો ત્યારે તેની માતા, જે આઈસીયુમાં હતી, તેનું મૃત્યુ થઈ ગયું હતું.

‘‘ત્યાં કોઈ કાર્યરત અગ્નિશામક ઉપકરણો નહોતા, કોઈ કટોકટી માટેની વ્યવસ્થા નહોતી,’’ એમ તેમણે કહ્યું.

પીડિતોમાં ૩૩ વર્ષીય દિગમ્બર પણ હતા, જેમને માર્ગ અકસ્માત બાદ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ઓક્સિજન સપોર્ટ પર હતા. જ્યારે આગ લાગી અને ઓક્સિજન સપ્લાય બંધ થઈ ગયો, ત્યારે તેમનું તરત જ મૃત્યુ થયું હતું. તેમનો નિરાશ પરિવાર, હોસ્પિટલની બહાર તેમના મૃતદેહ પાસે કલાકો સુધી બેસીને સતત રડતો રહ્યો હતો.

બીજો શોકગ્રસ્ત પરિવાર દિલીપનો હતો, જેને બીજા દિવસે રજા આપવામાં આવનાર હતી. ‘‘અમે તેને ઘરે લઈ જવાના હતા. હવે અમે તેનો મૃતદેહ ઘરે લઈ જઈ રહ્યા છીએ,’’ એમ તેના એક સંબંધીએ કહ્યું.

તેવી જ રીતે, અન્ય એક પીડિત સર્વેશના પરિવારે હોસ્પિટલ અને પોલીસ અધિકારીઓ દ્વારા દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો હતો.

‘‘આ અકસ્માતમાં અમે અમારા પ્રિયજનને ગુમાવ્યા છે, અને હવે તેઓ મૃતદેહ સોંપવાનો ઇનકાર કરી રહ્યા છે.’’ એમ તેમણે તેમના અવશેષો માટે વિનંતી કરતા દાવો કર્યો હતો. ■

### ત્રણ વિજ્ઞાનીને

માટે યુનાઇટેડ સ્ટેટ્સની મેરી ઇ. બ્રુન્કો, યુનાઇટેડ સ્ટેટ્સના ફ્રેડ રેમ્સડેલ અને જાપાનના શિમોન સકાગુચીને ફિઝિયોલોજી અથવા મેડિસિનમાં ૨૦૨૫નો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કારમાં ૮.૫ કરોડનું ભંડોળ પણ આપવામાં આવશે.

સ્ટોકહોમની કેરોલિન્સ્કા ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યું છે. આપણાં શરીરમાં રોગપ્રતિકારશક્તિ વાઇરલ અને બેક્ટરિયાથી આપણાં શરીરનું રક્ષણ કરે છે, પરંતુ ઘણી વખતે આ સિસ્ટમ જેને ઇમ્યૂવ સિસ્ટમ કહેવાય છે તેના ખોટા નિર્ણય લે છે, જેને ઓટો ઇમ્યુન બીમારી કહેવાય છે. પહેલાની શોધ પ્રમાણે આ સિસ્ટમ માત્ર શરીરના અંદરના ભાગોમાં જ ટોલરેન્ટ બનાવે છે, પરંતુ આ વૈજ્ઞાનિકોએ તે દાવાને ખોટા સાબિત કર્યાં છે. આ વૈજ્ઞાનિકોની શોધ પ્રમાણે શરીરના બહારી ભાગમાં પણ એક ખાસ પ્રકારનું તંત્ર કામ કરે છે જે આપણી ઇમ્યૂન સિસ્ટમને નિયંત્રિત કરીને શરીરના અંગોને સુરક્ષિત રાખે છે. આ સંશોધન ૧૯૯૦ના દશકમાં શરૂ કરવામાં આવ્યું હતું. આ શોધ કેન્સર, ટ્રાન્સપ્લાન્ટેશન અને એલર્જીની સારવારમાં ખાસ મદદરૂપ થવાની છે.

શિમોન સકાગુચીને ખાસ કરીને રેગ્યુલેટરી ટી સેલ્સની શોધ માટે જાણવામાં આવે છે. તેમણે ૧૯૯૫માં સાબિત કર્યું હતું. કે, CD4+ CD25+ કોશિકાઓ ઇમ્યૂન સિસ્ટમને કંટ્રોલમાં રાખે છે.

સકાગુચીની શોધથી જાણવા મળ્યું કે ટ્રેગ્સ રોગપ્રતિકારક શક્તિ જાળવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ શોધ માનવજાત માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થયેલી છે.

મેરી બ્રુન્કો અને ફ્રેડ રેમ્સડેલે FOXP3 જનીન શોધી કાઢ્યું, જે ટ્રેગ્સ માટે માસ્ટર સ્વિચ છે. ૨૦૦૧ માં, તેઓએ શોધ્યું કે FOXP3 માં પરિવર્તન IPEX સિન્ડ્રોમનું કારણ બને છે.

એક દુર્લભ રોગ જેમાં બાળકની રોગપ્રતિકારક શક્તિ તેના પોતાના શરીર પર હુમલો કરે છે. આ બાળરોગના રોગો, ડાયાબિટીસ અને આંતરડાની સમસ્યાઓ તરફ દોરી જાય છે. મેરી બ્રુન્કો અને ફ્રેડ રેમ્સડેલે સાબિત કર્યું હતું કે, FOXP3 ટ્રેગ્સને સક્રિય રાખે છે. આ ત્રણેય વૈજ્ઞાનિકોએ મળીને સાબિત કર્યું છે કે, કેન્દ્રીય ટોલરન્સ ઉપરાંત પેરિફેરલ ટોલરન્સ પણ આવશ્યક છે. તેમની શોધનો હવે દવામાં પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ■

### ઈટાલીમાં

તરીકે કરી છે. ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે, ‘‘ભારતીય દુતાવાસ દક્ષિણ ઇટાલીના મટેરામાં એક માર્ગ અકસ્માતમાં ચાર ભારતીય નાગરિકોના દુઃખદ મૃત્યુ પર ઊંડો શોક વ્યક્ત કરે છે.

અમે વિગતો મેળવવા માટે સ્થાનિક ઇટાલિયન અધિકારીઓ સાથે સંપર્કમાં છીએ. દૂતાવાસ સંબંધિત પરિવારોને શક્ય તમામ કોન્સ્યુલર સહાય પૂરી પાડશે.’’ એએનએસએના રિપોર્ટ અનુસાર, પાંચ ઘાયલ લોકોને પોલિકોરો (મટેરા) ની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યારે એક સૌથી ગંભીર વ્યક્તિને પોટેન્ઝાની સાન કાર્લો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ટ્રકના ડ્રાઇવરને કોઈ નુકસાન થયું નથી. મટેરા પબ્લિક પ્રોસિક્યુટરની ઓફિસ અકસ્માતની તપાસ કરી રહી છે. ■





# પ્રભાદેવી બ્રિજને તોડી પાડવાનું કામ શા માટે વિલંબમાં?

મુંબઈ: પ્રભાદેવી ખાતે ૧૦૦ વર્ષ જૂના એલ્ફિન્સ્ટન રોડ બ્રિજને લાંબા સમયથી તોડી પાડવાના કામમાં ફરી એકવાર વિલંબ થયો છે. પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમઆરઆઈડીસી), જેને મહારેલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે હજુ સુધી સુધારેલ ડિમોલિશન પ્લાન પશ્ચિમ રેલવેને સુપરત કર્યો નથી. જોકે, મહારેલનો દાવો છે કે તેમણે પશ્ચિમ રેલવેને બધા જરૂરી દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. ૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ પશ્ચિમ રેલવેને સ્પષ્ટતા સાથેનો જવાબ મોકલવામાં આવ્યો હતો,' એમ મહારેલના પ્રવક્તાએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ દાવો કર્યો હતો કે મહારેલે માર્ચ ૨૦૨૫ માં પ્રારંભિક ડિમોલિશન યોજના સબમિટ કરી હતી. જોકે, પશ્ચિમ રેલવેએ તેમાં સલામતી પ્રોટોકોલ અને તકનીકી સ્પષ્ટીકરણોમાં ખામીઓનો ઉલ્લેખ કરીને આ દરખાસ્તને પરત કરી હતી. છ મહિના પછી પણ અપડેટેડ અને વ્યાપક યોજના પેન્ડિંગ છે, જે ડિમોલિશન અને પુનર્નિર્માણ બંને માટે સમયરેખા અંગે ચિંતાઓ ઊભી કરે છે.

પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'ભીડ ઓછી કરવા અને લાખો દૈનિક મુસાફરો માટે વધુ સલામતી સુનિશ્ચિત કરવા નવા પુલનું બાંધકામ શરૂ કરતા પહેલા જૂના માળખાને તોડી પાડવું જરૂરી છે.'

સમીક્ષા દરમિયાન ઉઠાવવામાં આવેલી મુખ્ય ચિંતાઓમાં વિગતવાર ટેકનિકલ સ્પષ્ટીકરણો સામેલ હતા, જેમ કે ડિમોલિશન દરમિયાન ઉપયોગમાં લેવાતી ક્રેન અને મશીનરીના પ્રકારો, બાંધકામના કાટમાળના નિકાલ માટેની પદ્ધતિઓ અને ક્રોસ ગર્ડર્સ, સ્ટ્રિંગર એસેમ્બલી, ફૂટપાથ અને ડેક સ્લેબ જેવા મહત્ત્વપૂર્ણ માળખાકીય તત્ત્વોને તોડી પાડવા માટેની સ્પષ્ટ યોજના.

વધુ મહત્ત્વની વાત એ છે કે, રેલવેએ કડક સલામતી ખાતરીઓ માગી હતી. આમાં મુખ્ય ગર્ડર્સને હેન્ડલ કરતી વખતે સ્લિંગને બદલે સલામત લિફ્ટિંગ હુક્સનો ફરજિયાત ઉપયોગ, વ્યાપક લોડ-બેરિંગ ક્ષમતા અને અપડેટેડ માટીની સ્થિતિનો સમાવેશ થાય છે. ■

# નાગરી વહીવટ અને નીતિ-નિર્માણમાં યુવા વર્ગને આવરી લેવા 'જેન-ઝી' ઈન્ટર્નશિપ પ્રોગ્રામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપના એક નેતાએ સોમવારે જણાવ્યું હતું કે જો મહાયુતિ ગઠબંધન બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણી જીતશે તો પાલિકાના વહીવટને મજબૂત બનાવવા માટે 'જેન-ઝી' ઇન્ટર્નશિપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

મહાયુતિમાં ભાજપ, શિવસેના અને એનસીપી મુખ્ય ઘટકપક્ષો છે.

મુંબઈ ભાજપના પ્રમુખ અને વિધાનસભ્ય અમિત સાટમે સોમવારે જણાવ્યું હતું કે ઇન્ટર્નશિપની પહેલ પાલિકાની કાર્યપ્રણાલીમાં સુધારો કરવામાં મદદ કરવા માટે નાગરી વહીવટ અને નીતિ-નિર્માણમાં યુવા વિદ્યાર્થીઓને સામેલ કરવાના હેતુથી કરવામાં આવશે.

ભારતની ઈન્ટરનેશનલ મુવમેન્ટ ટુ ધ યુનાઇટેડ નેશન્સ (આઈઆઈએમયુએન) દ્વારા અહીં વાય. બી. ચવ્હાણ સેન્ટર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં સાટમે પ્રથમ વખતના મતદારો સાથે વાતચીત કરી હતી.

જેન-ઝીમાં સામાન્ય રીતે ૧૯૯૦ના દાયકાના મધ્યથી અંત સુધી ૨૦૧૦ના દાયકાની શરૂઆતમાં જન્મેલા વ્યક્તિઓનો સમાવેશ થાય છે. તેઓ 'ડિજિટલ નેટિવ્સ' તરીકે પણ ઓળખાય છે, જે ઇન્ટરનેટ અને મોબાઇલ ટેકનોલોજી સાથે ઉછર્યા છે.

સાટમે જણાવ્યું હતું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ યોજાય તે પછી, મુંબઈના ૨૪ વહીવટી વોર્ડ માટે બે અને બીએમસી હેડક્વાર્ટરમાં બે, એમ ૫૦ ઇન્ટર્નની ભરતી કરવામાં આવશે.

'જાહેર નીતિ અને વહીવટમાં તાલીમ પામેલા પસંદ કરાયેલા ઇન્ટર્ન, નાગરી પ્રણાલીઓનું નિરીક્ષણ કરશે, સુધારા સૂચવશે અને શહેરી આયોજન અને શાસનને મજબૂત બનાવવા માટે સંશોધન પત્રો તૈયાર કરશે,' એમ તેમણે કહ્યું હતું.

ભાજપના નેતાએ મુંબઈમાં વારંવારના પૂરની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે આઈઆઈટી અને વીજેટીઆઈના નિષ્ણાતોનો સમાવેશ કરીને એક અભ્યાસ જૂથની રચના કરવાની પણ જાહેરાત કરી હતી.

'આ પેનલ ભૂતપૂર્વ મ્યુનિસિપલ કમિશનરો અને વરસાદી પાણીના નિકાલ વિભાગના ભૂતપૂર્વ મુખ્ય ઇજનેરો સાથે સલાહ-મસલત કરશે, શહેરની ભૂગોળ અને વરસાદનું વિશ્લેષણ કરશે અને અસરકારક પૂર નિવારણ યોજનાઓ ઘડવા માટે સમાન હવામાન પેટર્ન ધરાવતા અન્ય વૈશ્વિક શહેરો સાથે તેની તુલના કરશે,' એમ તેમણે ઉમેર્યું હતું. ■


પરદેશ પાર્સલ સેવા
CHIPS LOGISTICS PVT. LTD
Sp. Festival Rates
INTERNATIONAL COURIER
UK 21+ 350/-
USA 21+ 550/-
M.76000 65632
M.76008 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai


# વોર્ડ રચનાને ચૂંટણી પંચની મંજૂરી

મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે મુંબઈ મહાનગર પાલિકાની આગામી ચૂંટણી માટે વોર્ડની સીમાઓને મંજૂરી આપી દીધી છે. અંતિમ વોર્ડ માળખું મહારાષ્ટ્ર સરકારના ગેઝેટમાં પ્રકાશિત કર્યા બાદ સોમવારે મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કરવામાં આવ્યું હતું.

અધિકારીઓએ આપેલી જાણકારી અનુસાર ચોથી સપ્ટેમ્બરની સમયમર્યાદા પહેલા કુલ ૪૯૨ સૂચનો અને વાંધા મળ્યા હતા. વોર્ડની રચનાને અંતિમ સ્વરૂપ આપતા પહેલા આયોગે ૧૧ સપ્ટેમ્બરથી ૧૩ સપ્ટેમ્બરની વચ્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી.

રાજ્ય ચૂંટણી પંચે અગાઉ ૨૨ ઑગસ્ટે સીમાંકન સૂચનાનો મુસદ્દો પ્રકાશિત કર્યો હતો. એમાં મહાનગરપાલિકાના વોર્ડની સૂચિત ભૌગોલિક સીમાઓની રૂપરેખા આપવામાં આવી હતી અને લોકો પાસેથી સૂચનો અને વાંધાવચકા મંગાવવામાં આવ્યા હતા. મુંબઈ મહાનગરપાલિકા સહિત મહારાષ્ટ્રના વિવિધ નગરપાલિકાઓની ચૂંટણી આ વર્ષના અંત સુધીમાં યોજાવાની સંભાવના છે. (પીટીઆઈ)■

# શિલફાટા રોડ પર સોનારપાડા ખાતે મેટ્રોનો લોખંડનો થાંભલો વળી ગયો

ડોંબિવલી : કલ્યાણ શિલફાટા રોડના સોનારપાડા વિસ્તારમાં ડોંબિવલી અર્બન કોઓપરેટિવ બેંકના મુખ્યાલયની ઇમારતની સામે મેટ્રો લાઇન પર રવિવારે કામ ચાલી રહ્યું હતું, ત્યારે મેટ્રો લાઇનના એક થાંભલામાં રહેલા લોખંડના સળિયા અચાનક એક દિશામાં વળી ગયા હતા. મેટ્રો કામદારોને આ વાતની જાણ થતાં જ, મેટ્રો કોન્ટ્રાક્ટરની સૂચના મુજબ આ વિસ્તારમાં ટ્રાફિક થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. આધુનિક સામગ્રીની મદદથી રાતે વળી ગયેલા લોખંડના સળિયાના થાંભલાને ફરીથી સીધો કરવામાં આવ્યો હતો.



એમએમઆરડીએ છેલ્લા દોઢ વર્ષથી કલ્યાણ શિલફાટા રોડ પર કલ્યાણથી તલોજા મેટ્રો લાઇનના નિર્માણ પર કામ કરી રહી છે. આ કામ કટાઈથી સોનારપાડા, ગોલાવલી અને કલ્યાણના બૈલબજાર અને શિવાજી ચોક વચ્ચે ચાલી રહ્યું છે. રવિવારે રાતે, કલ્યાણ શિલફાટા રોડના સોનારપાડા વિસ્તારમાં ડોમ્બિવલી અર્બન કોઓપરેટિવ બેંકના મુખ્યાલયની ઇમારતની સામે, મેટ્રો લાઇનના કામદારોએ જોયું કે છેલ્લા અઠવાડિયાથી મેટ્રો લાઇન માટે રસ્તાની વચ્ચે ઉભા કરાયેલા સિમેન્ટના થાંભલામાં ૧૫ થી ૨૦ ફૂટ ૧૪૫ નંબરનો ઊંચો બાર રસ્તાની પશ્ચિમ બાજુ તરફ વળી રહ્યો હતો. મેટ્રોના સપોર્ટ પિલરમાં લોખંડના સળિયા એક તરફ ઝૂકી રહ્યા હોવાનું ધ્યાન પડતાં જ, જોખમ ટાળવા માટે, કોલસેવાડી ટ્રાફિક વિભાગના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સચિન સેંડભોરના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસે સોનારપાડા વિસ્તારમાં જ્યાં લોખંડના સળિયા ઝૂકી રહ્યા હતા ત્યાં થોડા સમય માટે ટ્રાફિક બંધ કરી દીધો હતો. ■

# હૅંકોક બ્રિજ ૧૦ વર્ષથી 'અધ્ધર લટકે' છે

## અસરગ્રસ્તોનું પુનર્વસન બાકી હોવાથી વિલંબ

મુંબઈ: દક્ષિણ મુંબઈના સેન્ડહર્સ્ટ રોડ અને ભાયખલા વચ્ચેના હૅંકોક બ્રિજના નવેસરથી બાંધકામને દસ વર્ષ થવા આવ્યા તો પણ બ્રિજનું બાંધકામ હજુ પૂરું નથી થયું. બાકી રહેલા હિસ્સો ક્યારે પૂર્ણ થશે એનો જવાબ કોઈ પાસે નથી. મુંબઈ મહાનગરપાલિકાએ શહેરમાં મોટાભાગના પુલ પૂર્ણ કરવા માટે પોતાની પીઠ થપથપાવી છે ત્યારે આ બ્રિજ સામે સફેદ શર્ટ પરના ડાઘ જેવો લાગે છે. મોટી સંખ્યામાં મ્હાડા ઇમારતો બાધા બની રહી છે અને આયોજનના અભાવને કારણે અટવાયેલા પ્રોજેક્ટના ઉદાહરણ તરીકે હેન્કોક બ્રિજને ટાંકી શકાય છે.

છેલ્લા બે-ત્રણ વર્ષમાં મુંબઈ મહાનગરપાલિકાએ રસ્તાઓને કોંક્રિટાઇઝ કરવાનું શરૂ કર્યું છે, કોસ્ટલ પ્રોજેક્ટનું નિર્માણ પૂર્ણ કર્યું છે, લોઅર પરેલ બ્રિજ, ગોખલે બ્રિજ, વિક્રોલી બ્રિજ, કર્નાક બ્રિજનું નિર્માણ પૂર્ણ કર્યું છે. વર્સોવા-દહિસર લિંક રોડ, ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ જેવા કેટલાક મોટા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા હતા. જોકે, પાલિકા હેન્કોક બ્રિજ તૈયાર નથી કરી શકી એ હકીકત છે. સૂત્રોએ જણાવ્યું હતું કે હૅંકોક બ્રિજ જોખમી ન હોવા છતાં રેલવેએ તેને તોડી પાડ્યો. ■

# ગીધના માળાને શોધો રૂ. બે હજાર મેળવો

## થાણે પાલિકાની અનોખી પહેલ

બદલાપુર: દર વર્ષની જેમ વન્યજીવન સંરક્ષણ અને સંવર્ધન અંગે જનજાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં વન્યજીવન સપ્તાહ ૨૦૨૫ ઉજવવામાં આવી રહ્યો છે.

આ પૃષ્ઠભૂમિ સામે થાણેમાં એક અનોખી અને ઉપયોગી પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે. 'ગીધ માળો શોધ સ્પર્ધા' હેઠળ નાગરિકોને થાણેમાં રહેલ ગીધના માળાઓ શોધી કાઢવાના છે. આવા માળાઓ ઓળખીને સ્થાનિક વન વિભાગના કર્મચારીઓને બતાવનાર દરેક વ્યક્તિને ૨,૦૦૦ રૂપિયાનું રોકડ ઇનામ આપવામાં આવશે. છેલ્લાં બે દાયકામાં ગીધની સંખ્યામાં થયેલો ભયાનક ઘટાડો માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ચર્ચા અને ચિંતાનો વિષય બન્યો છે. જંતુનાશકોના ઉપયોગ, રહેઠાણનો અભાવ અને પર્યાવરણીય અસંતુલનને કારણે ગીધ લુપ્ત થવાના આરે પહોંચી ગયા છે. આવી સ્થિતિમાં, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ગીધના અસ્તિત્વને ઓળખવાનો, તેમના માળાઓ શોધવાનો અને તેમનું રક્ષણ કરવાનો છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા નાગરિકોએ તેમના વિસ્તારમાં ગીધના માળાઓ શોધીને સંબંધિત વન વિભાગના સ્ટાફને તેની જાણ કરવી જોઈએ. ■

# પરીક્ષામાં કોપી કર્યાની શંકા પરથી પ્રિન્સિપાલે લાફો મારી દેતાં વિદ્યાર્થિનીએ કરી આત્મહત્યા

નવી મુંબઈ: નવી મુંબઈની એક શાળામાં છ માસિક પરીક્ષામાં કોપી કર્યાની શંકા પરથી પ્રિન્સિપાલે બધાની સામે વિદ્યાર્થિનીને લાફો મારી દીધો હતો. આ અપમાન સહન ન થતાં વિદ્યાર્થિનીએ તેના ઘરમાં ગળાફાંસો ખાધો હતો. શાળામાં શું બન્યું હતું તે જાણવા માટે વિદ્યાર્થિનીનાં માતા-પિતાએ તેની બહેનપણીને પૂછ્યા બાદ ઘટના સામે આવી હતી. વિદ્યાર્થિનીની માતાએ આ પ્રકરણે પોલીસ ફરિયાદ નોંધાવતાં પ્રિન્સિપાલ સામે ગુનો દાખલ કરાયો હતો.

ઐરોલીમાં રહેતી અને દસમા ધોરણમાં ભણતી ૧૬ વર્ષની વિદ્યાર્થિની ૩ ઑક્ટોબરે શાળામાં પરીક્ષા આપીને સાંજે ઘરે આવી હતી. એ દિવસે મરાઠીનું પેપર હતું. વિદ્યાર્થિની ઘરે આવી ત્યાં તેની આંખ લાલ દેખાતાં માતાએ પૃચ્છા કરી હતી. જોકે પોતે રડી નહોતી, પણ મોબાઇલ જોતી હોવાથી આંખ લાલ થઇ હશે, એવું તેણે માતાને કહ્યું હતું. તે બાદમાં માળિયા પર જતી રહી હતી. ઘણો સમય વીતી ગયા છતાં વિદ્યાર્થિની નીચે ન આવતાં કાકીએ તેને રાતે જમવા માટે નીચે બોલાવી હતી, પણ તે આવી નહોતી. આથી કાકીએ માળિયા પર જઇ રૂમનો દરવાજો ખટખટાવ્યો હતો, પણ અંદરથી કોઇ પ્રતિસાદ મળ્યો નહોતો. આથી દરવાજો તોડવામાં આવતાં વિદ્યાર્થિની બેડશીટની મદદથી પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. વિદ્યાર્થિની ૩ ઑક્ટોબરે શાળામાં પરીક્ષા આપવા ગઇ હતી ત્યારે તેની બેન્ચ નીચે કાપલી મળી આવી હતી. પરીક્ષામાં કોપી કર્યાની શંકા પરથી પ્રિન્સિપાલ દેશમુખ મેડમે અન્ય પરીક્ષાર્થીઓની સામે વિદ્યાર્થિનીનું અપમાન કર્યું હતું અને તેને લાફો માર્યો હતો. અપમાન સહન ન થતાં તેણે ઘરમાં ગળાફાંસો ખાધો હતો, એવો આક્ષેપ વિદ્યાર્થિનીની માતાએ ફરિયાદમાં કર્યો હતો. ■

# ભિવંડીમાં કેમિકલ યુનિટ અને કુરિયર કંપનીમાં ભીષણ આગ: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના ભિવંડી વિસ્તારમાં નાશિક હાઈવે પર આવેલા એક કેમિકલ ગોડાઉન સહિત એક કુરિયર કંપનીના ગોડાઉનમાં રવિવારે મોડી રાતે ભીષણ આગ લાગી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે નાશિક હાઈવે પર ભિવંડીના લોનાદ ગામમાં સાવદ નાકા પાસે પેરાડાઈસ કેમિકલ કંપનીનું અને શાડોફૉક્સ કુરિયર કંપનીનું ગોડાઉન આવેલું છે. રવિવારે રાતના ૯.૪૫ વાગે આ બંને ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી.

ગોડાઉનમાં મોટા પ્રમાણમાં કેમિકલનો જથ્થો હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી અને દૂર દૂર સુધી તેમાંથી નીકળી રહેલા ધુમાડો દેખાઈ રહ્યા હતા, જેને કારણે વિસ્તાર ગભરાટ વ્યાપી ગયો હતો. એ સિવાય તેની પાસે જ આવેલા કુરિયર કંપનીના ગોડાઉનમાં પણ આગ ફાટી નીકળી હતી.

ઘટના સ્થળે ભિવંડી ફાયરબ્રિગેડના એક ફાયર એન્જિન સહિત કલ્યાણ-ડોંબિવલી ફાયર બ્રિગેડ પાસેથી મેળવેલા બે ફાયર ફાઈટિંગ વેહિકલ વાહનો સહિત ઉલ્હાસ નગર ફાયરબ્રિગેડ તેમ જ જિંદાલ કંપનીની ખાનગી ફાયર વેહિકલને બોલાવવામાં આવ્યા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ બુઝાવવા માટે ખાનગી પાણીના ટેન્કરો પણ કામે લગાડ્યા હતા.

આખી રાત ફાયરબ્રિગગેડની કામગીરી ચાલુ હતી. જ્યાં આગ લાગી હતી તે એક માળનું ગોડાઉન હતું. યુનિટમાં ફકત કેમિકલ હતા કે અન્ય વસ્તુઓને સમાવેશ તે જાણી શકાયું નહોતુ. સોમવારે સવારના પણ મોડે સુધી આગ બુઝાવવાની કામગીરી ચાલી હતી. તે છેક સોમવારે બપોરના ત્રણ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. ■

# પરભણી-બીડમાં છ ખેડૂતની આત્મહત્યા, પરંતુ સરકારે હજુ કેન્દ્ર પાસેથી મદદ માગી નથી: એનસીપી-એસપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર એનસીપી (એસપી)ના રાજ્ય એકમના પ્રમુખ શશિકાંત શિંદેએ સોમવારે જણાવ્યું હતું કે છેલ્લા એક અઠવાડિયામાં પરભણી-બીડના પટ્ટામાં છ ખેડૂતોએ આત્મહત્યા કરી હોવા છતાં દેવેન્દ્ર ફડણવીસ સરકારે પૂરથી થયેલા નુકસાનને પહોંચી વળવા માટે કેન્દ્ર પાસેથી રાહત પેકેજ ન માગ્યું હોવા બાબતે રાજ્ય સરકારની ટીકા કરી હતી.

રાજ્ય સરકારે હજુ સુધી કેન્દ્રીય રાહત પેકેજ માટે પ્રસ્તાવ પણ રજૂ કર્યો નથી એમ તેમણે જાલનામાં પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં, ખાસ કરીને મરાઠવાડામાં ૨૦ સપ્ટેમ્બર પછી ઘણા દિવસો સુધી ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે હજારો હેક્ટરથી વધુ પાકને નુકસાન થયું હતું અને લાખો ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા.

'ગયા અઠવાડિયાના અંતે, પરભણી-બીડના પટ્ટામાં છ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ભારે નુકસાન સહન કરનારા પૂરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક સહાય આપવામાં વિલંબ થયો છે,' એવો દાવો તેમણે કર્યો હતો. ખેડૂતોને છેતરતી ખાંડ મિલોને સરકાર દ્વારા રક્ષણ આપવામાં આવી રહ્યું છે, એવો આરોપ શિંદેએ લગાવ્યો હતો. ■

# ગેરકાયદે અટકાયત માટે મેજિસ્ટ્રેટના પગારમાંથી આરોપીને વળતર આપવાનો હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે જળગાંવ જિલ્લામાં ૨૦ વર્ષ યુવક વિરુદ્ધ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલા અટકાયતના આદેશને ગેરકાયદેસર અને સત્તાનો ખોટો વપરાશ ગણાવીને રદ કરી મહારાષ્ટ્ર સરકારને વળતર તરીકે બે લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો.આ રકમ અટકાયતનો આદેશ આપનાર મેજિસ્ટ્રેટના પગારમાંથી વસૂલવામાં આવશે એમ પણ હાઈ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.

અદાલતે જણાવ્યું હતું કે અટકાયતના આદેશને પરિણામે વ્યક્તિને ગેરકાયદેસર અટકાયતમાં રાખવામાં આવતા તેના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોને અસર થઈ છે. દીક્ષાંત સપકાળ નામની વ્યક્તિએ હાઈ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં દાવો કર્યો હતો કે જુલાઈ ૨૦૨૪માં પસાર કરાયેલ અટકાયતનો આદેશ તેને તાત્કાલિક આપવાને બદલે આ વર્ષે મે મહિનામાં અન્ય કેસમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો ત્યારે સોંપવામાં આવ્યો હતો. જામીન પર મુક્ત થતાંની સાથે જ આ અટકાયતના આદેશના આધારે તેને ફરી કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

ન્યાયમૂર્તિ વિભા કંકનવાડી અને ન્યાયમૂર્તિ હિતેન વેનેગાવકરની ખંડપીઠે પહેલી ઓક્ટોબરે આપેલા આદેશમાં કહ્યું હતું કે ઘણા મહિનાઓ સુધી અટકાયતનો આદેશ પેન્ડિંગ રાખવો અને જેલમાંથી છૂટવાના સમયે વ્યક્તિને આપવો એ સત્તાનો ખોટો ઉપયોગ છે. કોર્ટે મહારાષ્ટ્ર સરકારને સપકાળને વળતર તરીકે ૨ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપતા કહ્યું હતું કે અટકાયત કરનાર ઓથોરિટી પર ખર્ચ લાદવા માટે આ યોગ્ય કેસ છે. (પીટીઆઈ)■

# ભારે વરસાદથી પ્રભાવિત ખેડૂતોની માગણીઓ માટે ઉદ્ધવ ઠાકરેની મેદાનમાં ઊતરવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી) પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે ભારે વરસાદના મુદ્દે આક્રમક હોવાનો સંદેશ આપવા માટે 'હંબરડા મોરચા'માં ભાગ લેશે. આ પ્રસંગે શિવસેનાના નેતા અંબાદાસ દાનવેએ ખોરવાયેલા સંગઠનાત્મક માળખાને વેગ આપવા માટે ગામડાઓમાં સભાઓ યોજવાની તૈયારી કરી લીધી છે. જોકે, ભાજપ હવે શિવસેનાના હેતુ પર જ સવાલ ઉઠાવી રહ્યું છે. ભાજપના જિલ્લા પ્રમુખ કિશોર શિતોલેએ એવી ટીકા કરી હતી કે ઠાકરેનો પ્રેમ ભત્રીજા અને કાકી જેવો છે.

એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે વિભાગીય સ્તરે 'હંબરડા મોરચા' યોજવાનો હેતુ ખેડૂતોની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો નથી. ઉદ્ધવ ઠાકરે પોતે મોરચામાં ભાગ લેશે, તેથી ગ્રામ્ય સ્તરે સભાઓ શરૂ કરવામાં આવી છે. અંબાદાસ દાનવેએ ગંગાપુર, સંભાજીનગર શહેર અને વિવિધ તાલુકાઓની મુલાકાત લીધી છે અને પદાધિકારીઓ સાથે બેઠકો યોજી છે. ૧૧ ઓક્ટોબરે યોજાનારી આ કૂચ શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે સંપર્ક સ્થાપિત કરશે. મરાઠવાડાના તમામ જિલ્લાઓમાં આ કાર્યક્રમ યોજાશે. શિવસેનાના નેતા ચંદ્રકાંત ખૈરેએ જણાવ્યું હતું કે મરાઠવાડામાં શિવસેનાના ટોચના નેતાઓ, વિધાનસભ્યો અને સાંસદો આ કૂચમાં ભાગ લેશે. મરાઠવાડામાં છેલ્લા કેટલાક દિવસોથી મોટી કટોકટી ચાલી રહી છે. ખેડૂતોને તેમાંથી બહાર નીકળવામાં સરકારે મદદ કરવી જોઈએ તેવી માગણીને આગળ ધપાવવા માટે 'આંદોલન' કરવાની જરૂર હતી. ખેડૂતો તરફથી આ માટેની માગણી જોરશોરથી કરવામાં આવી રહી છે. ■

# મોટર સાઇકલસવારોએ ક્રાઇમ બ્રાન્ચના કોન્સ્ટેબલ પર હુમલો કર્યો

પુણેઃ પુણેમાં લૉ કોલેજમાં રવિવારે મોડી રાતે બનેલી રોડ રેજની ઘટના બાદ બે અજાણ્યા શખસે ક્રાઇમ બ્રાન્ચના કોન્સ્ટેબલ પર હુમલો કર્યો હતો, જેમાં તેના માથામાં ગંભીર ઇજા થઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. કોન્સ્ટેબલની ઓળખ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના અમોલ કાટકર તરીકે થઇ હતી. અમોલ કાટકર રવિવારે મોડી રાતે એક વાગ્યાની આસપાસ ઘરે જઇ રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે મોટરસાઇકલ હંકારી રહેલા બે જણ સાથે તેનો વિવાદ થયો હતો. વિવાદ ઉગ્ર બનતાં બંને જણે કાટકરના માથામાં લાઠીથી હુમલો કર્યો હતો.

## સંસ્થા સમાચાર

### શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી જૂનાગઢમાં યોજાયો નિઃશુલ્ક પશુ શસ્ત્રક્રિયા કેમ્પ



સૌરાષ્ટ્રના અનેક ગામમાંથી આવેલાં કેન્સરગ્રસ્ત, વિવિધ રોગગ્રસ્ત એવા ૧૦૮થી વધુ અબોલ પશુઓની ૧૦૦થી વધુ નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા અદ્યતન સુવિધા સાથેની જટિલ શસ્ત્રક્રિયા કરીને શાતા પમાડવામાં આવી. ૧૦૮થી વધુ ગંભીર રોગગ્રસ્ત અબોલ પશુઓને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી જૂનાગઢમાં યોજાયેલાં બે દિવસીય નિઃશુલ્ક પશુ શસ્ત્રક્રિયા કેમ્પમાં શસ્ત્રક્રિયા દ્વારા વેદના મુક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પરમ ગુરુદેવની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા પારસધામ ગિરનારના ઉપક્રમે પશુપાલન શાખા -ગુજરાત સરકારના સહયોગે તારીખ ચાર અને પાંચ ઓક્ટોબર બે દિવસ માટે આયોજિત કરવામાં આવેલા આ શસ્ત્રક્રિયા કેમ્પમાં જૂનાગઢ, અમરેલી, પોરબંદર, ગીર, સોમનાથ, માળિયા, માંગરોળ, કેશોદ, વંથલી, ભેંસાણ, વેરાવળ આદિ ક્ષેત્રોથી અગાઉથી રજિસ્ટર કરાવીને અંડાશયના રોગ, શિંગડાંના કેન્સર, તણછ રોગ, હર્નીયા, સ્તન કેન્સર, રસોડી -ગાંઠ, પગના ટ્યૂમર, જેવા પીડાકારી રોગોથી રિબાતી ગાયો, ભેંસો, વાછરડાંઓ, ડોગીઓ જેવા પ્રાણીઓને લાવી તેમની અત્યંત જટિલ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના પશુપાલન વિભાગના અધિકારીઓ ડો. ભરતસિંહ ગોહિલ સાહેબ - વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક - રાજકોટ, ડો. દિલીપ પાનેરા - નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત - રાજકોટ આદિ અનેક અધિકારીઓ, કર્મચારીઓ અને પશુધન નિરીક્ષકો તેમજ ૧૦૦થી વધુ નિષ્ણાંત ડોક્ટરો અને સર્જનોની ટીમ દ્વારા બે દિવસમાં ઓપરેશન, ઉપચાર અને યોગ્ય સારવાર દ્વારા અબોલ જીવોને શાતા સમાધિ પમાડવામાં આવી હતી.

જૂનાગઢના એમ.એલ.એ. સંજયભાઈ કોરડીયા તેમજ જૂનાગઢ કમિશનરના તેજસભાઈ પરમારના હસ્તે આ કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૩૨૮/બી)

### ૧૦. મહિલાઓ માટે

**પ્રીતી સાબુ દીવાળી ઓફર**
**ઓર્ડર બુક કરાવો અને વિવિધ ઉપયોગી આકર્ષક ભેટ મેળવો. ૦૨૨-૨૩૦૫૪૦૦૦. (૩૦૬)**

### ૧૪. નોકરી ખાલી છે

■ ગૃહિણીઓ, નિવૃત્ત, વરિષ્ઠ નાગરિકો માટે બોરીવલીમાં પ્રતિષ્ઠિત કંપની સાથે વ્યવસાય કરવાની સુવર્ણ તક 9820877751. (બી-૧૬૫૫૯)

### ૧૭. જગ્યા આપવી છે

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

■ ધંધા-ઉદ્યોગ તથા બિલ્ડરોની માર્કેટિંગ વધારવા માટે વૈજ્ઞાનિક સંશોધન પર આધારિત માર્ગદર્શન આપવામાં આવશે. સંપર્ક: 9004666006. (એસડીબી-૨૮૯૩)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**
એક્સપ્રેસ કુરિયર કંપનીઃ અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ. દિવાળી ફરાળ, કપડાં. હોમ ડિલિવરી સેવા. પીકઅપ: 7738371832. (બી-૧૬૫૬૨)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


મનોરી ડિસેલિનેશન પ્લાન્ટ

# કંપનીએ પાલિકાના અંદાજિત બજેટ કરતાં ૨૬ ટકા વધુ રકમની બોલી લગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દોઢ વર્ષથી વધુ સમયના સતત પ્રયાસ બાદ આખરે પશ્ચિમ ઉપનગરના મનોરી ગામમાં મુંબઈ મહાનગરપાલિકાના મહત્ત્વાકાંક્ષી ડિસેલિનેશન પ્લાન્ટની પહેલ આખરે આગળ વધી રહી છે. હૈદરાબાદ સ્થિત કંપનીએ સૌથી ઓછી બોલી લગાવનાર કંપની તરીકે આગળ આવી છે પણ તેની કિંમત પાલિકાના અંદાજિત બજેટ કરતા ૨૬ ટકાથી વધુ છે. આ કંપનીને કામ આપતા પહેલા જોકે ટેક્નિકલ એડવાઈઝરી કમિટી કંપની સાથે વાટાઘાટ કરીને કિંમતમાં રહેલી વિસંગતતાની તપાસ કરવામાં આવશે, જેથી કરીને પાલિકાએ નક્કી કરેલા બજેટમાં કંપની કામ કરવા તૈયાર થાય.

પાલિકાએ ચાર ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મનોરી ગામમાં ૧૨ હેક્ટરના પ્લોટ પર ડિસેલિનેશનલ પ્લાન્ટ નિર્માણ માટે ટેન્ડર બહાર પાડ્યું હતું. ચાર અસફળ પ્રયાસ બાદ આ પ્રોજેક્ટમાં આખરે અનેક કંપનીઓએ રસ બતાવ્યો હતો, જેમાં જીવીપીઆર એન્જિનિયર્સ લિમિટેડે સૌથી ઓછી બોલી લગાવનાર કંપની તરીકે ઊભરી આવી છે. કંપની પહેલાથી ઘાટકોપરના સીવેજ પ્લાન્ટની ડિઝાઈન, બાંધકામ અને સંચાલનમાં રોકાયેલી છે, જ્યાં પ્રતિ દિવસ ૩૩૭ લિટર પાણી પર પ્રક્રિયા કરવામાં આવવાની છે.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજીત બાંગરે જણાવ્યું હતું કે ટેક્નિકલ એડવાઈઝરી કમિટી કંપની દ્વારા બોલીમાં લગાવેલી રકમની સમીક્ષા કરાશે, જેથી તેની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરી શકાય. તેમના તારણના આધારે અમે તે મુજબ વાટાઘાટ આગળ વધારશું. મનોરી ખાતે પ્રસ્તાવિત ડિસેલિનેશન પ્લાન્ટની પ્રારંભિક ક્ષમતા ૨૦૦ એમએલડી હશે, જે ૪૦૦ એમએલડી સુધી વધારી શકાય છે. અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ અગાઉ ૨,૦૦૦ કરોડ રૂપિયા હતો તે હવે વધીને રૂપિયા ૩,૫૦૦ કરોડ થઈ ગયો છે, જે પ્રારંભિક ટેન્ડર અંદાજિત રકમથી વધુ છે.

પાલિકાએ ૨૬ જુલાઈના વર્સોવામાં ત્રણ લગૂન સાથે સાત એકર સાઈટ પર પ્રસ્તાવિત તેના બીજા ડિસેલિનેશન પ્લાન્ટ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (કામ માટે ઈચ્છુક કંપનીઓને આમંત્રી) આમંત્રિત કર્યા હતા. આ પ્રોજેક્ટ ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર મૉડેલ હેઠળ અમલમાં મૂકવામાં આવશે. આ વ્યવસ્થા હેઠળ ખાનગી ડેવલપર પર મૂડી ખર્ચનું ભંડોળ પૂરું પાડશે. જ્યારે પાલિકા પ્રક્રિયા કરેલા પાણી માટે પ્રતિ કિલોલીટર દર ચૂકવશે. બિડ સબમીટ કરવાની અંતિમ તારીખ ૧૧ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

## જમીનના સોદામાં કોન્ટ્રેક્ટર સાથે છ લાખની છેતરપિંડીઃ માતા-પુત્ર સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં જમીનના સોદામાં કોન્ટ્રેક્ટર સાથે છ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર માતા-પુત્ર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસના જણાવ્યા અનુસાર આરોપી મીના મહેન્દ્ર મ્હાત્રે અને તેના પુત્ર મનીષે જુલાઇ, ૨૦૧૮માં ફરિયાદી કોન્ટ્રેક્ટરનો સંપર્ક સાધ્યો હતો અને તેમની પૈતૃક જમીનનો એક ભાગ વેચવાની તેને ઓફર કરી હતી. બંનેએ સાત વર્ષમાં ફરિયાદી પાસેથી રોકડ તથા ચેકથી છ લાખ રૂપિયા લીધા હતા અને ભાયંદર ખાતે સાત લાખ રૂપિયાના પ્લોટના વેચાણ દસ્તાવેજો કરાવવાની ખાતરી આપી હતી.

જોકે તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે આરોપીઓએ એ પ્લોટ અગાઉથી પોતાના એક સંબંધીને ટ્રાન્સફર કરી દીધો હતો. (પીટીઆઇ)

## થાણેમાં લાંચના કેસમાં ડેપ્યુટી કમિશનર સહિત ત્રણને અદાલતી કસ્ટડી ફટકારાઇ

થાણેઃ થાણેમાં લાંચના કેસમાં ધરપકડ કરાયેલા પાલિકાના ડેપ્યુટી કમિશનર શંકર પાટોળે સહિત ત્રણ જણને કોર્ટે સોમવારે અદાલતી કસ્ટડી ફટકારી હતી.

શંકર પાટોળે, ડેટા ઓપરેટર ઓમકાર ગાયકર તેમ જ સુશાંત સુર્વેની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી સોમવારે ત્રણેયને એડિશનલ સેશન્સ જજ એસ.એસ. શિંદે સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. આ કેસની તપાસ કરી રહેલા એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ ત્રણેયની પોલીસ કસ્ટડી વધારી આપવાની માગણી કરી નહોતી. ત્રણેય જણની જામીન અરજી પર ૮ ઑક્ટોબરે સુનાવણી હાથ ધરવામાં આવશે. એસીબીના અધિકારીઓએ ૧ ઑક્ટોબરના રોજ થાણે પાલિકા મુખ્યાલયમાં કાર્યવાહી કરી હતી અને પાટોળે તથા ગાયકરની ધરપકડ કરી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર સરકાર

અહેવાલો પ્રકાશિત થયા તેના પર બોલતાં સુપ્રિયા સુળેએ કહ્યું હતું કે ''મને બિલકુલ નવાઈ લાગતી નથી કેમ કે છેલ્લા દોઢ વર્ષથી હું સતત કહી રહી છું કે રાજ્યની આર્થિક સ્થિતિ સારી નથી.

'રાજ્ય સરકાર પર આર્થિક સ્થિતિનો બોજ જોવા મળી રહ્યો છે. એક પછી એક યોજનાઓ બંધ કરવામાં આવી રહી છે. ગયા વર્ષે, લાડકી બહીણ યોજના ખૂબ જ ધામધૂમથી શરૂ કરવામાં આવી હતી, પરંતુ આજે, જો તમે જુઓ, તો પ્રથમ તબક્કામાં ૨૫ લાખ લાભાર્થીઓના નામ કાઢી નાખવામાં આવ્યા છે,' એમ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખે કહ્યું હતું.

'આનંદચા શિધા' બંધ કરી દેવામાં આવ્યું છે. મેં રાજ્યના પ્રધાન છગન ભુજબળનું એક નિવેદન વાંચ્યું છે કે તેમને નાણાં વિભાગ તરફથી આ યોજના માટે આવશ્યક મંજૂરી મળી નથી, એમ પણ સુપ્રિયા સુળેએ કહ્યું હતું.

એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખે કહ્યું હતું કે રેશન યોજના નાણાકીય તકલીફોને કારણે બંધ કરવામાં આવી છે કે કોઈ અન્ય કારણોસર, તેની ચકાસણી થવી જોઈએ.

'આટલી મહત્વપૂર્ણ પહેલને બંધ કરવામાં આવી રહી છે, દરરોજ લાડકી બહિણ યોજનામાંથી મહિલાઓના નામ કાઢી નાખવામાં આવી રહ્યા છે, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ભંડોળ મળી રહ્યું નથી, આ બધું શું સૂચવે છે કે રાજ્યની આર્થિક સ્થિતિ સારી નથી,' એમ તેમણે જણાવ્યું હતું.

સુળેએ વધુમાં કહ્યું હતું કે રાજ્યમાં ખેડૂતોને સંપૂર્ણ કૃષિ લોન માફી આપવાની ચર્ચા થઈ રહી હતી, પરંતુ એનાથી ચિંતાજનક બાબત તો એ છે કે રાજ્ય સરકારે અતિવૃષ્ટિથી થયેલા નુકસાન અંગે કેન્દ્રને હજુ સુધી રિપોર્ટ પણ મોકલ્યો નથી.

'કેન્દ્રીય પ્રધાન અમિત ભાઈ શાહે ગઈકાલે કહ્યું હતું કે કેન્દ્ર મદદ કરવા તૈયાર છે, જો રાજ્ય રિપોર્ટ મોકલે તો. તો પછી સરકારે આટલા દિવસો રિપોર્ટ કેમ મોકલ્યો નથી?' એવો સવાલ તેમણે કર્યો હતો.

સાંસદે કહ્યું કે રાજ્યની એકંદર નાણાકીય સ્થિતિ વિશે તેઓ જે કંઈ કહી રહ્યા છે તે યોજનાઓ બંધ થવાથી સ્પષ્ટ થઈ રહ્યું છે. રાજ્ય સરકારનું નાણાકીય વ્યવસ્થાપન સંપૂર્ણપણે પડી ભાંગ્યું છે, એવો ગંભીર આરોપ તેમણે લગાવ્યો હતો.

આજે, વર્લ્ડ બેંકનું એક નિવેદન સામે આવ્યું છે જેમાં કહેવામાં આવ્યું છે કે ભારત સૌથી વધુ લોન લેનારો દેશ છે. કેન્દ્રનું નાણાકીય વ્યવસ્થાપન પણ પ્રભાવિત થયું છે, કારણ કે સારા જીએસટી કલેક્શન છતાં કર વસૂલાત યોગ્ય રીતે થઈ રહી નથી. બીજી ચિંતા એ છે કે ડોલરની સરખામણીમાં રૂપિયો દરરોજ નબળો કેમ પડી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

જ્યારે યોજનાઓ બંધ થઈ રહી છે, ત્યારે હજુ પણ ૮૦,૦૦૦ કરોડ રૂપિયાના શક્તિપીઠ એક્સપ્રેસવે બનાવવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે, એમ પણ સુળેએ જણાવ્યું હતું. આ દર્શાવે છે કે રાજ્ય સરકાર પાસે હાઇવે બનાવવા માટે ૮૦,૦૦૦ કરોડ રૂપિયા છે પરંતુ ગરીબ લોકોને 'આનંદાચા શિધા' આપવા માટે પૈસા નથી, એમ પણ તેમણે કહ્યું હતું.

### ઑક્ટોબરના અંતમાં

એરલાઇન્સે ફ્લાઈટ શરૂ કરવામાં રસ દેખાડ્યો છે અને ઇન્ડિગોએ પ્રથમ ફ્લાઇટ માટે તૈયારી દર્શાવી છે.

ઍરપોર્ટ પહોંચવા માટે અટલ સેતુ, થાણા એલિવેટેડ લાઇન અને મેટ્રો-૮નું કામ હજી પૂરું નથી થયું, પરંતુ બેલાપુર-ઉલવે કોરિડોર મારફત પ્રવેશ આપવામાં આવશે. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (એનએમએમટી) એરપોર્ટ માટે ૫૦ એર કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસો ચલાવશે. વાશી, થાણે અને મુંબઈ સીધા બસ સેવા દ્વારા જોડાઈ જશે. ઇન્ટરનેશનલ સિવિલ એવિએશન એસોસિએશનએ નવી મુંબઈ એરપોર્ટને ગ્લોબલ કોડ 'એનએમઆઈ' આપ્યો છે.

### આજથી ત્રણ દિવસ

૧૦ ટકા પાણીકાપ રહેશે.

દક્ષિણ મુંબઈમાં એ, બી, ઈ, એફ-દક્ષિણ અને એફ-ઉત્તર વોર્ડ, પૂર્વ ઉપનગરમાં એમ-પૂર્વ અને એમ-પશ્ચિમ વોર્ડ, એલ વોર્ડમાં કુર્લા પૂર્વ, એન વોર્ડમાં વિક્રોલી, ઘાટકોપર અને એસ વોર્ડમાં ભાંડુપ, નાહુર, કાંજૂરમાર્ગ અને વિક્રોલી પૂર્વ તથા ટી વોર્ડમાં મુલુંડ પૂર્વ અને પશ્ચિમમાં ૧૦ ટકા પાણીકાપ રહેશે. સંબંધિત વિસ્તારોમાં નાગરિકોને ત્રણ દિવસ દરમ્યાન પાણીનો સ્ટોક કરી રાખવાનો રહેશે. પાણીકાપ દરમ્યાન પાણીને સંભાળીને વાપરવાની અપીલ પાલિકા દ્વારા કરવામાં આવી છે.

મુંબઈ ઉપરાંત થાણેમાં પણ મંગળવારથી બુધવાર સુધીના ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. થાણે પાલિકાના જણાવ્યા મુજબ વાગળે પ્રભાગ સમિતિ અને લોકમાન્ય સાવરકર નગર પ્રભાગ સમિતિ હેઠળ આવતા ઈંદિરાનગરમાં કેન્દ્ર સરકારના અમૃત ૨.૦ પેકેજ-૨ અંતર્ગત નવા રિઝર્વિયર બાંધવામાં આવવાના છે. એ સિવાય અન્ય કામ પણ હાથ ધરવામાં આવવાના હોવાથી મંગળવાર, ૭ ઓક્ટોબરના સવારના નવ વાગ્યાથી બુધવાર, ૮ ઑક્ટોબરના સવારના નવ વાગ્યા સુધીના ૨૪ કલાક પાણીપુરવઠો બંધ રહેશે.

### આનંદાચા શિધા

કરી હતી. ચૂંટણી પછી સત્તામાં આવતાની સાથે જ નાણાકીય કટોકટીને કારણે ઘણી લોકપ્રિય યોજનાઓમાં કાપ મુકાવા લાગ્યો.

એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકારે શિવ જયંતિ, ગુડી પડવા, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિ, ગણેશોત્સવ અને દશેરા-દિવાળીના તહેવારો દરમિયાન સામાન્ય માણસને રાશન પૂરું પાડ્યું હતું.

સફેદ રેશનકાર્ડ ધારકો સિવાય દરેક રેશનકાર્ડ માટે એક કિલો પામ તેલ, રવો, ચણાની દાળ અને ખાંડ એમ ચાર વસ્તુઓ ૧૦૦ રૂપિયામાં આપવામાં આવી હતી. એક કરોડ ૭૨ લાખ રેશનકાર્ડ ધારકોએ તેનો લાભ લીધો હતો. જોકે, વિધાનસભા ચૂંટણી અને મહાયુતિ સરકાર સત્તામાં આવ્યા પછી, આનંદ રાશન યોજના માટે કોઈ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું નથી. મુખ્યમંત્રી કાર્યાલય દરેક તહેવારના દોઢ મહિના પહેલા ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગને સૂચના આપે છે, ત્યારે પ્રધાનમંડળમાં દરખાસ્ત રજૂ કરવામાં આવે છે અને ૬૦૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવે છે. તે પછી, ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા બાદ ભંડોળનું વિતરણ કરવામાં આવે છે. ઉચ્ચ કક્ષાના સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી કાર્યાલયને હજુ સુધી કોઈ સૂચના મળી નથી, તેથી આ વર્ષે દિવાળી દરમિયાન આનંદના શિધાના વિતરણ માટે ભંડોળનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો નથી.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**
મુંબઈ વતની હાલ વડોદરા નિવાસી સુરેશભાઈ ગોકળદાસ સોમૈયા (ઉં. વ. ૭૯) તે તા. ૪/૧૦/૨૫ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.પ્રભાવતી ગોકળદાસ સોમૈયાના પુત્ર. તે જ્યોત્સ્ના બેનના પતિ. તે કેતનભાઈના પિતાશ્રી. તે વિહાનના દાદા. તે ભાગ્યશ્રીના સસરા

**ઘોઘારી મોઢ વણિક**
રાણપુર નિવાસી, હાલ કાંદીવલી, ભુપેન્દ્રભાઈ પોપટલાલ શાહ, (ઉં. વ. ૮૨) તા. ૦૨/૧૦/૨૫ ગુરુવારના અક્ષરનિવાસી થયા છે. તે રમીલાબેનના પતિ. સ્વ.પ્રવીણભાઈ, કિરીટભાઈ, સુરેશભાઈ, યશુમતીબેન, તરુલતાબેનના ભાઈ. મનીષ, નીપા, ઝંખનાના પિતાશ્રી. કોમલ, પરેશ, ધર્મેશના સસરા. રમેશભાઈ હિંમતલાલ વડોદરિયાના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બ્લોક ૨, ગોપાલ બાગ, શાંતિલાલ મોદી ક્રોસ રોડ-૨,ઇરાની વાડી, કાંદીવલી વેસ્ટ.

**ખંભાત દશા શ્રીમાળી વૈષ્ણવ વણીક**
અમારા પિતા શ્રી વસ્તુપાળ ઠાકોરદાસ થાણાવાળા શુક્રવાર, ૩ ઓક્ટોબર ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સંદીપ અને શ્વેતા, પાર્થિવ અને કેતના, અનુજ અને નેહા. હિરલ અને કુશલ, વિધિ અને રવિ, આસ્થા, આરુષિ (પૌત્રીઓ) અનીકા (પ્રપૌત્રી) પ્રાર્થનાસભા મંગળવાર, ૭ ઓક્ટોબર ૨૦૨૫ના સાંજે ૫ થી ૭. ડેફોડિલ, ટીપ - ટોપ પ્લાઝા, તીન હાથ નાકા, એલ બી એસ માર્ગ, થાણા (પ.).

**મેઘવાળ**
ગામ કથીવદર હાલ લોઅર પરેલ, ડાયાભાઈ અર્જુનભાઈ ચૌહાણ (ઉં. વ. ૭૭) શુક્રવાર તા. ૨૬-૯-૨૫ના રામચરણ પામ્યા છે. તેઓ પુષ્પાબહેનના પતિ. બળવંતભાઈ, દક્ષાબહેન, રમીલાબહેન, રંજનબહેન, લક્ષ્મીબહેનના પિતા. પારુલબહેન, નરેશભાઈ, સુરેશભાઈ, સુનીલભાઈ, રાહુલભાઈના સસરા. ઉન્નતિબહેન, નૈતિકભાઈ, હર્ષિતાબહેનના દાદા. કારજ (બારમું)નું કાર્ય તા. ૭-૧૦-૨૫ના સાંજે ૬ વાગ્યે. રામજી માધવજી ચાલ, ૧૮૯/૧૬૬ સખારામ બાળાજી પવાર માર્ગ, લોઅર પરેલ (પૂ).

**કચ્છી લોહાણા**
ગામ કચ્છ કોટડા (રોહા) હાલ ભુજ સ્વ. પાર્વતીબેન જેઠમલ હીરજી કોઠારીના જયેષ્ઠ પુત્ર હરિભાઇ (ઉં. વ. ૮૨) તે સ્વ. સુંદરબેન કાનજીભાઇ (દરિયાસેઠ) વેલજીભાઇ ચંદન નેત્રાવાલાના નાના જમાઇ. તે હંસાબેનના પતિ. તે સ્વ. મેહુલ (લાલાભાઇ) મીનલના પિતા. તે ગં. સ્વ. મનીષાબેનના સસરા. નરેન્દ્રભાઇ, દિનેશભાઇ, કનુભાઇ (હિમાંશુભાઇ), સ્વ. ગોવિંદભાઇ તથા જોસનાબહેન રાજેશભાઇ દાવડાના મોટાભાઇ તા. ૩-૧૦-૨૫ના ભુજ મધ્યે શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**
મૂળ મેંદરડાના હાલ મુંબઇ મનસુખભાઇ રૂપારેલ (ઉં. વ. ૮૬), રવિવાર, તા. ૫-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોતિબેન રૂપારેલના પતિ. તે દેવકુંવરબેન જમનાદાસ રૂપારેલના પુત્ર. તે નરેશ, ભારતી, મનોજના પિતા. તે રાજેશ ઠક્કર, ફાલ્ગુની, પ્રિતીના સસરા. તે અમૃતબેન રામજીભાઇ સિંગાડાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૭-૧૦-૨૫ના ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ૨૯, કે. એમ. મુનશી રોડ, ગામદેવી, મુંબઇ-૭. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠિયા વૈષ્ણવ વણિક**
કુ. આયુષી પરેશ શાહ (ઉં. વ. ૩૦) તા. ૬-૧૦-૨૫ સોમવારના સ્વર્ગવાસી થયેલ છે. મૂળ ચિંચણ નિવાસી હાલ પાર્લા, સ્વ. ધીરુભાઇ તથા ગં. સ્વ. શોભનાબેનની પૌત્રી. પરેશ શાહ તથા મીનાબેનની પુત્રી. અદ્વેતની બહેન. દિપકકુમાર તથા રીટાબેનના ભત્રીજી. સ્વ. રસીકભાઇ ઓધવજી વજીરની દોહિત્રી. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**
રવિલાલ ઠક્કર (તન્ના) (ઉં. વ. ૬૩) મૂળ ગામ બિટા હાલ મુલુંડ સ્વ. દમયંતીબેન અને સ્વ. રતનબેન શિવદાસ તન્નાના સુપુત્ર. રશ્મિબેનના પતિ. રાહુલ અને અવનીના પિતાશ્રી. વિધિના સસરા. સ્વ. સાવિત્રીબેન મોહનલાલ બડીયાના જમાઇ. સ્વ. હરીશ, હિંમત, દીપક તથા ગં. સ્વ. મધુબેન ગંગારામભાઇ બારુના ભાઇ. તા. ૫-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

**સહસ્ત્ર ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**
બાલાગામ નિવાસી હાલ મુંબઇ દહીંસર પ્રભુલાલ જેઠાલાલ ઠાકર ૫ ઓક્ટોબરના ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે જળાઉબેનના પુત્ર. લતાબેનના પતિ. મગનલાલ જાનીના જમાઇ. મનીષભાઇ, કિંજલબેન અને અલ્પાબેનના પિતા. દિપાલી, સુનિલ અને સમીતના સસરા. ધીરના દાદા. વિદીતા અને રાશીના નાના. પ્રાર્થનાસભા તા. ૯ ઓક્ટોબર, ગુરુવારે સાંજે ૪થી ૬ દરમિયાન ટેલિફોનિક રાખેલ છે.

**પંચાલ સુથાર**
(સાઇઠ, ગઢવાડા, નદીસરો) ગામ નવાવાસ (ભેમાળ) હાલ મુલુંડ બાબુલાલ જોઇતારામ પંચાલ (ઉં વ. ૭૦) શનિવાર તા. ૨૭ સપ્ટેમ્બર ૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. તે ગં. સ્વ. ચારૂલતાબહેનના પતિ. હેમંત, જયેશ, નીલમબેનના પિતાશ્રી. રૂપલબેન અને વિપુલકુમારના સસરા. સ્વ. ભગવાનદાસ, મંગળદાસ અને જયંતીલાલના ભાઇ. શ્રીયા, પ્રિષા, ખુશના દાદા. પ્રિયાંશ અને ખુશીના નાના. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૮-૧૦-૨૫ના ૧૧થી ૨. ઠે. ગોલ્ડન સેલિબ્રેશન બેન્કવેટ હોલ, પહેલા માળે, કલર સ્કેપ મોલ, ક્રોમા શોરૂમની ઉપર, ચેકનાકા બસ ડેપોની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**શ્રીમાળી બ્રાહ્મણ**
ભાવનગર નિવાસી હાલ મુંબઇ અ. સૌ. નિતીકાબેન ભૂપેન્દ્રભાઇ ત્રિવેદી (ઉં.વ. ૭૫) તે અ. સૌ. બીના અને મનોજના માતુશ્રી. તે મીતના નાની અને અનિલ દવેના સાસુ તા. ૫ ઓકટોબર, ૨૫ રવિવારના બોરીવલી મુકામે સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**
મૂળગામ માધવપુર ઘેડ, હાલ થાણા ગં. સ્વ. સરલાબેન રતીલાલ ઠક્કર (ઉં. વ. ૮૮) તે સ્વ. જીવીબેન દ્વારકાદાસ કારીયા (કલ્યાણવાળા)ના દીકરી. સ્વ. નંદલાલભાઇ, સ્વ. ભાનુબેનના ભાભી. સ્વ. ચત્રભુજ, સ્મિતા, રેખા, નીલુ, તેજસ, કમલેશ, માધવી, શીતલ, ઓમ્ની, દીયા, અંશના કાકી રવિવાર, તા. ૫-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક

## પારસી મરણ

મેહરૂ પેસી મોહટા તે મરહુમ પેસીના ધણીયાની. તે મરહુમ કાવસ શાહ ને મરહુમ ધનમાયના દીકરી. તે કયોમર્ઝ, કુરુષ ને જમશેદના મમા. તે ઝરીન ને ખુશનુમોના સાસુ, તે મરહુમ એરચ ને મરહુમ દીનયારના બહેન. તે કાયરસ, વરૂન ને દેલરીનાના બપઇજી. તે જહાનના મોટા બપઇજી. (ઉં. વ. ૮૮) રે. ઠે. જે-૩૨, કામા પાર્ક, કામા રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ- ૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**
ગામ નૂ.ત્રંબૌના સ્વ. લક્ષ્મીબેન વેલજી આણંદા બૌવા (ઉં. વ. ૮૫) તા.૫.૧૦.૨૦૨૫ના રવિવારે થાણા મધે અવસાન પામેલ છે. સ્વ. કામલબેન આણંદાના પુત્રવધૂ. સ્વ. વેલજી આણંદાના ધર્મપત્ની. સ્વ. અમરશી, ધનજી, શાંતીલાલ, સ્વ. મનીષ, કસ્તુર, ગુણવંતી, મંજુલાના માતુશ્રી. ગં. સ્વ. હેમલતા, સ્વ. પુષ્પા, રમીલા, વિનોદ, હસમુખ, મહેન્દ્રના સાસુ. પુનીત, સુનીત, મોનીક, જીનાંશ, શિલ્પા, ચાર્મી, રાજીવ,સુરમી, ફેમી, કૃતિકા, કેનીશા, નેત્રાના દાદી. સ્વ. કામલબેન શામજી મુરજી શાહની દીકરી. પ્રાર્થનાસભા તા. ૭.૧૦.૨૫ મંગળવારે સમય ૩ થી ૪.૩૦ સ્થળ.ટીપ ટોપ પ્લાઝા, એલ.બી.એસ. માર્ગ, થાણા- વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
મોટા આસંબીયાના લતાબેન લાલજી નથુ ગાલા (ઉં. વ. ૫૬) તા. ૫-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરબાઇ નથુ નેણશીના પૌત્રી. માતુશ્રી રૂક્ષ્મણીબેન લાલજી ગાલાના પુત્રી. પ્રફુલ્લ, હરેશના બેન. ભુજપુરના માતુશ્રી મણીબેન કાનજી વેરશી દેઢીયાના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : પ્રફુલ્લ લાલજી ગાલા, યમુનાબાઇ કો.ઓ.હા. સોસાયટી, યમુનાબાઇ પાડા, બચ્ચાનીનગર રોડ, મલાડ (ઇ.).

મોટા આસંબીયાના શ્રી ચુનીલાલ શામજી કુરપાર છેડા (ઉં. વ. ૭૩) તા.૫-૧૦-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી તેજબાઈ (બેન) શામજી કુરપારના પુત્ર. નિરંજના (નીરૂ) ના પતિ. નુતન, ધિરેનના પિતા. કલ્યાણજી, ફરાદી જયા (જવેર) અમૃતલાલ કુંવરજીના ભાઈ. ટુન્ડા રાણબાઈ કોરશી ગણપતના જમાઈ. પ્રા.શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી મહાજનવાડી, ચીંચપોકલી (ઈસ્ટ), મું - ૧૨. ટા. ૪ થી ૫.૩૦.

સમાઘોઘાના કેશવજી ચાંપશી સંગોઈ (ઉં. વ. ૭૮) તા. ૫.૧૦.૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન ચાંપશીના પુત્ર. રૂક્ષ્મણીબેનના પતિ. વિજય, જવેર, ખેમકુંવર, મીના, મુલચંદના ભાઈ. વડાલાના તેજબાઈ લાલજી આશારીયાના જમાઈ. પ્રા : શ્રી ક.વિ.ઓ.સ્થા.જૈન મહાજન સંચાલિત : ચીંચપોકલી મહાજનવાડી. ટા. ૨ થી ૩.૩૦.

દેવપુરના શાંતિલાલ ભીમશી નિસર (ઉં. વ. ૮૦) તા.૪-૧૦ ના અવસાન પામેલ છે. કુંવરબાઇ ભીમશીના પુત્ર. મીઠીબાઈના પતિ. મહેશ, જયશ્રીના પિતા. દામજી, જખીબાઈ, વેલબાઈના ભાઈ. ધનબાઈ ખીમજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મહેશ નિસર, ૩/૨૩, નિર્મલા નિવાસ, ડી.એન.સી. સ્કુલ પાછળ, નાંદીવલી રોડ, ડોંબીવલી (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
ચણાકા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વ્રજકુંવરબેન મોહનલાલ દેવચંદ રૂપાણીના સુપુત્ર પ્રવીણચંદ્ર (ઉં. વ. ૮૨) તે સ્વ. સરોજબેનના પતિ. તે નીતિન, કેતનના પિતાશ્રી. નંદા, પ્રીતિના સસરા. સ્વ. લીલાવંતીબેન ગુલાબચંદ ઘેલાણી, સ્વ. શારદાબેન પ્રાણલાલ સંઘરાજકા, સ્વ. તરૂણાબેન નાથાલાલ ગાંગાણી, સ્વ. રજનીકાંતભાઇ, સ્વ. મંજુલાબેન હસમુખરાય દોશી, સ્વ. મહેશભાઇ તથા સ્વ. હસમુખભાઇના ભાઇ. તે મોરબી નિવાસી સ્વ. રતિભાઇ મહેતાના જમાઇ તા. ૫-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**
સ્વ. શાંતાબેન ગુલાબચંદ શાહના સુપુત્ર રસિકભાઇ (ઉં. વ. ૯૩) તે સ્વ. સુલોચનાબેનનાં પતિ. તે હિતેન, હર્ષા, નયના, જાસ્મીનનાં પિતાશ્રી. ગીતાંજલિ, સંજીવ, મનોજ, અશ્વિનના સસરાજી. સ્વ. ત્રિભોવનદાસ જેઠાભાઇ શાહના જમાઇ. સુશિલાબેન, મંજુબેન, હેમંતભાઇ, નલિબેન અને જયશ્રીબહેનના મોટાભાઇ તા. ૫-૧૦-૨૫ને રવિવારે અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. બાબુલાલ ભગવાનજી ગાંધીના સુપુત્ર ભાનુરાય બાબુલાલ ગાંધી તા. ૫-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાક્ષીબેનના પતિ. નમ્રતા તથા આશીષના પપા. ધારી નિવાસી ગુણવંતરાય રમેશભાઇ નાગરદાસ ધમાણી તથા જયોતિબેન રાજેન્દ્ર પારેખના બનેવી. સ્વ. સુરેશભાઇ, સ્વ. જયંતભાઇ, સ્વ. મદુલાબેન શેઠ, સ્વ. નલીનીબેન દોશીના ભાઇ. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ છે.

વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**
મૂળ ગામ વાડીનાર હાલ બોરીવલી અમૃતલાલ લાલજીભાઇ રામજીભાઇ દત્તાણી (ઉં. વ. ૮૨) તે ચંદનબેનના પતિ. તે હિતેશ, કેતન તથા હિમાંશુના પિતા. તે સ્વ. બાબુભાઇ, સ્વ. ચુનીભાઇ, સ્વ. મંગળભાઇ, ભગવાનદાસભાઇ, જશોદાબેન જયંતીલાલ સવજાણી, સ્વ. મંગળાબેન કાંતિલાલ બથીયા તથા સ્વ. માયાબેન નારણદાસ બથીયાના ભાઇ. સ્વ. સંતોકબેન કાનજીભાઇ થોભાણીના જમાઇ. તે હિના, અર્ચના તથા શિલ્પાના સસરા. તે હર્ષ-હિરલ, પાર્થ તથા ક્રિષાના દાદા રવિવાર, તા. ૫-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઇ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ગોરેગામ-મુલંડ લિંક રોડની ટ્વિન ટનલનું ખોદકામ આવતા વર્ષથી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ હેઠળ પહેલી ટ્વિન ટનલ માટેનું ખોદકામ આગામી વર્ષની શરૂઆતમાં શરૂ કરવામાં આવવાનું છે. હાલમાં પ્રોજેક્ટ સાઈટ પર વર્ટિકલ લોન્ચ શાફ્ટ ખોદવામાં આવી રહ્યું છે, જે ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) માટે એન્ટ્રી પોઈન્ટ રહેશે.

લોન્ચિંગ શાફ્ટ લગભગ ૨૦૦ મીટર લાંબો, ૫૦ મીટર પહોળો રહેશે અને જેમાંથી ટીબીએમ મશીન જમીનમાં નીચે લાવવા અને એસેમ્બર કરવા માટેનો એન્ટ્રી પોઈન્ટ રહેશે. જાપાનથી આયાત કરવામાં આવેલા પહેલા ટીબીએમ હાલમાં સાઈટ પર જ અસેમ્બલ કરવામાં આવી રહ્યું છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં મશીનના છૂટા છૂટા ભાગોને સંપૂર્ણપણે જોડીને એક કરી નાખવામાં આવશે અને ત્યારબાદ તેને ચાલુ કરવામાં કરવામાં આવશે. બે ટ્વિન ટનલ માટે બે ટીબીએમની આવશ્યકતા છે. બીજું ટીબીએમ ડિસેમ્બર અંત સુધીમાં આવશે અને તેના છૂટા ભાગોનું જોડાણ થયા બાદ બીજી ટનલનું ખોદકામ શરૂ કરવામાં આવશે.

ફિલ્મસિટી ઓથોરિટી દ્વારા ટીબીએમ માટે જોશ મેદાન પાસે લગભગ ૧૦,૦૦૦ ચોરસ મીટર જગ્યા પણ આપી છે. ટનલનું કામ શરૂ થાય તે પહેલ ટીબીએમની કામગીરી માટે સાઈટ પર આશરે ત્રણ લાખ ઘન મીટર માટી ખોદવાની જરૂર પડશે. ૧૨.૨ કિલોમીટરના ગોરેગામ-મુલુંડ લિંક રોડને કારણએ મુસાફરીનો સમય ૭૫ મિનિટથી ઘટીને ૨૫ મિનિટ થઈ જશે. ■

# દાદર પ્લાઝા પાસે ટેમ્પો ટ્રાવેલરે બેસ્ટની બસને જોરદાર ટક્કર મારતાં રાહદારીનું મોતઃ છ જખમી

## દારૂના નશામાં વાહન હંકારવા બદલ ડ્રાઈવરની કરાઈ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદર (પશ્ચિમ)માં પ્લાઝા થિયેટર પાસે દારૂના ટેમ્પો ટ્રાવેલરના ડ્રાઈવરનું નિયંત્રણ છૂટી જતા તેણે બેસ્ટની બસને જોરદાર ટક્કર મારી હતી અને બાદમાં ટેક્સી તથા કારને અડફેટમાં લીધી હતી. આ અકસ્માતમાં ગંભીર ઇજાને કારણે ૩૭ વર્ષના રાહદારીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. તો બસ સ્ટોપ પર બસની રાહ જોતા ઊભેલી એક મહિલા સહિત છ લોકો ગંભીર રીતે જખમી થયા હતા. ટેમ્પો ટ્રાવેલરનો ડ્રાઇવર સંજય કુંભાર (૨૭) દારૂના નશામાં હોવાનું તપાસમાં જાણવા મળ્યા બાદ પોલીસ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી.

રવિવારે મોડી રાતના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ પ્લાઝા થિયેટર પાસેના બસ સ્ટોપ પાસે આ એક્સિડન્ટ થયો હતો. બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમના જણાવ્યા મુજબ એક્સિડન્ટ થયેલી બસ માતેશ્વરી કંપની પાસેથી વેટ લીઝ પર લીધેલી હતી. ૧૬૯ રૂટ પર દોડતી બસ વરલી ડેપોથી પ્રતીક્ષા નગર જઈ રહી હતી. રાતના ૧૧.૩૦ વાગે બસ પ્લાઝા બસ સ્ટોપ પાસે પહોંચી હતી ત્યારે દાદર ટીટી તરફથી શિવાજી પાર્ક દિશામાં ફૂલ સ્પીડે દોડી રહેલા એક ટેમ્પો ટ્રાવેલરના ડ્રાઈવરનું ગાડી પરથી નિયંત્રણ છૂટી જતા તે જોશભેર બસની આગળની બાજુએ તેના જમણા ટાયર સાથે અથડાઈ હતી.

ટેમ્પોની જોરદાર ટક્કરને કારણે બેસ્ટની બસ ડાબી તરફ ફંટાઈ ગઈ હતી અને બસ સ્ટોપ પર ઊભા રહેલા પ્રવાસીઓ અને રાહદારીઓને અડફેટમાં લઈ લીધી હતી. આ એક્સિડન્ટમાં બસનું આગળનું પૈડું તૂટી ગયું હતું અને ગાડીનો સામનો કાચ પણ તૂટી ગયો હતો. બસને અડફેટમાં લીધા બાદ ટેમ્પો ટ્રાવેલરે રસ્તા પર ઊભી રહેલી ટેક્સી અને અન્ય એક ટુરિસ્ટ કારને પણ અડફેટમાં લીધી હતી. આ બંને ગાડીને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

આ ભીષણ એક્સિડન્ટમાં રસ્તે ચાલી રહેલો ૩૭ વર્ષનો શહાબુદ્દીન શેખનું ગંભીર ઇજાને કારણે ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. એ સિવાય અન્ય છ લોકો ગંભીર રીતે જખમી થાય હતા, તેમના પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જખમીમાં ૩૦ વર્ષનો રાહુલ અશોક પડાલે, ૩૩ વર્ષનો રોહિત અશોક પડાલે, ૨૫ વર્ષનો અક્ષય અશોક પડાલે અને ૨૮ વર્ષની વિદ્યા રાહુલ મોતે સહિત અન્યોનો સમાવેશ થાય છે. ■


મુંબઈ સમાચાર

જો મુંબઈ સમાચાર અખબાર ન મળે તો
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 7045430579.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar,
please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 7045430579.
We value your readership and are committed to your daily connection.


# વાહનચાલકો પર નિયંત્રણ રાખવા કોસ્ટલ રોડ પર રમ્બલર બેસાડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોસ્ટલ રોડ પર આવેલી ટનલમાં ઓવરસ્પીડિંગ અને એક્સિડન્ટના બનાવ વધી રહ્યા છે, તેને ધ્યાનમાં રાખીને મુંબઈ ટ્રાફિક પોલીસ સાથે મળીને મહાનગરપાલિકાએ વાહનોની સ્પીડને નિયંત્રણમાં રાખવા અને અકસ્માત અટકાવવા માટે કોસ્ટલ રોડ પર રમ્બલર બેસાડવાની યોજના બનાવી છે.

મરીન ડ્રાઈવ પર પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી બાન્દ્રા-વરલી સી લિંકના વરલી છેડા સુધીના ૧૦.૫૮ કિલોમીટર લાંબા કોસ્ટલ રોડને ૧૫ ઑગસ્ટના રોજ તેના પ્રોમોનેડ અને અંડરપાસ સાથે ૨૪ કલાક ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કોસ્ટલ રોડ પર સ્પીડ લિમિટ ૮૦ કિલોમીટર પ્રતિ કલાક અને ઈન્ટરચેન્જ પર ૪૦ કિલોમીટર પ્રતિ કલાક અને ટનલની અંદર ૬૦ કિલોમીટર પ્રતિ કલાક નક્કી કરવામાં આવી હતી. આ નિયમો હોવા છતાં કોસ્ટલ રોડ પર વારંવાર અકસ્માતો, વાહનોમાં આગ લાગવાને કારણે સલામતીની ગંભીર સમસ્યા નિર્માણ થઈ છે. છેલ્લા એક મહિનામાં જ આઠ લેનની ટ્વિન ટનલની અંદર વાહનોની સ્પીડ અને લેનના નિયમોનું ઉલ્લંઘન માટે ૧૬,૦૦૦ રૂપિયાથી વધુ રકમના ચલાન જારી કરવામાં આવ્યા છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કોસ્ટલ રોડ પર દરરોજ સરેરાશ બે વાહનોના બ્રેકડાઉનના અહેવાલ નોંધાય છે. તાજેતરમાં મુંબઈ ટ્રાફિક પોલીસ સાથે ચર્ચા કરી હતી. એ બાદ ઓવરસ્પીડિંગને રોકવા માટે રમ્બલર ઈન્સ્ટોલ કરવા જેવા પગલા લેવાની ભલામણ કરવામાં આવી હતી. પોલીસ મુખ્યત્વે ઓવરસ્પીડિંગ હોટસ્પોટને ઓળખશે અને તે મુજબ રમ્બલર કયા બેસાડવા બાબતે વિચાર કરવામાં આવશે.

પાલિકાએ કોસ્ટલ રોડ ૨૩૬ સીસીટીવી કેમેરા પણ બેસાડયા છે. આ આધુનિક સર્વેલન્સ અને ટ્રાફિક મોનિટરિગ સિસ્ટમ એક્સિડન્ટના કેસમાં તાત્કાલિક કંટ્રોલ રૂમને ચેતવણી પે છે, જેનાથી ઝડપી કટોકટી પ્રતિસાદ શક્ય બને છે. ■

# વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન ગૌરવની વાતઃ નીતા અંબાણી



મુંબઈઃ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષ નીતા અંબાણીએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ બધા પેરા એથ્લેટ્સને અભિનંદન પાઠવ્યા હતા. ૬ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલ સાથે ભારતે ૨૨ મેડલ જીત્યા હતા. પ્રથમ વખત આ ઐતિહાસિક ઈવેન્ટનું આયોજન કરવું અને આપણા ચેમ્પિયનોને ઘરની જ ધરતી પર ચમકતા જોવું એ ખૂબ જ ગર્વની વાત છે. ■

# ૪૮ વર્ષ જૂના અપહરણ કેસમાં આરોપી નિર્દોષ જાહેર

થાણાઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનમાં અપહરણના કેસમાં એક વ્યક્તિને લગભગ પાંચ દાયકા પછી નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. જોકે આરોપી ફરાર હોવાથી સુનાવણી તેની ગેરહાજરીમાં હાથ ધરી તેને ઘોષિત અપરાધી જાહેર કરવામાં આવ્યો હતો.

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ (અપહરણ) અને ૩૬૬ (મહિલાનું અપહરણ અથવા અપહરણ કરીને તેને લગ્ન કરવા મજબૂર કરવા માટે અથવા તેનો વિનયભંગ કરવા વગેરે) હેઠળ ૯ માર્ચ, ૧૯૭૭ના દિવસે કેસ નોંધવામાં આવ્યો હતો. આરોપનામું છેક ૨૪ વર્ષ પછી ૨૮ માર્ચ, ૨૦૦૧ના દિવસે દાખલ કરવામાં આવ્યું હતું. આ કેસ લાંબા સમય સુધી પેન્ડિંગ રહ્યો હતો અને આરોપો ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના દિવસે ઘડવામાં આવ્યા હતા.

વાલ્મિકી પર ૯ માર્ચ ૧૯૭૭ના દિવસે ઉલ્હાસનગરના ઝુપડપટ્ટીના કેમ્પ નંબર ત્રણમાંથી ૧૬ વર્ષની યુવતીનું બળજબરીથી લગ્ન કરવાના ઇરાદાથી અપહરણ કરવાનો આરોપ હતો. ૨૬ સપ્ટેમ્બરના આદેશમાં ફરિયાદ પક્ષ આરોપીને હાજર કરવામાં અસમર્થ રહ્યો હતો અને કેસમાં ખાસ્સો વિલંબ થયો હતો એની નોંધ લીધી હતી. (પીટીઆઈ) ■

# ૯ ઓક્ટોબરે એપ આધારિત ટેક્સી સેવાઓ બંધ

મુંબઈઃ રાજ્યમાં એપ આધારિત કેબ, ટેક્સી અને ઓટો રિક્ષા ચાલકોએ વિવિધ મુદ્દાઓનું નિરાકરણ ન લાવવામાં આવતું હોવાના વિરોધમાં નવમી ઓક્ટોબરે બંધનું એલાન આપ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ધ્યાન દોરવા માટે ભારતીય ગિગ વર્કર્સ ફોરમે એક દિવસના બંધનું એલાન આપ્યું છે. આ બંધથી રાજ્યમાં પરિવહન સેવાઓ પર અસર થવાની શક્યતા છે.

ડ્રાઇવરોએ રાજ્ય પરિવહન વિભાગના નિયમોનું ઉલ્લંઘન કરનારા એગ્રીગેટર્સ સામે કડક કાર્યવાહીની માગણી કરી છે. ઇંધણ અને જાળવણી ખર્ચમાં ભારે વધારો થયો છે અને ડ્રાઇવરોની આવક ઓછી છે. આને કારણે, કોઈ સામાજિક સુરક્ષા નથી અને ફરિયાદોના નિવારણ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નથી. તેથી, ૯ ઓક્ટોબરે, તેઓ વધુ સારા વેતન, વીમા લાભો, પારદર્શક ભાડાનું માળખું અને એપ કંપનીઓ દ્વારા ડ્રાઇવરોના ખાતાઓના મનસ્વી સસ્પેન્શનનો અંત લાવવાની માગણી કરશે, એમ ઇન્ડિયન ગિગ વર્કર્સ ફોરમે જણાવ્યું હતું.

ટ્રાન્સપોર્ટ કમિશનર ઓફિસે ત્રણેય કંપનીઓ - ઓલા, ઉબેર અને રેપિડો - ને તેમની એપ્સ પર સરકારના દર દર્શાવવા સૂચના આપી હતી. જોકે, આ કંપનીઓએ એપ પર સરકારી દરો લાગુ કર્યા નથી. ૧૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ, કેબ, રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોએ પરિવહન વિભાગના ગેરવહીવટ સામે આઝાદ મેદાન ખાતે ભૂખ હડતાળ, બંધ, દેખાવો વગેરે કર્યા હતા. ત્રણે કંપનીઓ - ઓલા, ઉબેર, રેપિડો - સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને રાજ્યમાં ગેરકાયદે કાર્યરત છે અને અનેક કેસ નોંધાયા હોવા છતાં, ખાનગી ટુ-વ્હીલર પર મુસાફરોની સેવાઓ ચાલુ છે, આ બધાનો વિરોધ કરવા અને આ સમસ્યાઓ પ્રત્યે વડા પ્રધાનનું ધ્યાન ખેંચવા બંધનો આશરો લેવામાં આવ્યો છે. ■

# ઝવેરી બજાર વિસ્તારની કાયાપલટ કરવા સરકાર કટિબદ્ધઃ દેવેન્દ્ર ફડણવીસ

## પ્રથમ 'ઝવેરી બજાર જેમ્સ એન્ડ જ્વેલરી ફેસ્ટિવલ ૨૦૨૫'નું ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાયકાઓનો વારસો ધરાવતા અને દેશના અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ધરાવતા ઝવેરી બજાર વિસ્તાર હવે જેમ એન્ડ જ્વેલરી ફેસ્ટિવલને કારણે એક નવું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવી ખાતરી આપી હતી કે ઝવેરી બજાર વેલફેર એસોસિએશને આ બજાર વિસ્તારને પુનર્ગઠિત અને સુંદર બનાવવા માટે પહેલ કરશે તો રાજ્ય સરકાર અને વહીવટીતંત્ર આને માટે જરૂરી તમામ સહાય પૂરી પાડશે.

મુંબઈના ઐતિહાસિક ઝવેરી બજારની ભવ્યતા, પરંપરા અને આર્થિક મહત્વ દર્શાવવા માટે ઝવેરી બજાર વેલફેર એસોસિએશને પ્રથમ વખત 'ઝવેરી બજાર જેમ્સ એન્ડ જ્વેલરી ફેસ્ટિવલ ૨૦૨૫'નું આયોજન કર્યું છે. આ ઉત્સવ ૨૨ સપ્ટેમ્બરથી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન યોજાઈ રહ્યો છે અને મુખ્ય પ્રદર્શન ૭ ઓક્ટોબરથી ૧૬ ઓક્ટોબર સુધી ચાલશે. સોમવારે આનું ઉદ્ઘાટન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા ઝવેરી બજાર વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. ફડણવીસે જણાવ્યું હતું કે ઝવેરી બજાર ભારતીય રત્ન અને ઝવેરાત ઉદ્યોગની કરોડરજ્જુ છે અને અહીંની કારીગરી વિશ્વભરમાં જાણીતી છે. સમયની મુશ્કેલીઓ છતાં, ઝવેરી બજારે તેની પરંપરા અને ગૌરવ જાળવી રાખ્યું છે. આ ઉત્સવ દ્વારા, અહીંના વેપારીઓને વૈશ્વિક વેપારીઓ સાથે વાતચીત કરવાની તક મળે છે. ભારતના નિકાસ ક્ષેત્રમાં આ ઉદ્યોગનો મોટો હિસ્સો છે અને જો વેપારીઓ તેમની ક્ષમતાઓ વધારશે, તો અર્થતંત્રમાં આ ઉદ્યોગનું યોગદાન પણ વધતું રહેશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા મુશ્કેલીઓમાં તકો શોધવા માટે આપણને પ્રેરણા આપે છે એમ જણાવતાં મુખ્ય પ્રધાને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રત્ન અને ઝવેરાત બજારનું મહત્વ ક્યારેય ઘટશે નહીં, ભલે આંતરરાષ્ટ્રીય સ્તરે ગમે તેટલી મુશ્કેલીઓ આવે, પરંતુ ભવિષ્યમાં તે વધુ વિસ્તરશે.

આ પ્રસંગે ઝવેરી બજાર કલ્યાણ સંઘ અને ઇન્ડિયા ગોલ્ડ મેટાવર્સ વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર મુજબ, વેપારમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને બ્લોકચેન જેવી આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને વેપારને વધુ કાર્યક્ષમ બનાવવામાં આવશે. મુખ્ય પ્રધાને પણ આ કરારનું સ્વાગત કર્યું હતું. ઝવેરી બજારમાં પ્રદર્શન તરીકે ડિઝાઇન કરાયેલી આ પહેલ ખૂબ જ અનોખી છે તેમ કહીને સમગ્ર વિસ્તારને પ્રદર્શન ક્ષેત્રમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, આ કાર્યક્રમમાં પરંપરાગત સાંસ્કૃતિક વારસો, પરંપરાઓ અને આધુનિક શણગારનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

ફડણવીસે લોકમાન્ય તિલક, સાવિત્રીબાઈ ફૂલે, વિવિધ દેવીઓના નામોથી પ્રવેશદ્વારો શણગારવા અને રામ મંદિરની ભવ્ય પ્રતિકૃતિ જેવા વિષયો પર આધારિત બનાવવા બદલ આયોજકોની પ્રશંસા કરી.

આ પ્રસંગે રત્ન અને ઝવેરાત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારા ઉદ્યોગસાહસિકોનું મુખ્ય પ્રધાનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ઝવેરી બજાર કલ્યાણ સંઘના પ્રમુખ હિતેશ જૈને રાજ્ય સરકાર, પ્રવાસન વિભાગ, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મુંબઈ પોલીસનો આ ઉત્સવમાં સહકાર આપવા બદલ આભાર માન્યો હતો. ■



**રોશનીનું પર્વઃ** દિવાળીને પંદર દિવસ બાકી છે ત્યારે બજારમાં ખરીદી માટે ભીડ થવા લાગી છે. રોશનીના પર્વ માટે દુકાનોમાં કંદિલનું વેચાણ શરૂ થઈ ગયું છે. આ સાથે બજારોમાં રોનક જોવા મળી રહી છે. સારા મુહૂર્ત હોવાથી નવી વસ્તુઓ ખરીદવાની ભારતીય પરંપરા અનુસાર પર્વો વખતે લોકો વધુ ખરીદી કરતા હોય છે. (જયપ્રકાશ કેળકર)

# ધૂળના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા સુધરાઈ બેટરી સંચાલિત ડસ્ટ સકશન વાહનો ખરીદશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં પ્રદૂષણને ઘટાડવામાં મદદરૂપ થઈ રહે તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ બેટરી સંચાલિત ડસ્ટ સકશન વાહનોની ખરીદી કરવાનો નિર્ણય લીધો છે. લગભગ ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે આ વાહનોની ખરીદી કરવામાં આવવાની છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈમાં મોટા પ્રમાણમાં ચાલી રહેલા જુદા જુદા વિકાસ કામ સહિત કન્સ્ટ્રક્શનના કામમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે, તેને કારણે મુંબઈમાં પ્રદૂષણનું મુખ્યત્વે ધૂળનું પ્રમાણ વધી રહ્યું છે. તેથી ધૂળના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે ડસ્ટ સકશન વાહનો ઉપયોગી સાબિત થશે.

વર્ષના અંત સુધીમાં ૧૨ વાહનો પાલિકાને મળે એવી સંભાવના છે. બેટરી સંચાલિત વાહનોની ઉપર ડસ્ટ સકશન મશીન હોય છે, તેમાં હવે સ્પ્રિંકલર પણ ઉમેરવામાં આવશે. આ મશીનો મુખ્યત્વે બાન્દ્રા-કુર્લા કૉમ્પેક્સ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર કે જયાં વાહનોની અવરજવર વધુ હોય છે ત્યાં ઊભા કરવામાં આવશે.

નોંધનીય છે કે મુંબઈમાં ૨૦૨૩ની સાલમાં ધૂળનું પ્રમાણ વધી જતા પાલિકાએ મુંબઈ એર પોલ્યુશન મિટિગેશન પ્લાન (ગાઈડલાઈન) બહાર પાડી હતી, જે હેઠળ મુંબઈમાં પ્રદૂષણ માટે મુખ્યત્વે રસ્તાની ધૂળ, વાહનોમાંથી નીકળતો ઘુમાડો, કચરો બાળવો અને રસ્તાની આજુબાજુ ઊભા રહેતા ખાવા-પીવાની દુકાનો તથા બેકરીઓમાંથી નીકળતા ધુમાડાને જવાબદાર ગણવામાં આવ્યા હતા. ■

# અજિત પવારને ખતમ કરવા મોટા પાયે ષડ્યંત્ર ચાલી રહ્યું છેઃ જરાંગેનો દાવો

મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસોથી રાજ્યમાં મરાઠા- ઓબીસી અનામતના મુદ્દાઓ પર રાજકીય આક્ષેપો અને વળતો આક્ષેપો થઈ રહ્યા છે. રાજ્ય સરકારે બીજી સપ્ટેમ્બરે મરાઠા સમુદાય માટે અનામત અંગે સરકારી ઠરાવ - જીઆર જારી કર્યો હતો. જોકે, જીઆર બાબત ઓબીસી સમુદાયે નારાજગી વ્યક્ત કરી છે. છગન ભુજબળ અને અન્ય ઓબીસી નેતાઓ તેમજ મરાઠા અનામત માટે લડત ચલાવનારા મનોજ જરાંગે વચ્ચે દોષારોપણ અને વળતા આક્ષેપોની રાજનીતિનો ખેલ ચાલી રહ્યો છે.

આવી સ્થિતિમાં સોમવારે મીડિયા સાથેની વાતચીતમાં મનોજ જરાંગેએ દાવો કર્યો છે કે અજિત પવાર સામે મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. અલીબાબા એટલે કે ભુજબળ અને પરળી ગેંગ એમ બે ત્રણ જણ મળીને અજિત પવારને ખતમ કરવાનું ષડયંત્ર રચ્યું છે. તેમના નિવેદનને પગલે રાજકીય વર્તુળમાં ચારેકોર ચર્ચા થઈ રહી છે. જરાંગેએ દાવો કર્યો છે કે અજિત પવાર વિરુદ્ધ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. પરળી સમુદાય મોટેભાગે અજિત પવારની ટીકા નથી કરતો કારણ કે તેનું જોર હવે પહેલા જેવું નથી રહ્યું. પવારના કારણે મુંડેના પરિવારનું મહત્ત્વ વધ્યું છે. તેઓ સુદ્ધાં છગન ભુજબળના આ ષડયંત્રમાં પણ સામેલ છે. કારણ કે જ્યારે કોઈ મદદ નહોતું કરી રહ્યું ત્યારે તેમણે મદદનો હાથ લંબાવ્યો હતો. અજિત પવારે હાથ ઝાલ્યો હોવા છતાં આ અલીબાબા અને અન્ય બે-ત્રણ લોકોએ અંદરખાનેથી આ પ્રયાસ શરૂ કર્યો છે. ■






# અર્નાળામાં પ્રોફેસરનાં વૃદ્ધ માતા-પિતા, બહેન પર હુમલો કરી લૂંટારુઓએ ઘરમાં લૂંટ ચલાવી

પાલઘરઃ વિરાર નજીક અર્નાળા ગામમાં મળસકે પ્રોફેસરનાં વૃદ્ધ માતા-પિતા અને બહેન પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને લૂંટારુઓએ ઘરમાં લૂંટ ચલાવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ અર્નાળા ગામમાં સોમવારે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. લૂંટારું ટોળકી મળસકે ઘરમાં ઘૂસી હતી અને તેમણે વૃદ્ધ દંપતી સહિત ત્રણ પર શસ્ત્રથી હુમલો કર્યો હતો. લૂંટારુઓએ ઘરમાં સામાન અસ્તવ્યસ્ત કરી નાખ્યો હતો અને બાદમાં કીમતી મતા લૂંટી તેઓ ફરાર થઇ ગયા હતા. લૂંટારુઓએ કરેલા હુમલામાં વૃદ્ધ દંપતી અને તેમની પુત્રીને ગંભીર ઇજા પહોંચી હતી.

દરમિયાન બનાવની જાણ થતાં અર્નાળા અને વિરાર પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હુમલામાં ઘવાયેલા ત્રણેય જણને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં. ત્રણેયની હાલત ગંભીર છે.

પોલીસના જણાવ્યા અનુસાર લૂંટારુઓએ જે ઘરમાં લૂંટ ચલાવી હતી, તે પ્રોફેસર સચિન ગવારીનું છે. સચિન ગવારી વિરારમાં ખાનગી કોચિંગ ક્લાસીસ ચલાવે છે અને પત્ની-સંતાન સાથે અગાશી વિસ્તારમાં રહે છે, જ્યારે તેમનાં વૃદ્ધ માતા-પિતા અને બહેન અર્નાળા ગામના ઘરમાં રહે છે. ■

## દારૂના ભાવમાં વધારો

# બાર-માં દારૂ પીનારાઓની સંખ્યામાં પચાસ ટકાનો ઘટાડો

મુંબઈઃ રાજ્ય સરકાર દ્વારા દારૂના ભાવમાં કરાયેલા વધારાથી બાર અને રેસ્ટોરન્ટને ભારે ફટકો પડ્યો છે. હવે ગ્રાહકો બારમાં દારૂ પીવાને બદલે વાઇન શોપમાંથી દારૂ ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. દારૂના ભાવમાં વધારાને કારણે બાર અને રેસ્ટોરન્ટના વ્યવસાયમાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો થયો છે.

સરકાર હાલમાં આર્થિક તંગીનો સામનો કરી રહી છે. લાડકી બહિણ યોજના સરકાર માટે આર્થિક બોજ સમાન સાબિત થઇ રહી છે. આને પહોંચી વળવા તેમજ વિવિધ સામાજિક પહેલોને અમલમાં મૂકવા માટે, રાજ્ય સરકારે દારૂના ભાવમાં વધારો કર્યો છે. સરકારે ભારતીય બનાવટના વિદેશી દારૂ અને વિદેશથી સીધો આયાત થતો વિદેશી દારૂ, આ બે પ્રકારના દારૂના ભાવમાં વધારો કર્યો છે. ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને દેશી દારૂ પર એક્સાઇઝ ડ્યુટી, મૂલ્યવર્ધિત કર (વેટ) અને લાઇસન્સ ફીમાં વધારો કરવામાં આવ્યો છે. આ કરને કારણે રાજ્ય સરકારને વાર્ષિક આશરે ૧૪,૦૦૦ રૂ. આવક થશે.

દેશી દારૂ પર એક્સાઇઝ ડ્યુટી ૧૮૦ રૂપિયાથી વધારીને ૨૦૫ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે, જ્યારે પ્રીમિયમ વિદેશી દારૂની કિંમત ૩૬૦ રૂપિયા કરવામાં આવી છે. આઇએમએફએલ દારૂ પરનો ટેક્સ, જે ઉત્પાદન ખર્ચના ત્રણ ગણો હતો, તે હવે વધારીને ૪.૫ ગણો કરવામાં આવ્યો છે.

દારૂના ભાવમાં વધારાથી બીયર બાર માલિકોને સૌથી વધુ ફટકો પડ્યો છે. ■

## ભારતની અંડર-૧૭ પુરુષ ફૂટબોલ ટીમ ચીનમાં રમશે બે ફ્રેન્ડલી મેચ

નવી દિલ્હી : ભારતની અંડર-૧૭ પુરુષ ટીમ આઠ અને દસ ઓક્ટોબરના રોજ ચીનની અંડર-૧૭ ટીમ સામે બે ફ્રેન્ડલી મેચ રમવા માટે બેઇજિંગ જશે. બિબિયાનો ફર્નાન્ડિસની ભારતીય ટીમ, જેણે એક અઠવાડિયા પહેલા સૈફ અંડર-૧૭ ચેમ્પિયનશિપ જીતી હતી, તે હાલમાં ગોવામાં ટ્રેનિંગ લઈ રહી છે અને ૯ ઓક્ટોબરે ચીન પહોંચશે. યજમાન ટીમ સામેની બંને મેચ ચીનની રાજધાની બેઇજિંગથી લગભગ ૮૦ કિમી દૂર શિયાંગહીના નેશનલ ફૂટબોલ ટ્રેનિંગ સેન્ટરમાં રમાશે. આ મેચો નવેમ્બરમાં અમદાવાદમાં યોજાનાર એએફસી અંડર-૧૭ એશિયન કપ ૨૦૨૬ ક્વોલિફાયર માટે ભારતની તૈયારીનો એક ભાગ છે. ■

## પાકિસ્તાનની બૅટરે બૅટ પછાડ્યું એટલે મૅચ રેફરીએ આપ્યો ઠપકો

### સિદ્રા અમીનના નામે એક ડીમેરિટ પૉઇન્ટ પણ લખ્યો

કોલંબો: રવિવારે અહીં ભારત સામેની વન-ડે વર્લ્ડ કપની મહત્ત્વની મૅચમાં પાકિસ્તાનની બૅટર્સમાં એકમાત્ર સિદ્રા અમીને (૮૧ રન, ૧૦૬ બૉલ, એક સિક્સર, નવ ફોર) લડત આપી હતી અને ૪૦મી ઓવરમાં ઑફ-સ્પિનર સ્નેહ રાણાના પાંચમા બૉલમાં તે સ્વીપ શૉટની ઉતાવળમાં સ્ક્વેર લેગના સ્થાન પર ભારતીય કૅપ્ટન હરમનપ્રીત કૌરને કૅચ આપી બેઠી ત્યાર પછી તેણે પોતાની ભૂલને કારણે પસ્તાઈને ગુસ્સામાં બૅટ નીચે પછાડ્યું એ બદલ તેને મૅચ રેફરી શાન્દ્રે ફ્રિટ્ઝે ઠપકો આપ્યો અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ લખ્યો હતો.

સિદ્રા અમીને આઇસીસીની લેવલ-૧ પ્રકારની આચારસંહિતાનો ભંગ કર્યો હતો. આર્ટિકલ ૨.૨ મુજબ જો કોઈ ખેલાડી કે તેના સપોર્ટ સ્ટાફના મેમ્બરે મૅચ દરમ્યાન ક્રિકેટ સંબંધિત સાધનનો અનાદર કર્યો હોય તો તેને સજા કરવામાં આવે છે જેમાં તેને ઠપકો અપાય છે અને તેનો ગુનો વધુ ગંભીર હોય તો તેને સસ્પેન્ડ કરવા કે દંડ કરવા સહિતના વધુ આકરાં પગલાં લેવામાં આવે છે.

ભારતે પાકિસ્તાનને ૨૪૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. પાકિસ્તાનના માત્ર છ રનના સ્કોર પર બૅટિંગ કરવા આવેલી સિદ્રા ૪૦મી ઓવરમાં આઉટ થઈ ત્યારે પાકિસ્તાનનો સ્કોર ૮/૧૫૦ હતો અને પાકિસ્તાને જીતવા બીજા ૯૮ રન કરવાના બાકી હતી. સિદ્રાને કોઈ પણ બૅટરનો લાંબા સમય સુધી સાથ નહોતો મળ્યો. સિદ્રાએ વિકેટ ગુમાવ્યા બાદ ક્રોધમાં આવીને જમીન પર બૅટ પછાડ્યું હતું, પૅવિલિયન નજીક પહોંચી ત્યારે તે રડી



રહી હતી અને દાદર ચડતી વખતે પણ તેણે બૅટ પછાડ્યું હતું.

સાઉથ આફ્રિકન મૅચ રેફરી શાન્દ્રેએ મૅચ પછી તેને પોતાની ચૅમ્બરમાં બોલવી ત્યારે સિદ્રાએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો એટલે તેને માત્ર ઠપકો આપીને છોડી દેવામાં આવી હતી. ■

## મહિલા વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકાએ ન્યૂ ઝીલૅન્ડને છ વિકેટે હરાવ્યું

ઇન્દોરમાં મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ન્યૂ ઝીલૅન્ડ (૪૭.૫ ઓવરમાં ૨૩૧ રન) સામે સાઉથ આફ્રિકા (૪૦.૫ ઓવરમાં ચાર વિકેટે ૨૩૪)નો છ વિકેટે વિજય થયો હતો. સેન્ચુરી કરનાર સાઉથ આફ્રિકાની તૅઝ્મિન બ્રિટ્સ (૧૦૧ રન)ને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. સુન લુસે ૮૩ રન કર્યા હતા. એ પહેલાં કિવીઓની ઇનિંગ્સમાં સાઉથ આફ્રિકાની લેફ્ટ-આર્મ સ્પિનર નૉનકુલુલેકો ઍમ્લાબાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. બે કિવી બૅટર રનઆઉટ થઈ હતી. હવે મંગળવારે બાંગ્લાદેશ અને ઇંગ્લૅન્ડ વચ્ચે મૅચ રમાશે. ભારતનો આગામી મુકાબલો ગુરુવારે સાઉથ આફ્રિકા સામે છે. ■

## પાકિસ્તાનની ઓપનર વિચિત્ર સંજોગોમાં થઈ રનઆઉટ





કોલંબો: રવિવારે અહીં ભારતે ૨૪૮ રનનો લક્ષ્યાંક આપ્યા પછી પાકિસ્તાનની ઇનિંગ્સ હજી તો માંડ શરૂ થઈ હતી અને ૩.૫ ઓવરમાં ફક્ત છ રન બન્યા હતા ત્યાં પેસ બોલર ક્રાંતિ ગૌડના એક બૉલમાં ઓપનર મુનીબા અલી વિરુદ્ધ એલબીડબ્લ્યૂની અપીલ થઈ હતી જેમાં અમ્પાયરે તેને નૉટઆઉટ જાહેર કરી હતી, પરંતુ થોડી જ પળમાં મુનીબા ક્રીઝની જરાક બહાર આવી કે દીપ્તિ શર્માએ સીધા થ્રોમાં તેને રનઆઉટ કરી દેતાં મોટો વિવાદ થયો હતો જેમાં છેવટે મુનીબાને રનઆઉટ જાહેર કરવામાં આવી હતી. મુનીબાએ પહેલાં બૅટ ક્રીઝમાં રાખી દીધું હતું એટલે થર્ડ અમ્પાયરે એ ક્ષણનું પ્રાથમિક ફૂટેજ જોઈને તેને નૉટઆઉટ જાહેર કરી હતી. ભારતીય ખેલાડીઓ પોતાની જગ્યા પર આવવા લાગી હતી. જોકે પછીથી મુનીબાએ બૅટ ઉપાડી લીધું હતું ત્યારે દીપ્તિએ સ્ટમ્પ્સ પર બૉલ ફેંક્યો એ ક્ષણનું ફૂટેજ જોઈને થર્ડ અમ્પાયરે મુનીબાને આઉટ જાહેર કરતાં જ ભારતીય ખેલાડીઓનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું.

ભારતે એલબીડબ્લ્યૂના અમ્પાયરના નિર્ણય સામે ડીઆરએસની મદદ લીધી હોત તો એમાં ભારતને જ સફળતા મળી હોત, પરંતુ બન્યું એવું કે મુનીબા વિરુદ્ધ એલબીડબ્લ્યૂની અપીલ થઈ ત્યારે તો તેણે ક્રીઝની બહાર ઊભા રહીને પણ બૅટ ક્રીઝમાં જ રાખ્યું હતું. જોકે તેણે ક્રીઝની બહાર ઊભા રહીને લાપરવાહીથી બૅટ જરાક ઊંચું કર્યું કે તકનો લાભ લઈને દીપ્તિએ દૂરથી બૉલ ફેંકીને તેને રનઆઉટ કરી દીધી હતી.

પાકિસ્તાની કૅપ્ટન ફાતિમા સનાએ અમ્પાયર સાથે ઘણી દલીલ કરી હતી. જોકે કાયદા મુજબ જો કોઈ બૅટર ક્રીઝ તરફના રનિંગ બાદ કે ક્રીઝ તરફ ડાઇવ માર્યા બાદ જરાક માટે ક્રીઝની બહાર હોય તો એવા કિસ્સામાં ફીલ્ડર સ્ટમ્પ્સ પર બૉલ ફેંકે તો તે રનઆઉટ ન કહેવાય, પરંતુ કોલંબોની મૅચમાં મુનીબા રનિંગ કે ડાઇવિંગની ઍક્શનમાં નહોતી અને માત્ર અપીલ બાદ જરાક માટે બેદરકારીથી ક્રીઝની બહાર હતી એટલે રનઆઉટની અપીલમાં તે આઉટ ગણાય. ખુદ મુનીબા મૂંઝાઈ ગઈ હતી અને તેણે પાછા જવું પડ્યું હતું. ■

## સાથી ખેલાડી ટકરાતાં પાકિસ્તાની વિકેટકીપરથી કૅચ છૂટ્યો અને રિચા ઘોષ આઉટ થતાં બચી ગઈ

કોલંબો: મહિલા વન-ડે વર્લ્ડ કપમાં રવિવારે પાકિસ્તાન સામેની રસાકસીભરી મૅચમાં ભારતની ફીલ્ડિંગ તો ખરાબ હતી જ જેમાં વિકેટકીપર રિચા ઘોષે ત્રણ કૅચ છોડ્યા હતા, પરંતુ એ પહેલાં પાકિસ્તાનની ટીમની પણ ફીલ્ડિંગ ખૂબ ખરાબ હતી જેમાં ડ્રૉપ થયેલા એક કૅચની સોશ્યલ મીડિયામાં ખૂબ ચર્ચા છે.

ભારતની ટીમ આ મૅચમાં ૫૦મી ઓવરના છેલ્લા બૉલ પર ૨૪૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. એ અગાઉ ૪૯મી ઓવરના અંતે ભારતનો સ્કોર ૮/૨૩૬ હતો. રિચા ઘોષ સ્ટ્રાઇક પર હતી અને સામા છેડે ક્રાંતિ ગૌડ દાવમાં હતી. ભારતની સૌથી વધુ ચાર વિકેટ લેનાર પેસ બોલર ડાયના બેગના પહેલા બે બૉલમાં રિચાએ એક ચોક્કા સહિત છ રન કર્યા હતા અને ત્રીજા બૉલમાં ખોટા શૉટમાં વિકેટકીપર સિદ્રા નવાઝ જયારે રિચાનો ઊંચો કૅચ ઝીલવા દોડી ત્યારે વિચિત્ર ઘટના બની હતી.

સિદ્રા નવાઝના હાથમાં બૉલ આવી જ ગયો હતો (તેણે કૅચ ઑલમોસ્ટ ઝીલી લીધો હતો) ત્યાં જ સામેથી કૅચ પકડવા દોડીને આવેલી સાથી ફીલ્ડર નતાલિયા પરવેઇઝ તેની સાથે ટકરાઈ હતી. આ ટક્કરમાં નવાઝથી હાથમાં આવેલો બૉલ છૂટી ગયો હતો અને રિચા આઉટ થતાં બચી ગઈ હતી. બન્ને પાકિસ્તાની ફીલ્ડરની આ ગેરસમજ બદલ સોશ્યલ મીડિયામાં પાકિસ્તાની ટીમની ખૂબ ટીકા થઈ રહી છે. છેલ્લી ઓવરના આ ડ્રામા બાદ ભારતીય બૅટર્સે બીજા પાંચ રન બનાવી લીધા હતા.

એક્સ’ પર એક ક્રિકેટ ચાહકે લખ્યું હતું કે પાકિસ્તાનની ટીમમાં ફીલ્ડિંગની બાબતમાં આવું તો થતું જ રહેતું હોય છે.ભારતે પાકિસ્તાનને ૨૪૮ રનનો મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો અને પાકિસ્તાની ટીમ સિદ્રા અમીનના લડાયક ૮૧ રન છતાં ૧૫૯ રન પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને ભારતનો ૮૮ રનથી વિજય થયો હતો. આઠ દેશ વચ્ચેની આ સ્પર્ધામાં ભારત નંબર-વન સ્થિતિમાં થઈ ગયું હતું. ■



## પાકિસ્તાનનું ફરી નાક કપાયું: મૅચ પછી પણ ભારતીય મહિલા ક્રિકેટરોએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવ્યા

કોલંબો: રવિવારે અહીં મહિલા વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાનને ૮૮ રનથી પરાસ્ત કર્યું ત્યાર બાદ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ નહોતા મિલાવ્યા અને સીધી પોતાના ડ્રેસિંગ-રૂમ તરફ ચાલવા લાગી હતી. એ પહેલાં, ટૉસ વખતે કૅપ્ટન હરમનપ્રીત કૌરે પાકિસ્તાનની સુકાની ફાતિમા સના સાથે હૅન્ડશેક કરવાનું ટાળ્યું હતું. પાકિસ્તાનના પુરુષ ક્રિકેટરો પછી મહિલા ક્રિકેટરોએ પણ પોતાની સરકાર અને લશ્કરી તંત્રના ભારત પ્રત્યેના આતંકવાદી-પ્રેરિત તથા દાયકાઓના દુશ્મનાવટભર્યા વ્યવહારને કારણે આ રીતે નાલેશી જોવી પડી છે.



તાજેતરમાં એશિયા કપમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટીમ પાકિસ્તાન સામે ત્રણ મૅચ રમી હતી અને એમાં પણ ભારતીય ખેલાડીઓએ સલમાન આગા ઍન્ડ કંપનીના પ્લેયર્સ સાથે હાથ નહોતા મિલાવ્યા અને હૅન્ડશેકનો વિવાદ સમગ્ર જગતમાં વાઇરલ થયો હતો.

સામાન્ય રીતે કોઈ પણ ક્રિકેટ મૅચમાં ટૉસ વખતે બન્ને હરીફ ટીમના કૅપ્ટન એકબીજા સાથે હાથ મિલાવે છે અને ટૉસને લગતી પ્રક્રિયા શાંતિથી પાર પડતી હોય છે. મૅચ પછી પણ બન્ને ટીમના ખેલાડીઓ એકમેક સાથે હાથ મિલાવ્યા પછી જ ડ્રેસિંગ-રૂમમાં પાછા જતા હોય છે. જોકે એશિયા કપમાં ૧૪મી સપ્ટેમ્બરે સૂર્યકુમાર યાદવે સલમાન આગા સાથે ટૉસ વખતે હાથ ન મિલાવ્યા ત્યારથી હૅન્ડશેક વિવાદ શરૂ થયો હતો અને પછી ફાઇનલને અંતે પણ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાનીઓ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. એ નિર્ણાયક મૅચમાં ભારતના હાથે પછડાટ ખાધા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ મોહસિન નકવીએ નાટક શરૂ કર્યું હતું અને ચૅમ્પિયન ભારતીય ટીમ માટેની ટ્રોફી ભારતીય ટીમને અપાવવાને બદલે ટ્રોફી ગાયબ કરીને આખી દુનિયામાં પાકિસ્તાનનું નામ બદનામ કર્યું હતું.

રવિવારે ભારતે ૨૪૭ રન કર્યા હતા જેમાં હર્લીન દેઓલના ૪૬ રન હાઇએસ્ટ હતા. પાકિસ્તાને સિદ્રા અમીનના લડાયક ૮૧ રન છતાં માત્ર ૧૫૯ રનમાં આખી ટીમ ઑલઆઉટ થઈ જતાં ભારત સામે ૮૮ રનથી પરાજય જોવો પડ્યો હતો. પાકિસ્તાનની ત્રણ મહત્ત્વપૂર્ણ વિકેટ લઈને એને ૨૪૮ રનના તોતિંગ લક્ષ્યાંકથી વંચિત રખાવવામાં સૌથી મોટું યોગદાન આપનાર પેસ બોલર ક્રાંતિ ગૌડને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.■

## પ્રભસિમરન સિંહ: ભારતને મળશે નવો આક્રમક ઓપનર

કાનપુર: ઇન્ડિયા-એ ટીમે રવિવારે અહીં ઑસ્ટ્રેલિયા-એની પ્રવાસી ટીમને ત્રીજી અને અંતિમ બિનસત્તાવાર વન-ડેમાં હરાવીને સિરીઝ ૨-૧થી જીતી લીધી એનો સૌથી મોટો જશ ઓપનર પ્રભસિમરન સિંહને ફાળે જાય છે, કારણકે તેણે આ મૅચમાં માત્ર ૬૮ બૉલમાં સાત સિક્સર અને આઠ ફોરની મદદથી ૧૦૨ રન કરીને ભારતીય ટીમને શાનદાર વિજય અપાવ્યો હતો. આઇપીએલમાં પંજાબ કિંગ્સ વતી ઘણી મૅચોમાં સ્ટેડિયમ ગજવી ચૂકેલો પ્રભસિમરન થોડા સમયમાં ભારતીય ટીમમાં જોવા મળશે તો નવાઈ નહીં લાગે.

પચીસ વર્ષના પ્રભસિમરને ૧૯ ફર્સ્ટ ક્લાસ મૅચમાં ૧૯ સિક્સર અને ૨૦૩ ફોરની મદદથી કુલ ૧,૪૩૩ રન કર્યા છે.

રવિવારે ઑસ્ટ્રેલિયા-એ ટીમે ૩૧૬ રન કર્યા હતા. ભારતીય ટીમ વતી અર્શદીપ અને હર્ષિત રાણાએ ત્રણ-ત્રણ લીધી હતી.

ભારતે પ્રભસિમરનના ૧૦૨ રન ઉપરાંત કૅપ્ટન શ્રેયસ ઐયર તથા રિયાન પરાગના ૬૨-૬૨ રનની મદદથી ૪૬ ઓવરમાં આઠ વિકેટે ૩૨૨ રન કરીને વિજય મેળવી લીધો હતો. ■

## ઓહ નો! અમેરિકાના ખેલાડીએ જીત્યા પછી વર્લ્ડ ચૅમ્પિયન ગુકેશનું કિંગ ઉપાડીને ક્રાઉડમાં કેમ ફેંક્યું?

ઑર્લિંગ્ટન (અમેરિકા): ટેક્સસ સ્ટેટના ઑર્લિંગ્ટન શહેરમાં ભારત અને અમેરિકા વચ્ચેની ચેસની પ્રદર્શનીય ઇવેન્ટમાં અમેરિકાના જાણીતા ખેલાડી હિકારુ નાકામુરાએ ભારતના વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશને રૅપિડ ચેસમાં હરાવી દીધા બાદ ચેસ બોર્ડ પરથી ગુકેશનું કિંગ ઉપાડીને પ્રેક્ષકોમાં ફેંક્યું એ ઘટના ચર્ચાસ્પદ થઈ હતી.

સોશ્યલ મીડિયામાં ચેસના નામાંકિત ખેલાડીઓ અને વિશ્લેષકો નાકામુરાની આ હરકતથી ગુસ્સે થયા હતા અને મીડિયામાં નાકામુરાની ટીકા થઈ હતી. વિશ્વ વિખ્યાત ખેલાડી વ્લાદિમીર ક્રૅમ્નિકે આ કૃત્ય બદલ નાકામુરાને ખૂબ વખોડ્યો હતો.

જોકે પછીથી જાણવા મળ્યું હતું કે આ એક્ઝિબિશન ઇવેન્ટ હતી અને એના આયોજકોએ જ ‘ટૉસિંગ ધ કિંગ’ના આ કૃત્ય કરવા માટેની યોજના ઘડી હતી અને એ મુજબ નાકામુરાએ ગુકેશનું કિંગ ક્રાઉડમાં ફેંક્યું હતું.



ચેસ નિષ્ણાત લિવી રૉજમૅને એક યુટ્યૂબ વીડિયોમાં જણાવ્યું, ‘આ ઇવેન્ટના આયોજકોએ જ નક્કી કર્યું હતું કે ગુકેશ અને નાકામુરા, બેમાંથી જે પણ ખેલાડી જીતશે તે પરાજિત ખેલાડીનું કિંગ ઉપાડીને ક્રાઉડમાં ફેંકશે. માત્ર પ્રેક્ષકોના મનોરંજન માટે જ આયોજકોએ આ યોજના બનાવી હતી. ગુકેશ જીત્યો હોત તો તેણે નાકામુરાનું કિંગ ચેસપ્રેમીઓમાં ફેંક્યું જ હોત એવું હું ખાતરીથી ન કહી શકું, પરંતુ પછીથી ખુદ નાકામુરાએ ગુકેશ સાથે વાતચીત કરી હતી જેમાં તેણે ગુકેશને વાસ્તવિકતાથી વાકેફ કર્યો હતો અને તેને કહ્યું હતું કે આવું કરીને તેનું અપમાન કરવાનો તેનો કોઈ જ ઇરાદો નહોતો.’

ભારત વતી આ ઇવેન્ટમાં ભાગ લેનારાઓમાં ગુકેશ ઉપરાંત મહિલાઓની વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, અર્જુન એરીગૈસી, સાગર શાહ અને ઇથાન વાઝનો સમાવેશ હતો. ■

## આપણા દિવ્યાંગ ઍથ્લીટોનો ઐતિહાસિક પર્ફોર્મન્સ અનેક લોકો માટે પ્રેરક બનશે: વડા પ્રધાન મોદી

### દિલ્હીની વિશ્વ સ્પર્ધામાં ભારતીય દિવ્યાંગો છ ગોલ્ડ સહિત કુલ બાવીસ ચંદ્રક જીત્યા

નવી દિલ્હી: અહીં પાટનગરમાં દિવ્યાંગ ઍથ્લીટો માટેની વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ્સમાં ભારતીય સ્પર્ધકો છ ગોલ્ડ, નવ સિલ્વર અને સાત બ્રૉન્ઝ સહિત કુલ બાવીસ ચંદ્રક જીત્યા એટલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પર પ્રશંસાની વર્ષા વરસાવી છે અને તેમના આ પર્ફોર્મન્સને ઐતિહાસિક ગણાવીને તેમના ખૂબ વખાણ કર્યા છે.

ભારતના દિવ્યાંગ ઍથ્લીટોએ ૨૦૨૪માં જાપાનના કૉબેમાં યોજાયેલી વિશ્વ સ્પર્ધામાં કુલ ૧૭ મેડલ જીતવાની જે સિદ્ધિ મેળવી હતી એને આ વખતે દિલ્હીમાં બાવીસ ચંદ્રક સાથે પાર કરીને નવો ઇતિહાસ સર્જ્યો છે. ભારતમાં પહેલી જ વખત દિવ્યાંગ ઍથ્લીટો માટેની વર્લ્ડ ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ યોજાઈ જેમાં ૧૦૦થી પણ વધુ દેશના ૨,૨૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમણે કુલ ૧૮૬ મેડલ ઇવેન્ટમાં હરીફાઈ કરી હતી. મોદીએ તમામ




દેશોના ઍથ્લીટો અને સપોર્ટ-સ્ટાફને આ સ્પર્ધા સફળ તેમ જ સંગીન બનાવવામાં યોગદાન આપવા બદલ તેમનો આભાર માન્યો હતો.

પીએમ મોદીએ દેશના તમામ ચંદ્રક વિજેતાઓના ફોટો પોસ્ટ કરવાની સાથે ‘એક્સ’ પર લખ્યું હતું, ‘આપણા પૅરા ઍથ્લીટોએ ઐતિહાસિક પર્ફોર્મ કર્યું છે. આ વર્ષની પૅરા-ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ્સ ભારત માટે વેરી સ્પેશ્યલ રહી. ભારતીય ઍથ્લીટોના સંઘે સૌથી સારું પર્ફોર્મ કર્યું છે. આપણે છ ગોલ્ડ મેડલ સહિત કુલ બાવીસ મેડલ જીત્યા. આપણા ઍથ્લીટોને અભિનંદન.’

મોદીએ એવું પણ લખ્યું હતું કે ‘આપણા દિવ્યાંગ ઍથ્લીટોના આ શાનદાર પર્ફોર્મન્સ અનેક લોકો માટે પ્રેરક બનશે. હું આપણા સંઘના પ્રત્યેક મેમ્બર પર ગર્વ અનુભવું છું અને તેમને ભાવિ સ્પર્ધાઓ માટે શુભેચ્છા પાઠવું છું.’ ■

## વન-ડેમાં એક ટીમે ૫૬૪ રન કર્યા અને પછી ૪૭૭ રનથી જીતી ગઈ!

### મુહમ્મદ અકરમ નામના પ્લેયરે માત્ર ૯૭ બૉલમાં ૨૧૭ રન ખડકી દીધા

ક્વાલાલમ્પુર: મર્યાદિત ઓવરની મૅચોમાં થોડા વર્ષોથી નવા-નવા રેકૉર્ડ અને નવા તોતિંગ સ્કોર જોવા મળી રહ્યા છે અને એમાં વધુ એક ચોંકાવનારી ઇનિંગ્સનો ઉમેરો થયો છે, જેમાં મલયેશિયામાં એક ડોમેસ્ટિક અન્ડર-૧૯ વન-ડે મૅચમાં સેલનગોર નામની ટીમે ૫૦ ઓવરમાં છ વિકેટે ૫૬૪ રન ખડકી દીધા હતા અને પુત્રાજયા નામની ટીમને ૪૭૭ રનથી હરાવી દીધી હતી. પુત્રાજયાની ટીમ ૫૬૫ રનના ઊંચા પહાડ જેવા લક્ષ્યાંક સામે ૨૧.૫ ઓવરમાં ફક્ત ૮૭ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી.

નવાઈની વાત એ છે કે સેલનગોર ટીમના મુહમ્મદ અકરમ નામના બૅટ્સમૅને ફક્ત ૯૭ બૉલમાં ચોક્કા અને છગ્ગાનો વરસાદ વરસાવીને કુલ ૨૧૭ રન કર્યા હતા. અકરમ ડબલ સેન્ચુરી ફટકારી શક્યો ત્યાં આખી હરીફ ટીમ ૧૦૦ રન પણ નહોતી કરી શકી.

વન-ડે ઇન્ટરનૅશનલમાં હજી સુધી કોઈ ટીમ ૫૦૦ રનના આંકડા સુધી નથી પહોંચી શકી અને અન્ડર-૧૯ ક્રિકેટમાં પણ ૫૦૦ રનનો આંકડો કોઈ ટીમ નથી જોઈ શકી. વન-ડે આંતરરાષ્ટ્રીયમાં ઇંગ્લૅન્ડના નેધરલૅન્ડ્સ સામેનો ૪/૪૯૮નો સ્કોર હાઇએસ્ટ છે, જ્યારે અન્ડર-૧૯માં ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ના કેન્યા અન્ડર-૧૯ સામેનો ૬/૪૮૦નો સ્કોર સૌથી વધુ છે. જોકે મલયેશિયન મેન્સ અન્ડર-૧૯







ઇન્ટર-સ્ટેટ ચૅમ્પિયનશિપમાં ૫૦૦-પ્લસના સ્કોરથી સનસનાટી મચી ગઈ છે. સેલનગોરના ૧૧.૦૦થી પણ વધુ રનરેટથી બનેલા ૬/૫૬૪ના સ્કોર પરથી કહી શકાય કે વન-ડેમાં ૬૦૦નો આંકડો બહુ દૂર નથી. ■

## શુભમન ગિલને સુકાની બનાવાયા પછી હવે યશસ્વી કહે છે, મારે પણ કૅપ્ટન બનવું છે

નવી દિલ્હી: ટીમ ઇન્ડિયામાં હાલમાં કૅપ્ટન બદલવાનો તબક્કો ચાલી રહ્યો છે અને એમાં યશસ્વી જયસ્વાલે પણ ઝુકાવ્યું છે. રોહિત શર્માના સ્થાને વન-ડે ટીમની કમાન શુભમન ગિલને સોંપવામાં આવી છે ત્યારે યશસ્વીએ એક મુલાકાત દરમ્યાન કરેલું નિવેદન ચર્ચાના ચકડોળે ચડ્યું છે.


થોડા સમય પહેલાં પીઢ ઑલરાઉન્ડર અને ‘બાપુ’ તથા ‘જડ્ડુ’ તરીકે ઓળખાતા રવીન્દ્ર જાડેજાએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘ભારતીય ટીમનો કૅપ્ટન બનવાની તેની ઇચ્છા હજી પણ પ્રબળ છે.’ તેના આ નિવેદનથી ભારતીય ક્રિકેટમાં ખાસ કંઈ હલચલ નહોતી મચી, પણ યશસ્વીએ સુકાની બનવાનું સપનું વ્યક્ત કરીને દેશના ક્રિકેટ પંડિતોને વિચારતા કરી દીધા છે.

રોહિત શર્મા ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ગયો છે, વન-ડેમાં તેની પાસેથી સુકાન પાછું લઈ લેવામાં આવ્યું છે અને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી તેના સંપૂર્ણ રિટાયરમેન્ટનો દિવસ હવે બહુ દૂર નથી. બીજી તરફ, શુભમન ગિલને ટેસ્ટ પછી હવે વન-ડેનું પણ સુકાન સોંપાયું છે અને કહેવાય છે કે થોડા સમયમાં તે ત્રણેય ફૉર્મેટમાં ભારતના કૅપ્ટન તરીકે જોવા મળશે.

યશસ્વી જયસ્વાલે એક પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂમાં મન કી બાત વ્યક્ત કરતા કહ્યું, ‘હું દરરોજ મારી ફિટનેસ અને કૌશલ્ય-ક્ષમતા પર ધ્યાન આપું છું. મને લાગે છે કે મારે વધુ ફિટ થવાની જરૂર છે. હું ખુદની બાબતમાં એટલો બધો વ્યસ્ત રહું છું કે એક દિવસ હું સારો લીડર બની શકું, કારણકે હું આવનારા સમયમાં એક ટીમનો સુકાની બનવા માગું છું.’ યશસ્વીએ ભારત વતી પચીસ ટેસ્ટમાં ૪૯.૮૮ની સરેરાશે ૩,૩૯૦ રન કર્યા છે અને ૨૧૪ રન હાઇએસ્ટ સ્કોર છે. ૨૩ વર્ષનો યશસ્વી ભારત વતી એક વન-ડે રમ્યો છે. તેણે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૨૩ મૅચમાં એક સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરીની મદદથી ૭૨૩ રન કર્યા છે.

# તન-મન-ધનથી રહો તરોતાજા

# ROI એટલે માત્ર રિટર્ન ઑન ઈન્વેસ્ટમેન્ટ નહીં, રિસ્ક ઑન ઈન્વેસ્ટમેન્ટ પણ હોય છે



## મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**આપણામાંથી** મોટા ભાગના લોકો ROI શબ્દ વાંચે એટલે 'રિટર્ન ઑન ઇન્વેસ્ટમેન્ટ' જ યાદ આવે. એમ તો એનો અર્થ આ જ થાય છે, પરંતુ ROI એટલે 'રિસ્ક ઑન ઇન્વેસ્ટમેન્ટ' પણ થાય. તેનું કારણ એ છે કે રિસ્ક (એટલે કે જોખમ) અને રિટર્ન (એટલે કે વળતર) એ એક જ સિક્કાની બે બાજુઓ હોય છે.

આપણે જ્યારે પણ 'વધુ જોખમ...વધુ વળતર' એ સૂત્ર યાદ કરીએ છીએ ત્યારે આપણા મગજ પર 'જોખમ' શબ્દ કરતાં 'વળતર' શબ્દની અસર વધારે હોય છે. દેખીતી વાત છે કે આપણે વધુ વળતરની ઇચ્છા રાખીને જ રોકાણ કરીએને...

તમે જ વિચાર કરો, 'વધુ જોખમ, વધુ વળતર' કહેવું જોઈએ કે 'વધુ વળતર, વધુ જોખમ' કહેવું જોઈએ?

આપણે જ્યારે 'વધુ જોખમ, વધુ વળતર' એમ કહીએ ત્યારે બધાને એમ લાગતું હોય છે કે જે લોકો વધારે જોખમ લે છે તેમને વધારે વળતર મળે છે. હકીકતમાં, જ્યાં જ્યાં વધારે વળતર મળે છે ત્યાં ત્યાં વધારે જોખમ હોય છે. ટૂંકમાં, એમ પણ કહી શકાય કે જોખમ અને વળતર એ બન્ને કોઈ પણ રોકાણના અભિન્ન અંગ છે.

શું તમે ક્યારેય કાંટા વગરનો ગુલાબનો છોડ જોયો છે? શું તમે ક્યારેય એવો ખાટકી જોયો છે જે એમ કહેતો હોય કે હું લોહી અને માંસ નહીં જોઉં? જે માણસ પાણીથી ડરતો હોય એ કદી માછીમાર બની શકે?

આ જ રીતે જોખમ વગર વળતર મળી શકે નહીં. આપણે જ્યારે પૈસા રોકીએ છીએ ત્યારે પૈસા આપણાથી છૂટા થાય એ જ સૌથી પહેલું જોખમ હોય છે.

અલગ અલગ પ્રકારનાં રોકાણો સાથે અલગ અલગ પ્રકારનાં જોખમો સંકળાયેલાં હોય છે. આથી રોકાણ કરતાં પહેલાં એ બધાં જોખમો વિશેની જાણકારી પ્રાપ્ત કરી લેવી જોઈએ.

કારના ડ્રાઈવર પાસે બ્રેક અને એક્સેલરેટરની સંપૂર્ણ જાણકારી હોય પછી જ એણે એન્જિન ચાલુ કરવું જોઈએ.

અહીં ખાસ કહેવું રહ્યું કે રોકાણ કરવાથી દૂર જ રહેવું એવું કહેવાનો જરા પણ આશય નથી. ખરું પૂછો તો માણસ રોકાણ ન કરે એ જ જીવનમાં સૌથી મોટું જોખમ હોય છે. બીજું જોખમ છે રોકાણ સાથે સંકળાયેલાં જોખમો વિશે જાણકારી લીધા વગર જ રોકાણ કરવું.

અહીં મિતાલી અને સુધીરનું ઉદાહરણ જોઈએ. બન્ને નવપરિણીત યુગલ હતાં. તેમનો પ્રેમ અપાર હતો. દરેક નવદંપતીમાં હોય એવી નર્વસનેસ પણ તેમનામાં હતી. આ યુગલ પોતાનું ઘર ખરીદવા માગતું હતું. તેમના હાલના ઘરમાલિક તેમને ભાડાનું ઘર વેચાતું આપવા તૈયાર હતા. બન્ને પક્ષને લાભ થાય એવો સોદો કરવા માટે તેઓ તૈયાર હતાં. મિતાલી અને સુધીરને ડાઉન પેમેન્ટ કરવા માટે ૨૫ લાખ રૂપિયાની જરૂર હતી. જો કે, તેમનાં મોટાભાગનાં નાણાં કરબચત માટેનાં સાધનોમા લાંબા ગાળા માટે રોકાયેલાં હતાં.

હા, તેમની પાસે જમીનનો એક ટુકડો પણ હતો. પોતાના લગ્ન સમયે મળેલા પૈસામાંથી તેમણે એક પ્લોટ ખરીદ્યો હતો. વડીલોના કહેવાથી તેમણે એ ખરીદી કરી હતી. આમ તેમની પાસે સંપત્તિ હતી, પરંતુ એ પ્રવાહિતા વગરની હતી. આથી, રોકડા પાંચ લાખ રૂપિયા મળે એમ ન હતું.

ઘણા રોકાણકારોને આવું જ જોખમ નડતું હોય છે. આ દંપતીનાં રોકાણો 'My GDP' એટલે કે 'My Goals and Dreams Plan'ને ધ્યાનમાં રાખ્યા વગર જ કરાયેલાં હતાં. તેથી કહેવાનું કે હંમેશાં 'My GDP'ને ધ્યાનમાં રાખીને જ રોકાણો કરવાં.

આ ઉપરાંત, કોઈપણ પ્રકારના રોકાણને બે પ્રકારનાં જોખમો લાગુ પડતાં હોય છેઃ ૧) પારદર્શક અને અપારદર્શક જોખમ; ૨) સિસ્ટમેટિક અને અનસિસ્ટમેટિક જોખમ.

આપણે જ્યારે સ્ટોક માર્કેટમાં કે સોનામાં રોકાણ કરીએ છીએ ત્યારે જોખમ પારદર્શક હોય છે, કારણ કે આપણને આપણા રોકાણના ભાવની હિલચાલ અને બજારમૂલ્ય એ બન્ને રોજે-રોજ જોવા મળતાં હોય છે. આપણે જ્યારે બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ કરીએ ત્યારે આપણને એ ખબર નથી પડતી કે આપણે રોજિંદા કે સાપ્તાહિક ધોરણે ફુગાવાની અસરને કારણે કેટલું મૂલ્ય ગુમાવ્યું છે. આમ, સ્ટોક માર્કેટ અને સોનામાં રોકાણ પારદર્શક કહેવાય અને ફિક્સ્ડ ડિપોઝિટ, અને અમુક અંશે, રિયલ એસ્ટેટમાં કરેલું રોકાણ અપારદર્શક હોય છે. સિસ્ટમેટિક જોખમ એટલે સિસ્ટમમાં રહેલું જોખમ. આપણે કાંટા અને ગુલાબ, ખાટકી અને લોહી, માછીમાર અને પાણી એ જે સંબંધો જોયા એ સંબંધો સિસ્ટમેટિક જોખમનાં ઉદાહરણ છે.

ફુગાવો અર્થતંત્રનો હિસ્સો છે. આપણે જ્યારે કોઈ પણ પ્રકારનાં સાધનમાં રોકાણ કરીએ ત્યારે ફુગાવાનું જોખમ તેને આપોઆપ લાગુ પડી જતું હોય છે. સરકારી નીતિઓ, ભૂ-રાજકીય તંગદિલીઓ, વગેરે પણ આવાં જ જોખમ છે. આપણા રોકાણને એ બધાં જ લાગુ પડે છે અને તેનાથી રક્ષણ મેળવવાનું શક્ય હોતું નથી.

અનસિસ્ટમેટિક જોખમ જેની વાત થતી હોય એ રોકાણની સાથે સંકળાયેલું હોય છે. દાખલા તરીકે આપણે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કર્યું છે. જો સરકાર સોનામાં કરાયેલા રોકાણ પર કર લાદવાનો નિર્ણય લે તો આપણા ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાંના રોકાણ પર કોઈ અસર થતી નથી, પણ સોનામાં કરાયેલા કે ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડમાં કરાયેલા રોકાણ પર અસર થતી હોય છે. આ જ રીતે જ્યારે આપણે એબીસી લિમિટેડ કંપનીના શૅર ખરીદેલા હોય અને એક્સવાયઝેડ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રાજીનામું આપે તો એબીસી લિમિટેડ કંપની પર તેની કોઈ અસર થતી નથી. તેનું કારણ છે એ સોના પર લદાયેલો ટેક્સ અને એક્સવાયઝેડ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરનું રાજીનામું એ બન્ને બાબતો સિસ્ટમનો હિસ્સો નથી; તેથી બધાં જ પ્રકારનાં રોકાણો પર અસર થાય એવી ઘટના નથી.

આપણે પોતાનાં નાણાકીય લક્ષ્યો હાંસલ કરી શકાય એ જ રીતે રોકાણ કરવું જોઈએ, પરંતુ સાથે સાથે My ROI એટલે કે My Risk On Investment પર સતત નજર હોવી જોઈએ. ■

# શું મેદસ્વિતા આરોગ્ય વીમા પૉલિસી લેતી વખતે બાધારૂપ બને?



## વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી feedback@bombaysamachar.com

**ભારતમાં** જીવનશૈલીને લગતી બીમારીઓ વધી રહી છે. એમાંની એક છે મેદસ્વિતા એટલે કે જાડાપણું. લોકોને આજકાલ ડાયાબિટીસ અને હૃદયરોગનાં વિવિધ જોખમ વિશે તો ખબર છે, પરંતુ ઘણા ઓછા લોકો જાણે છે કે મેદસ્વિતા ફક્ત આરોગ્ય પર નહીં, આરોગ્ય વીમા પૉલિસી લેવામાં પણ અસર કરે છે.

આ પૉલિસીની રકમ, એનું પ્રીમિયમ અને ક્લેમ એ તમામ બાબત પર મેદસ્વિતાની કેવી અસર થાય છે એ આપણે જાણવું જોઈએ...

મેદસ્વી લોકોએ પહેલી આરોગ્ય વીમા પૉલિસી ખરીદતી વખતે અથવા તો પહેલાં લેવાઈ ગયેલી પૉલિસીનું નવીનીકરણ કરાવતી વખતે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દા આ રહ્યા......

૧) વીમા કંપનીઓ BMIની નોંધ કરે છે

BMI એટલે 'બોડી માસ ઇન્ડેક્સ'. એના પરથી એ જોવામાં આવે છે કે વ્યક્તિ મેદસ્વી છે કે નહીં. BMI નું માપ કાઢવાનું સૂત્ર છેઃ BMI = વજન (કિલો)/ઉંચાઈ (મીટરમાં). વીમા કંપનીઓ એની ખાસ નોંધ લેતી હોય છે.

| BMI પ્રમાણે વજનની શ્રેણી | BMI ની રેન્જ |
|---|---|
| સામાન્ય કરતાં ઓછું વજન | ૧૮.૫ કરતાં ઓછો |
| સામાન્ય વજન | ૧૮.૫-૨૪.૯ |
| સામાન્ય કરતાં વધારે વજન | ૨૫ -૨૯.૯ |
| મેદસ્વી (વર્ગ ૧) | ૩૦ - ૩૪.૯ |
| મેદસ્વી (વર્ગ ૨) | ૩૫ - ૩૯.૯ |
| ખૂબ જ મેદસ્વી | ૪૦ અને એનાથી વધુ |

મોટા ભાગની ભારતીય આરોગ્ય વીમા કંપનીઓ ઇખ્ઈ નો આંક ૩૦થી વધારે હોય તો એને મેદસ્વિતાનું ગંભીર જોખમ ગણે છે. કેટલીક કંપની તો ૨૭.૫ કરતાં ઉંચો ઇખ્ઈ હોય અને એની સાથે હાઇ બ્લડ પ્રેસર કે ડાયાબિટીસ જેવી બીમારી હોય તો એને પણ ગંભીર ગણે છે.

૨) BMI વધારે તો પ્રીમિયમ વધારે

જો તમારો BMI વીમા કંપની માટેની સ્વીકાર્ય મર્યાદા કરતાં વધારે હોય તો તમારા માટે આ પ્રમાણેની સ્થિતિ સર્જાઈ શકે છેઃ

* વધારે પ્રીમિયમ ચૂકવવું પડી શકે છે (જેને લોડિંગ કહેવાય છે).
* અમુક વધારાનાં તબીબી પરીક્ષણો કરાવ્યા બાદ જ પૉલિસી મળે છે.
* કવરેજને લગતાં કેટલાંક બંધનો અને શરતો રાખવામાં આવે છે.
* મેદસ્વિતા ઘણી વધારે હોય તો શક્ય છે કે પૉલિસી મળે જ નહીં.

ઉદાહરણઃ

૩૦ વર્ષની સામાન્ય વજન ધરાવતી વ્યક્તિ એટલે કે વીમા કંપનીને સ્વીકાર્ય હોય એટલો BMI ધરાવતી તંદુરસ્ત વ્યક્તિનું પાંચ લાખ રૂપિયાની પૉલિસી માટેનું વાર્ષિક પ્રીમિયમ જો ૧૦,૦૦૦ રૂપિયા હોય તો શક્ય છે કે એટલી જ રકમની પૉલિસી માટે મેદસ્વી વ્યક્તિને ૧૩,૦૦૦થી ૧૬,૦૦૦ રૂપિયા જેટલું પ્રીમિયમ લાગુ પડે. મેદસ્વિતાનાં જોખમોના આધારે પ્રીમિયમની રકમ બદલાય છે.

૩) પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીસીઝ અને એક્સક્લુઝન્સ

મેદસ્વી વ્યક્તિઓને જીવનશૈલીને લગતી આ બીમારીઓ થવાનું જોખમ વધારે હોય છેઃ

* ટાઇપ ટુ ડાયાબિટીસ
* હાઇપરટેન્શન
* સ્લીપ એપ્નિઆ
* મહિલાઓમાં પોલીસિસ્ટિક ઓવેરિયન ડિસીઝ (પીસીઓડી)
* હાડકાંના સાંધાની તકલીફો (ખાસ કરીને ઘૂંટણ, પીઠમાં)
* હૃદયરોગ

જો આમાંથી કોઈ બીમારીનું નિદાન પૉલિસી કઢાવતાં પહેલાં જ થઈ ગયું હોય તો વીમા કંપની આ પ્રમાણેના નિર્ણયો લઈ શકે છેઃ

* એ બીમારીઓને પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીસીઝ ગણે.
* વેઇટિંગ પીરિયડ લાગુ કરે (પૉલિસી લીધાનાં બેથી ચાર વર્ષ પૂરાં થયા બાદ જ ક્લેમ કરી શકાય).
* મેદસ્વિતાને સંબંધિત સારવાર (દા.ત. બેરિયાટ્રિક સર્જરી)ને કાયમી સ્વરૂપે એક્સક્લુઝનમાં નાખે.

૪) અંડરરાઇટિંગની કડક શરતો અને મંજૂરીમાં વિલંબ

કોઈ પણ વ્યક્તિ જ્યારે આરોગ્ય વીમા પૉલિસી માટે અરજી કરે ત્યારે એ અરજી પર અંડરરાઇટિંગ નામની પ્રક્રિયા થાય છે. વીમા કંપની આ જ પ્રક્રિયા દરમિયાન અરજદારના આરોગ્ય સામેનાં જોખમોનું આકલન કરીને એની નોંધ કરતી હોય છે.

મેદસ્વી વ્યક્તિ માટે આ વાત લાગુ પાડવામાં આવી શકે છેઃ

* આરોગ્યને લગતા વધુ તથા ઊંડાણપૂર્વકના સવાલો પૂછવામાં આવી શકે છે
* વધારાના બ્લડ ટેસ્ટ, ઈસીજી કે ટીએમટી વગેરે પરીક્ષણો કરાવવાનું કહેવામાં આવી શકે છે
* અરજીનો સ્વીકાર કરવામાં વિલંબ થઈ શકે છે અથવા તો વીમા કંપની વધુ દસ્તાવેજો માગી શકે છે.

મેદસ્વી વ્યક્તિઓ સારામાં સારું કવરેજ કઈ રીતે મેળવી શકે?

* મેદસ્વિતાનાં કોમ્પ્લિકેશન્સ વધે એની પહેલાં જ, શક્ય હોય ત્યાં સુધી ઉંમરના વીસીના કે ત્રીસીના દાયકામાં આરોગ્ય વીમા માટે અરજી કરી દેવી
* આરોગ્યને લગતી કોઈ પણ માહિતી અરજી કરતી વખતે છુપાવવી નહીં
* અલગ અલગ કંપનીઓની પોલિસીની તુલના કરો, કારણ કે દરેક કંપની અંડરરાઇટિંગને લગતી અલગ અલગ માર્ગદર્શિકાનું પાલન કરતી હોય છે.
* લાંબા ગાળાનાં જોખમોને અનુલક્ષીને વધુ મોટી રકમનો વીમો કઢાવવો.
* વીમા કંપનીઓ દ્વારા આપવામાં આવતા વેલનેસ પ્રોગ્રામ્સ લેવા વિશે પણ વિચારવું, કારણ કે કેટલીક કંપનીઓ વજન ઘટાડવાના અને ફિટનેસ ટ્રેકિંગના પ્રોગ્રામ લેનાર વ્યક્તિને પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ આપતી હોય છે.
* સ્વૈચ્છિક રીતે તબીબી પરીક્ષણો કરાવવાનું કહેવું, જેથી એમાં તમારા બ્લડ પ્રેસર, કોલેસ્ટરોલ, સુગર, વગેરે જેવાં પરીક્ષણો આવરી લેવાય અને જો એ નોર્મલ આવે તો પૉલિસી સહેલાઈથી અને વધુ પ્રીમિયમ વગર મળી શકે.

શું આરોગ્ય વીમા પૉલિસી હેઠળ બેરિયાટ્રિક (વજન ઘટાડવાની) સર્જરી આવરી લેવાયેલી હોય છે?

કેટલીક કંપની આરોગ્યની દૃષ્ટિએ જરૂરી (બેડોળપણું દૂર કરવાની દૃષ્ટિએ નહીં) હોય એવી બેરિયાટ્રિક સર્જરીને આરોગ્ય વીમા હેઠળ આવરી લે છે. જો કે, સામાન્ય રીતે એ વખતે આ પ્રમાણેની શરતો લાગુ પડતી હોય છેઃ

* વીમાધારકનો બીએમઆઇ ૪૦ કરતાં અથવા ૩૫ કરતાં વધારે રહેતો હોય અને સાથે સાથે સંબંધિત બીમારીઓ થઈ હોય.
* સર્જરી કરાવવાની ભલામણ પ્રમાણિત ડોક્ટરે કરી હોય.
* વીમાધારકે પહેલેથી ખર્ચ મંજૂર કરાવી લીધો હોય અને વેઇટિંગ પીરિયડ (૨-૩ વર્ષ) પૂરો થઈ ગયો હોય.

અહીં જણાવવું રહ્યું કે વીમા કંપની કોઈ પણ વસ્તુને આવરી લે છે કે કેમ એની તપાસ પૉલિસીનાં નિયમો અને શરતોના આધારે પહેલેથી કરી લેવી.

ટૂંકમાં...

ભારતમાં દરેક વયજૂથમાં મેદસ્વી વ્યક્તિઓ જોવા મળી રહી છે. આવા સમયે આરોગ્ય વીમા હેઠળ એમને આવરી લેવાવા બાબતે પૂરતી સમજણ કે માહિતી હોવી જરૂરી છે. કોઈ વ્યક્તિનું વજન વધારે હોવાના એકમાત્ર કારણસર એમને પૉલિસી મળે નહીં એવું નથી હોતું. આમ છતાં, એ જણાવવું રહ્યું કે મેદસ્વી વ્યક્તિને પૉલિસી આપતાં પહેલાં અનેક બાબતોની ચુસ્ત તપાસ કરવામાં આવે છે, અમુક સંજોગોમાં વધારે પ્રીમિયમ લેવામાં આવે છે અને ક્યારેક કવરેજની બાબતે ઘણી મર્યાદાઓ રાખવામાં આવે છે.

છેલ્લે, એ પણ કહેવું ઘટે કે ઘણી વીમા કંપનીઓ આરોગ્ય સાચવવા માટે પગલાં ભરનારા વીમાધારકોને અનેક રાહતો આપતી હોય છે. આમ, તમે પોતાનું વજન અંકુશમાં રાખો, તો આરોગ્યની દૃષ્ટિએ તથા ખર્ચની દૃષ્ટિએ તમને પોતાને જ એનો ફાયદો થાય છે.

આરોગ્ય વીમો લેવા ઈચ્છુક મેદસ્વી વ્યક્તિઓએ નાની ઉંમરમાં જ પૉલિસી લઈ લેવી, પારદર્શકતા રાખીને બધી જ માહિતી સ્પષ્ટપણે જણાવી દેવી તથા અલગ અલગ કંપનીની પૉલિસીઓની વિગતવાર તુલના કરવી. આરોગ્ય સાચવવાની સાથે સાથે એ પણ જોવું રહ્યું કે આરોગ્ય વીમાનો ખર્ચ વધારે પડતો થઈ જાય નહીં. ■

feedback@bombaysamachar.com

## આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# આંખ - મોંઢાને પરેશાન કરતો શોગ્રેન્સ સિન્ડ્રોમ...

**એવાં** અનેક કારણો હોય છે, જેને કારણે વ્યક્તિ કોઈ ને કોઈ રોગ કે વ્યાધિનો શિકાર બને છે, પણ ઉપકારક કુદરતે આપણને રોગોના પ્રતિકાર માટે ઇમ્યુન સિસ્ટમ આપી છે. આપણને થતાં ઘણા રોગમાં આપણી ઇમ્યુન સિસ્ટમનો બગાડ કારણભૂત હોય છે.

આવો જ એક વિચિત્ર રોગ છે, જેને શોગ્રેન્સ સિન્ડ્રોમ કહે છે. શોગ્રેન્સ સિન્ડ્રોમ એ રોગપ્રતિકારક શક્તિનો એક વિકાર છે. તેના બે સૌથી સામાન્ય લક્ષણ એટલે સૂકી આંખ અને સૂકું મોં. આપણે જ્યારે રુમેટોઇડ આર્થરાઇટિસ કે લ્યુપસ જેવી બીમારી તમને થઇ હોય તો તેની સાથે આ બે લક્ષણ હોવાની શક્યતા પણ વધે છે તેવું નિષ્ણાતો કહે છે.

શોગ્રેન્સ સિન્ડ્રોમમાં, તમારી આંખો અને મોંની મ્યુકોસ મેમ્બ્રેન અને ભેજ-સ્ત્રાવ ગ્રંથિઓ સામાન્ય રીતે પહેલા અસર પામે છે- પરિણામે આંસુ અને લાળ ઓછી થાય છે. આમ તો કોઈપણ ઉંમરે શોગ્રેન્સ સિન્ડ્રોમ થઈ શકે છે, પણ આ વિકારનો અભ્યાસ જણાવે છે કે નિદાન સમયે મોટાભાગના લોકો ૪૦ વર્ષથી વધુ ઉંમરના હોય છે. સ્ત્રીમાં આ સ્થિતિ વધુ સામાન્ય જોવા મળે છે.

સારવાર લક્ષણોમાં રાહત આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

આ રોગ થવાનું ચોક્કસ કારણ ડૉક્ટરોને ખબર નથી. તમારામાં એવા જનીનો હોઈ શકે છે જે તમને જોખમમાં મૂકે છે.

બેક્ટેરિયા અથવા વાયરસનો ચેપ રોગને ગતિમાં લાવવાનું કારણ બની શકે છે. શ્વેત રક્તકણો સામાન્ય રીતે જંતુઓ સામે હુમલો કરે છે, પરંતુ તમારા ખામીયુક્ત જનીનને કારણે, તમારા શ્વેત રક્તકણો લાળ અને આંસુ બનાવતી ગ્રંથિઓમાં સ્વસ્થ કોષોને નિશાન બનાવે છે.

એ પણ નોંધનીય છે કે, શોગ્રેન્સ ધરાવતા લગભગ અડધા લોકોમાં પહેલેથી જ કોઈ બીજી સ્વયંપ્રતિરક્ષા તકલીફ મોજૂદ હોય છે.

**લક્ષણો શું છે?**

શોગ્રેન્સ સિન્ડ્રોમના બે મુખ્ય લક્ષણમાં, પહેલું છે સૂકી આંખો. તમારી આંખોમાં



બળતરા થઇ શકે છે, ખંજવાળ આવી શકે છે અથવા આંખોમાં કંઈક ખૂંચતું હોય તેવું લાગશે.

બીજું છે, સૂકું મોં, જેના કારણે ગળી જવામાં કે બોલવામાં મુશ્કેલી પડી શકે છે.

લાંબા ગાળે, આનાથી દાંતમાં પોલાણ અથવા અન્ય સમસ્યાઓ, તેમ જ કેન્ડિડાયાસીસ (થ્રશ) જેવા મોઢાના ચેપ પણ થઇ શકે છે.

શોગ્રેન્સ સિન્ડ્રોમ ધરાવતા કેટલાક લોકોમાં એક અથવા વધુ અન્ય લક્ષણ પણ જોવા મળે છે, જેમકે સાંધામાં દુખાવો, સોજો અને જડતા. લાળ ગ્રંથિઓમાં સોજો (ખાસ કરીને તમારા જડબાની પાછળ અને કાનની સામે સ્થિત સમૂહ), ત્વચા પર ફોલ્લીઓ અથવા શુષ્ક ત્વચા, યોનિમાર્ગની શુષ્કતા, સતત સૂકી ઉધરસ, લાંબા સમય સુધી થાક.

**નિદાન કેવી રીતે થાય છે?**

લક્ષણો ક્યારેક અન્ય રોગો જેવા દેખાતા હોવાથી ક્યારેક ડૉક્ટર માટે નિદાન કરવું મુશ્કેલ બની શકે છે. સંકેતો મેળવવા માટે, ડૉક્ટર શારીરિક તપાસ કરે છે. ડૉક્ટર રક્ત પરીક્ષણની સલાહ આપી શકે છે. રક્ત પરીક્ષણો તમારામાં રહેલા રક્ત કોશિકાઓના સ્તરને માપે છે અને બતાવી શકે છે કે શું તમારી પાસે જંતુ-લડાઈ કરનારા પ્રોટીન (એન્ટિબોડીઝ) છે જે શોગ્રેન્સ ધરાવતા ઘણા લોકોમાં હોય છે.

**સારવાર કેવી હોય છે?**

તમારાં લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે તમારે જીવનભર દવાઓ લેવાની જરૂર પડશે. તબીબો આંખો માટે ટીપા, જેલ કે ઓઈન્ટમેન્ટ જેવી દવાઓની સલાહ આપી શકે છે. શુષ્ક મોંની સારવાર માટે, ડૉક્ટર એવી દવાઓ લખી શકે છે જે લાળનું પ્રમાણ વધારે છે.

**કેટલાક ઘરગથ્થુ ઉપાય**

સૂકા મોં માટે વારંવાર પાણી પીવો, લાળના પ્રવાહને ઉત્તેજિત કરવા અને તમારા મોંને ભેજયુક્ત રાખવા માટે ચ્યુઇંગ ગમ ચાવો અથવા કેન્ડી ચૂસો. ખાતરી કરો કે તે ખાંડ મુક્ત હોય જેથી તમને પોલાણ ન થાય, કાર્બોનેટેડ પીણાં અને મસાલેદાર, ખારા, એસિડિક અને સૂકા ખોરાકથી દૂર રહો. તે તમારા મોંમાં બળતરા પેદા કરી શકે છે. આલ્કોહોલ જેવા કઠોર ઘટક ધરાવતા માઉથવોશનો ઉપયોગ કરશો નહીં. તમારા મોં કે જીભના શુષ્ક વિસ્તારો પર નાળિયેર તેલ અથવા વિટામિન ઈ જેવા ખાદ્ય મોઇશ્ચરાઇઝિંગ તેલનો ઉપયોગ કરો. લિપ બામ સૂકા હોઠને રાહત આપી શકે છે. ધૂમ્રપાન અને સેકન્ડહેન્ડ ધૂમ્રપાન ટાળો, આ બંને મોંમાં શુષ્કતા વધારે છે. સૂકી આંખો, નાક અથવા ત્વચા માટે; ધુમાડો, ધૂળ અને પંખા જેવી આંખોને સૂકવી નાખતી વસ્તુઓથી દૂર રહો.

આઈ શેડો ન લગાવો કે પોપચા પર ક્રીમ ન લગાવો. કમ્પ્યુટરનો ઉપયોગ કરતી વખતે, તમારી આંખોને આરામ આપવા માટે વારંવાર વિરામ લો.

સૂતા પહેલા અને જાગતા પહેલા, પોપચા પર થોડી મિનિટ માટે ગરમ, ભીનું કપડું મૂકો જેથી તમારી તેલ ગ્રંથિઓને ઉત્તેજિત કરી શકાય અને બળતરા ઓછી થાય. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# નાડીશોધન વિના સાધકનો સાધનપથ સરળ થતો નથી



- એમ પ્રાણાયામના ત્રણ પ્રકારો છે.''

(૫) પ્રાણાયામના પ્રકારો મૂકવાની એક સર્વગ્રાહી પદ્ધતિ પણ છેઃ

૧-૫ : અનુલોમવિલોમ પ્રાણાયામના પાંચ પ્રકારો
૬-૯ : ભસ્ત્રિકા પ્રાણાયામના ચાર પ્રકારો
૧૦ : સૂર્યભેદન
૧૧ : ચંદ્રભેદન
૧૨ : દીર્ઘ પ્રાણાયામ
૧૩ : સરલ ઉજ્જાયી
૧૪-૧૭ : ઉજ્જાયીના ચાર પ્રકારો
૧૮ : શીતલી
૧૯ : સીત્કારી
૨૦ : પ્લાવિની
૨૧ : મૂર્છા
૨૨ : ભ્રામરી
૨૩ : ક્રિયાકુંડલિની પ્રાણાયામ
૨૪ : સગર્ભ પ્રાણાયામ
૨૫ : સપ્રણવ સગાયત્રી પ્રાણાયામ
૨૬ : ત્રિબંધ પ્રાણાયામ
૨૭ : શીતલી, ગાયત્રી, પ્રણવ સહિત ત્રિબંધ પ્રાણાયામ
૨૮ : મહત્ પ્રાણાયામ
૨૯ : હસ્તિમર્દન પ્રાણાયામ
૩૦ : સિંહમર્દન પ્રાણાયામ

**નોંધ :-** આ ઉપરાંત પ્રાણાયામના અન્ય પ્રકારો પણ છે.

- રામાનંદ (થોરિયાળી)ના પ્રાણાયામ
- આયંગરના પ્રાણાયામ
- ઘરોટેજીએ સંપાદિત સંસ્કૃતપુસ્તકના પ્રાણાયામ
- ગીતાનંદના પ્રાણાયામ

**૧૦. પ્રાણાયામનું પ્રદાનઃ**

**(अ) આધ્યાત્મિક ક્ષેત્રેઃ**

પ્રાણાયામ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે, તેથી તેનું પ્રધાન પ્રદાન આધ્યાત્મિક ક્ષેત્રે જ હોય, તે સ્વાભાવિક છે.

(I) હઠયોગની સૌથી પ્રધાન ઘટના કુંડલિની શક્તિ જાગરણ છે. હઠયોગમાં યૌગિક ક્રિયાઓનો અભ્યાસ કુંડલિનીના જાગરણને કેન્દ્રમાં અને દૃષ્ટિ સમક્ષ રાખીને કરવામાં આવે છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તે જ રીતે એમ પણ અતિશયોક્તિ વિના કહી શકાય કે આ ધ્યેયને સિદ્ધ કરવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ યૌગિક ક્રિયા પ્રાણાયામ છે. કુંડલિની જાગરણ સુષુમ્ણા માર્ગે થતું પ્રાણોત્થાન છે. પ્રાણના પ્રવાહોનું સંયમન પ્રાણાયામથી થાય છે. એ જ અભ્યાસમાં આગળ વધતાં પ્રાણોત્થાનની ઘટના ઘટે છે.

કુંડલિની જાગરણ આખરે સમાધિમાં પરિણમે છે. આ ઘટનાથી સાધકના સમગ્ર જીવનનું રૂપાંતર સિદ્ધ થાય છે. આ દૃષ્ટિથી જોતાં પ્રાણાયામનું આધ્યાત્મિક મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

(II) શરીર અને મનથી પરની ચેતનામાં જેનો કોઈ વાર પણ પ્રવેશ થયો નથી, જેને ધ્યાનાવસ્થાની આછી-પાતળી ઝલક પણ મળી નથી તેને માટે આધ્યાત્મિક ક્ષેત્રની હકીકતો સમજવાનું અને અધ્યાત્મની મહત્તા સમજવાનું કાર્ય ઘણું દુષ્કર છે. એટલું જ નહિ પણ જ્યાં સુધી એકાદ વાર પણ મનસાતીત ક્ષેત્રમાં પ્રવેશ ન થાય ત્યાં સુધી સાધક સાધનાના પથ પર દૃઢતાપૂર્વક પગ મૂકી શકતો નથી, પરંતુ સમસ્યા એ છે કે આ પ્રથમ પ્રવેશ થાય કેવી રીતે? અધ્યાત્મજગતનું દ્વાર ખૂલે કેવી રીતે? ધ્યાનની અવસ્થામાં પ્રવેશનું કાર્ય પ્રાણાયામ સારી રીતે કરી શકે તેમ છે. લાંબા સમય સુધી, યોગ્ય પદ્ધતિથી, મનોયોગપૂર્વક અને ઉચિત આહારવિહાર સાથે પ્રાણાયામનો અભ્યાસ કરવામાં આવે તો સાધકને મનસાતીત ક્ષેત્રની કાંઈક ઝલક અવશ્ય જોવા મળે છે.

આ પ્રથમ પ્રવેશથી જ પ્રાણાયામનું કાર્ય પૂરું થતું નથી. ધારણ-ધ્યાન સાથે પ્રાણાયામનો અભ્યાસ ચાલુ રાખવામાં આવે તો સાધકની અધ્યાત્મયાત્રા વધુ સુકર બને છે.

(III) યોગવિદ્યા પ્રમાણે ધારણા, ધ્યાન અને સમાધિના અભ્યાસ માટે સાધકનું નાડીશોધન થયું હોય તે આવશ્યક છે. નાડીશોધનનું મહત્ત્વ જણાવતાં હઠપ્રદીપિકાકાર કહે છે-

મલાકુલાસુ નાડીસુ મારુતો નૈવ મધ્યગઃ ।
કથં સ્યાદુન્મનીભાવઃ કાર્યસિદ્ધિ કથં ભવેત્ ।।

''જ્યાં સુધી નાડીઓ મળથી વ્યાપ્ત થયેલી હોય ત્યાં સુધી પ્રાણ મધ્યનાડી (સુષુમ્ણા)માં પ્રવેશતો જ નથી, તો પછી ઉન્મનિભાવ કેવી રીતે થાય? અને કાર્યસિદ્ધિ કેવી રીતે થાય?''

નાડીશોધન વિના સાધકનો સાધનપથ પ્રશસ્ત થતો નથી, એટલું જ નહિ પણ નાડીશોધન વિના જ જો સાધક અધ્યાત્મની છલાંગ લેવાનો પ્રયત્ન કરે તો તેનાથી શરીર-મનને નુકસાન થવાનો સંભવ છે.

નાડીશોધનનું આ મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રાણાયામથી સારી રીતે સિદ્ધ થઈ શકે છે. આ માટે યૌગિક ગ્રંથોમાં ખાસ પ્રકારનો પ્રાણાયામ પણ બતાવવામાં આવેલ છે, જેને નાડીશોધન કે અનુલોમવિલોમ પ્રાણાયામ કહેવામાં આવે છે. યૌગિક ગ્રંથોમાં એવું ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે નાડીશોધન પ્રાણાયામ (સાથે યોગાસન અને યૌગિક શોધનકર્મ)ના પર્યાપ્ત અભ્યાસ દ્વારા નાડીશોધન સિદ્ધ કરીને પછી જ અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધવું જોઈએ.

આધુનિક પરિભાષામાં કોઈકવાર આ હકીકતને જુદી રીતે પણ મૂકવામાં આવે છે. ધારણા, ધ્યાન અને સમાધિના અભ્યાસ વખતે સાધકના શરીર પર અને ખાસ કરીને જ્ઞાનતંત્ર તથા શ્વસનતંત્ર પર ખૂબ બોજો પડે તેવો સંભવ છે, તેથી સાધક અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધે તે પહેલાં આવશ્યક છે કે તે જ્ઞાનતંત્ર અને શ્વસનતંત્રને મજબૂત બનાવી લે. આ કાર્ય પ્રાણાયામથી સારી રીતે થઈ શકે તેમ છે, આ હકીકત વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થઈ ચૂકી છે.

**(ब) માનસિક ક્ષેત્રેઃ**

(I) મનમાં સતત વહેતો વિચારોનો પ્રવાહ આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે. એટલું જ નહિ પરંતુ આ અર્થહીન વિચારપ્રવાહ માનસિક સ્વાસ્થ્ય માટે પણ હાનિપ્રદ છે, એ હકીકત સર્વમાન્ય છે. જો વિચારોના આ પ્રવાહને બંધ કે મંદ કરી શકાય તો તો તેનાથી આધ્યાત્મિક વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય માટે તેનાથી ઘણી મૂલ્યવાન મદદ મળી રહે. પ્રાણાયામનો ઉચિત રીતે અભ્યાસ કરવામાં આવે તો તેનાથી આ કાર્ય સારી રીતે સિદ્ધ થઈ શકે છે.

આપણા સૌનો અનુભવ છે કે ચિત્તની વૃત્તિઓ અને શ્વાસની ગતિને સંબંધ છે. 'હઠપ્રદીપિકા'માં સ્વાત્મારામ કહે છે -

ચલે વાતે ચલં ચિતં નિશ્ચલે નિશ્ચલં ભવેત્ ।

''વાયુ ચંચળ બનતાં ચિત્ત ચંચળ બને છે અને વાયુ સ્થિર થતાં ચિત્ત પણ સ્થિર થાય છે.''

શ્વાસની ગતિ અને મનના વિચારોની ગતિની એકબીજા પર અસર પડે છે.

પૂરક અને રેચકમાં શ્વાસની ગતિ ખૂબ મંદ બને છે અને કુંભકમાં આ ગતિ બંધ પડે છે એટલે પ્રાણાયામના મનોયોગપૂર્વકના અભ્યાસથી વિચારોનો પ્રવાહ મંદ પડે છે અને ક્યારેક બંધ પણ પડી જાય છે.

થોડી ક્ષણો પણ વિચારોનો આ પ્રવાહ મંદ પડતાં સાધકને ઊંડી આરામપ્રદ અવસ્થા અને પ્રગાઢ શાંતિનો અનુભવ થાય છે. માનસિક સ્વાસ્થ્ય માટે આ અવસ્થાનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

જેમણે અધ્યાત્મસાધનાનો થોડો ઘણો પણ અભ્યાસ કર્યો છે, તેઓ સમજે છે કે વિચારોથી અળગા પડીને મનસાતીત અવસ્થાનો થોડો ઘણો પણ અનુભવ થવો, તે વ્યક્તિના આધ્યાત્મિક વિકાસ માટે અને સમગ્ર જીવનનાં રૂપાંતર માટે કેટલી મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ ઘટના છે! પ્રાણાયામના અભ્યાસથી આ મનસાતીત અવસ્થાનો અનુભવ સમુચિત રીતે થઈ શકે તેવો ઘણો સંભવ છે.

કામોપભોગથી માંડીને ગાંજાચરસના સેવન સુધીના બધા પ્રયત્નો માણસો આ અવસ્થામાં પ્રવેશવા માટે જ કરે છે; અલબત્ત, આ ગલત દિશાના પ્રયત્નો છે, જ્યારે પ્રાણાયામ આ દિશાનું સાચું અને સક્ષમ સાધન છે.

(I) કામક્રોધાદિ ષડ્‌રિપુનાં તોફાનો વ્યક્તિના જીવનને વેરણછેરણ અને દુઃખદ બનાવી મૂકે છે અને સાધકના આધ્યાત્મિક વિકાસમાં બાધારૂપ બને છે. જો કોઈ ઉપાયે ષડ્‌રિપુનું જોર ઓછું થાય તો બહુ મહત્ત્વનું કામ થાય. આપણે જોઈએ કે પ્રાણાયામ આ માટે કેટલે અંશે અને કઈ રીતે ઉપયોગી થઈ શકે તેમ છે.

એ એક હકીકત છે કે ષડ્‌રિપુઓનું બીજ ચિત્તમાં છે, પણ એમના ઉછાળા પ્રાણના પ્રવાહોને આધીન છે. પ્રાણના આધાર વિના તેમની ક્રિયાશીલતા શક્ય નથી. પ્રાણનો સંયમ ષડ્‌રિપુઓના જોરને નાથી શકે છે. આપણે જોઈ ગયા છીએ કે પ્રાણાયામના અભ્યાસ દ્વારા પ્રાણના પ્રવાહોનું સંયમન શક્ય બને છે, તેથી સ્પષ્ટ જ છે કે ષડ્‌રિપુઓના ઉછાળાઓને મંદ પાડવામાં પ્રાણાયામનો અભ્યાસ ઉપયોગી સિદ્ધ થઈ શકે તેમ છે.

વ્યક્તિના સાંવેગિક જીવનની કેળવણીમાં પ્રાણાયામ કેવી રીતે ઉપયોગી થઈ શકે તેમ છે તે આપણે આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ. એ હકીકત શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાન દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે કે શરીરસ્થ અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રવ સાથે વ્યક્તિના સાંવેગિક જીવનને સંબંધ છે. આ સ્રાવમાં થતા પરિવર્તનની વ્યક્તિના સાંવેગિક જીવન પર અસર પડે છે. કામ, ક્રોધ, વિષાદ, ઉલ્લાસ, વૈફલ્ય, ઉત્સાહ આદિ સાથે સંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવનો ગાઢ સંબંધ છે.

પ્રાણાયામના અભ્યાસ દ્વારા જ્ઞાનતંત્ર અને તેના દ્વારા અંતસ્રાવી તંત્ર સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે. પરિણામે વ્યક્તિના સ્વસ્થ સાંવેગિક જીવનમાં તેનાથી સહાય મળે છે. પ્રાણાયામ દ્વારા જ્ઞાનતંત્ર અને સંતઃસ્રાવીતંત્ર સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે; આ સિદ્ધ થયેલી હકીકત છે.

**(क) પ્રાણમય ક્ષેત્રેઃ**

પ્રાણાયામની સૌથી વિશેષ અસર પ્રાણ ઉપર થાય છે, કારણ કે પ્રાણાયામ મુખ્યતઃ અને પ્રત્યક્ષ રીતે પ્રાણ પર અસર કરે છે. પ્રાણાયામ મુલતઃ પ્રાણના સંયમનની જ સાધના છે. પ્રાણાયામ દ્વારા પ્રાણમય ક્ષેત્રે ચાર કાર્યો સિદ્ધ થાય છે-

(I) પ્રાણ-પુષ્ટિ-

પ્રાણ-પુષ્ટિનો અર્થ છે, પ્રાણ બળવાન બને.

(II) પ્રાણ-શુદ્ધિ-

પ્રાણ-શુદ્ધિનો અર્થ છે, પ્રાણ વિશુદ્ધ બને એટલે કે પ્રાણ ભોગાભિમુખ નહિ, પરંતુ યોગાભિમુખ બને; પ્રાણ વાસનાઓની મલિનતાથી મુક્ત બને.

(III) પ્રાણસંયમ-

પ્રાણ ઉચ્છુંખલ નહિ, પરંતુ સંયમિત હોય અર્થાત્ પ્રાણના પ્રવાહોની ગતિ સુસંવાદી બને.

(IV) પ્રાણ-જાગરણ-

સુષુપ્ત પ્રાણ જાગ્રત બને અને ઊર્ધ્વગામી બને. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
ફોક્સ
દિક્ષિતા મકવાણા

# આવી રોજિંદી આદત તમારી આંખોને એલર્જીથી બચાવે ને સાજી રાખે...



આંખોની એલર્જી અને દ્રષ્ટિ ગુમાવવી એ ઘણા પરિબળોને કારણે થઈ શકે છે જેને આપણે ઘણીવાર અવગણીએ છીએ. જો કે તમારી દિનચર્યામાં કેટલીક નાની, સ્વસ્થ આદતો અપનાવવાથી તમારી આંખો સ્વસ્થ રહી શકે છે.

બદલાતા હવામાનને કારણે આંખોમાં ચીકણાપણું, લાલાશ, આંખોમાં પાણી અને ખંજવાળ જેવી સમસ્યાઓ થઈ શકે છે. વધુમાં આજકાલ નાની ઉંમરે ઝાંખી દ્રષ્ટિ થવી એ ખરાબ જીવનશૈલીને કારણે વધુને વધુ સામાન્ય બની ગયું છે. પછી ભલે તે ખરાબ ખાવાની આદતો હોય કે બેઠાડુ જીવનશૈલી, ઘણી ખરાબ આદતો છે જે આપણી આંખો અને એકંદર સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે. આ લેખમાં આપણે કેટલીક સારી આદતો વિશે જાણીશું જે તમારી આંખોને એલર્જીથી બચાવવા અને તેમને સ્વસ્થ રાખવામાં મદદ કરશે.



આંખો આપણા શરીરનો સૌથી સંવેદનશીલ ભાગ છે, તેથી તેમને થોડી વધારાની કાળજીની જરૂર છે, પરંતુ આપણે ઘણીવાર તેમને અવગણીએ છીએ. જો તમને ઝાંખી દ્રષ્ટિ, સતત માથાનો દુખાવો, તમારી આંખની એક બાજુમાં દુખાવો, અથવા આંખમાં તાણ જેવી સમસ્યાઓનો અનુભવ થાય છે, તો તમારે તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

**સ્વચ્છતાનું ધ્યાન રાખો**

આંખની એલર્જી ટાળવા માટે સારી સ્વચ્છતા જાળવવી મહત્ત્વપૂર્ણ છે. તમારી આંખોને વારંવાર સ્પર્શ કરવાનું ટાળો. આનાથી ચેપ લાગવાનું અથવા તેને વધુ ખરાબ થવાનું જોખમ વધી શકે છે. ઉપરાંત, બેક્ટેરિયા તમારી આંખો સુધી પહોંચતા અટકાવવા માટે તમારા હાથ સાફ રાખો. જો અંદર કે બહાર ધૂળ ઉડતી હોય, તો તેનાથી દૂર રહો અથવા ચશ્મા પહેરો.

**જો તમને એલર્જી હોય તો શું કરવું**

જો તમને આંખોની કોઈપણ સમસ્યા, જેમ કે ચીકણુંપણું, ખંજવાળ અથવા શુષ્કતાનો અનુભવ થાય, તો ડોક્ટરની સલાહ લો. ભીડવાળી જગ્યાઓ ટાળો અને બહાર જતી વખતે સારા સનગ્લાસ પહેરો.

**૨૦-૨૦-૨૦ નિયમ**

જો તમારી પાસે બેસીને કામ હોય અને આખો દિવસ કમ્પ્યુટર પર કામ કરતા હોવ, તો ૨૦-૨૦-૨૦ નિયમનું પાલન કરો. આ દિવસોમાં લાંબા સમય સુધી સ્ક્રીન ટાઇમ આંખના તાણનું મુખ્ય કારણ છે. ૨૦ એટલે દર ૨૦ મિનિટે ૨૦ સેકન્ડનો વિરામ લેવો, અને આ સમય દરમિયાન ૨૦ ફૂટ દૂરની વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરો. ઉપરાંત કામ કર્યા પછી તમારા ફોનની સ્ક્રીનથી દૂર રહેવાનો પ્રયાસ કરો.

**સૂર્યપ્રકાશથી બચાવો**

લોકો ઘણીવાર તેમની ત્વચા પર સનસ્ક્રીન લગાવે છે, પરંતુ તેમની આંખોને અવગણે છે. યુવી કિરણો પણ તમારી આંખોને નુકસાન પહોંચાડે છે, તેથી જ્યારે પણ તમે તડકામાં બહાર જાઓ છો, ત્યારે યુવી પ્રોટેક્શન સનગ્લાસ પહેરો.

**સારી ઊંઘ મહત્ત્વપૂર્ણ છે**

આંખોને સ્વસ્થ રાખવા માટે ૭ થી ૮ કલાકની સારી ઊંઘ લેવી જરૂરી છે. મોડી રાત સુધી જાગવાનું ટાળો, જે તમારી આંખોને તાજી રાખશે અને સવારે ભારેપણું અનુભવવાથી બચાવશે.

**સ્વસ્થ ખાઓ**

સ્વસ્થ આહાર જાળવવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તમારા આહારમાં લીલા શાકભાજીનો સમાવેશ કરો, જે વિટામિન- એ નો સ્રોત છે અને અન્ય ઘણા પોષક તત્ત્વો પૂરા પાડે છે. ઉપરાંત ઓમેગા-૩ ફેટી એસિડથી ભરપૂર ખોરાક, જેમ કે બદામ, અખરોટ, માછલી અને ઈંડાનો સમાવેશ કરો. ગાજર, મરી અને શક્કરિયા પણ કેરોટીન અને ઘણા વિટામિનથી ભરપૂર શાકભાજી છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# આપણે છીએ એક માથાવાળા રાવણ... કોઈ શક?!




'ઠાકર, તું યાર ફાફડા જેવો સીધો ને જલેબી જેવો મીઠડો માણસ થઈ આમ ખાંડ વગરની ચા જેવું મોઢું કરી કેમ બેઠો છે?'

'અરે ચંબુડા, આ આઠમે અમારી સોસાયટીમાં દશેરા પહેલાં રાવણનું પ્રી-બેસણું રાખેલું.'

'પ્રી-બેસણું... રાવણનું?' ચંબુ ચમક્યો.

'હા, દશેરાએ રામે જે રાવણનું એન્કાઉન્ટર કરી 'રામ બોલો ભાઈ રામ' કરવાના હતા એ બધાને ખબર હતી એટલે પ્રી-વેડિંગ ને પ્રી-નવરાત્રીની જેમ સોસાયટીમાં પ્રી-બેસણું રાખવાનું નક્કી કર્યું ને રાવણનું બેસણું તો પતી ગયું પણ પછી મોટો ડખો થયો.'

'શું?'

'અરે, દશેરાએ સવારે એકસરખા ૧૨૭ એઠા વોટ્સએપ આવ્યા કે 'આજે તમારી અંદર બેઠેલા રાવણને બાળજો' અલ્યા ટોપાઓ, આજે સવારે મારી અંદર બેઠેલા ફાફડા-જલેબીની એસિડીટીથી પેટમાં બળે છે ત્યાં રાવણને તંબુરામાંથી બાળુ? ચંબુ, આ રાવણ છે કોણ? પૂરું નામ? બાપુજીનું નામ? તે મારી અંદર ક્યારે, કઈ રીતે ને શું કામ ગરી ગયો?'

એટલામાં મારો મોબાઈલ રણક્યો :

'હલ્લો મિસ્ટર રાવણ...સોરી... મિસ્ટર ઠાકર, યુ નો મિસ્ટર રાવણ?'

'તેનું નામ સાંભળ્યું છે પણ રૂબરૂ મળ્યો નથી એનો બાયોડેટા શું?'

'અરે ટોપાશંકર, રાવણ એટલે રાવણ એનો વળી બાયોડેટા કેવો? તમે આટલા મશહૂર આતંકવાદી રાક્ષસ રાવણને નથી ઓળખતા?'

'અરે હા... આપણા આ ચંપકલાલનો નાનકો તો નઈ? મૂળ નામ કદાચ રાવણ હોય'

'પ્લીઝ, મને આપઘાત કરવાનું મન થાય એવો આઘાત ન આપો.'

'તો પછી મને રામની ખબર છે કે રામનવમીએ જન્મદિવસ આવે છે પણ રાવણપંચમી કે રાવણજયંતી સાંભળ્યું જ નથી.'

'અરે રાવણ એ લંકાનો રાજા, મંદોદરીનો ધણી, શિવનો ઉપાસક, રામનો દુશ્મન, કુંભકર્ણ ને વિભીષણનો ભાઈ, અરે એ પોતે જ કેટલી શારીરિક પીડાઓથી પીડાતો, તેને દસ માથા હોવાથી શૌચાલયની અંદર જઈ શકતો ન્હોતો, જે ઊઠે ત્યારે દસ મોઢામાં વારાફરતી દાતણ કરવામાં ત્રણ કલાક લાગે, ન્હાતી વખતે વીસ પચીસ લાટા ઘસી નાખે, એ પછી માથામાં તેલ નાખવાના બે ડબ્બા. વાળ ઓળવા માટે સાડાચાર ફૂટનો દાંતિયો, દસ માથાને કારણે લાઇફ ટાઇમ ન ટી-શર્ટ પહેરી શક્યો કે ન આડે પડખે સૂઈ શક્યો, અરે માથું દુખે ત્યારે દુખતું હોય સાત નંબરનું ને મંદોદરી દબાવે ત્રણ નંબરનું, બધા માથા દુખે તો લગાવવા બે કિલો બામ પણ ઓછો પડે, ફક્ત પ્લસ પોઈન્ટ એ જ કે પોતે એકલો જ કોરસમાં ગીત ગાઈ શકતો. ઇનશોર્ટ, જેની જિંદગી શરીર સાચવવામાં ગઈ એ. હજી કેટલી ઓળખાણ આપું? અરે, જેને તમે દર વર્ષે દશેરાએ ગલીએ-ગલીએ, પોળે-પોળે, ચોકે-ચોકે સળગાવો છો... અરે રાવણના દસ ચહેરા પણ બધા બહાર દેખાતા ને તમારા અનેક ચહેરા પણ બધા અંદર. કોઈ જોઈ કે ઓળખી જ ન જાય...છટ... તમને રાવણને બાળતા દયા કે શરમ ન આવી?

'અલ્યા ભાઈ, અમે તો દર વર્ષે ઘણાને સળગાવીએ છીએ એમાં રાવણ કોણ એ કેમ ઓળખાય? ને એમ બધાને ઓળખવા જઈએ તો અમારે જ જલદી સળગવું પડે. સમજ્યા?'

'બરાબર? પછી બીજીવાર બાળ્યો? નઈને? તો પછી દર દશેરાએ જાહેરમાં રાવણને બાળવા શેના મંડી પડ્યા છો? ને એ રાવણ કરતાં પણ ખરાબ એલણટપ્પુઓ કંસ, દુર્યોધન કે દ્રૌપદીની ઈજ્જત લુંટનાર દુશાસનને એકવાર પણ બાળ્યા?

ના. અરે પેલી મંથરાબહેન કે શૂર્પણખાબહેનને કોણ મારા બાપુજી સળગાવશે? તો આ બધાને એકવાર પણ ન બાળો ને રાવણને દર વર્ષે? વાય? આ હળહળતો અન્યાય છે નાઉઉ... લિસન જે પોતે ભલે મર્યાદા પુરુષોત્તમ ન કહેવાયો પણ તેની મર્યાદા મર્યાદા પુરુષોત્તમ રામથી ઓછી ન્હોતી. ભલે તે લક્ષ્મણરેખા ઓળંગી સીતાજીને લાવ્યો પણ ચરિત્રની લક્ષ્મણરેખા ઓળંગી નથી છતાં. સીતાજીને કિડનેપ કરવા એ દશેરાના જલેબી ગાંઠિયા લાવવા જેટલું સહેલું કામ નથી. એ માટે ૫૬ની છાતી જોઈએ, એમાં ૨૮-૨૮ની બે કે ૧૪-૧૪ની ચાર ન ચાલે.'

'પોઈન્ટ ટુ બી નોટેડ... બકા, પણ રાવણ મારી માસીનો દીકરો છે? મંદોદરી મારા ભાભી છે? રામ મારા સાળા છે? વિભીષણ કે કુંભકર્ણ મારા સાઢુભાઈ છે? તમે કોર્સ બહારના સવાલ પૂછી મારા મગજની મેથી ન મારો.. એનામાં કંઇક તો દુર્ગુણ હશે કે દર વર્ષે બાળવો પડે.'

'હા ઠાકર, હા એ ખરું, પણ એ ચાલાક હતો. મા સીતાજીનું અપહરણ કરી પ્રભુ રામ સાથે વેર કર્યું કારણકે રામના હાથે મૃત્યુ પામી મુક્તિ મેળવવી હતી. બધાના નસીબમાં ક્યાં પ્રભુના હાથે મરવાનું હોય છે એ માટે...'

'એક મિનિટ' મેં પેલાને અધવચ્ચે રોક્યો :

'તું રાવણની આટલી બધી ફેવર કરે છે તો રાવણ સાથે તારે શું સંબંધ? પણ તમે કોણ છો એ તો કીધું જ નઈ.'


'હું? ચમકતા નઈ, કોઈ બાળે નઈ એની બીકમાં જાહેર નથી કરતો પણ હું પોતે જ રાવણ છું. ખરેખર તો હજી મારામાં થોડો અહંકારી રાવણ બેઠેલો છે એટલે હું તમારી માફી માગી ને બધાને બાળવાની છૂટ આપું છું પણ શરત એટલી કે તમારામાં થોડો પણ રામ બેઠેલો હોવો જોઈએ...'

થોડું થોભીને છેલ્લે રાવણે ઉમેર્યું :

'સાંભળો. તમે બધા દસ ભૂલો કરવાવાળા એક માથાવાળા રાવણ જો પ્રભુ રામની માફી ન માગો તો હું મારી એક ભૂલ માટે દસમાંથી કયા મોઢે માફી માગું? છે જવાબ?'

શું કહો છો? ■

## અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

## પ્રકરણ-૨૫

'ભારત હમ કો જાન સે પ્યારા હૈ...'

ચાનો પહેલો ઘૂંટડો લેતાં જ ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલનો મોબાઈલ રણક્યો. કૉલ દળવીનો હોવાનું જોઈ ગોહિલ સમજી ગયો કે સવારના પહોરમાં માઠા સમાચાર સાંભળવા મળશે.

'હવે શું થયું... દળવી?' કૉલ રિસીવ કરી ગોહિલે પૂછ્યું.

'સર, એ જ જૂની કહાની... યુનિટ સોળ પાસે એક કારને અકસ્માત થયો છે.'

'અરે, યાર...! પાછો અકસ્માત?' ગોહિલ હતાશ થયો.

'પણ સર... આ વખતે કહાની મેં થોડા ટ્વિસ્ટ હૈ... એક સારા સમાચાર પણ છે.' દળવી ઉત્સાહમાં બોલતો હતો.

'ક્યા?'

'સર... કાર ચલાવનારનું મોત નથી થયું... એ જીવિત છે!'

'શું કહે છે? સાચે... આજે ખરેખર કંઈ અલગ સાંભળવા મળ્યું... આપણા માટે સારા સમાચાર કહી શકાય!' ગોહિલ પણ થોડો ઉત્સાહમાં આવ્યો.

'કોણ છે એ અને ક્યાં રહે છે?' ગોહિલને તેની વિગતો જાણવાની તાલાવેલી થઈ.

'નીલ સત્રા નામ છે એનું. ગોરેગામમાં રહે છે.' દળવીએ કહ્યું. 'ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મૅનેજર તરીકે નોકરી કરે છે. પત્ની ભૂમિકાને સાયનમાં... પિયરે મૂકવા ગયો હતો.'

દળવીએ માહિતી આપવાનું ચાલુ રાખ્યું: 'પત્નીની ઘણી આનાકાની છતાં મધરાત બાદ તે ગોરેગામ આવવા કારમાં નીકળ્યો હતો. ઘરે પહોંચવાની ઉતાવળમાં આરેના જંગલમાંથી પસાર થયો અને...'

'... અને ડરના માર્યા કાર ઠોકી દીધી!' ગોહિલે દળવીનું વાક્ય પૂરું કર્યું.

'હા, સર... પરંતુ ડરી ગયા છતાં તેણે કારને કાબૂમાં રાખવાનો પ્રયાસ કર્યો એટલે કાર ધીમા વેગે ઝાડ સાથે ટકરાઈ અને એ બચી ગયો!' દળવીએ આગળની કડી જોડી.

'ઉપરાછાપરી ઘટનાઓ બને છે... ચૅનલવાળા આટલા બરાડા પાડે છે તેમ છતાં આ લોકો સમજતા નથી. ડર લાગતો હોય તો મધરાતે જંગલના રસ્તે એકલા શું કામ પસાર થતા હશે.' ગોહિલ ધીમા અવાજે બબડ્યો, પણ ફોન પર દળવીને સંભળાઈ ગયું.

'ઍની વે... અત્યારે એ ક્યાં છે? એની પૂછપરછ કરવાથી વાહનચાલકોનાં મોત પાછળના રહસ્યની કોઈ તો જાણકારી મળી શકશે.' આરેના મુખ્ય માર્ગ પર હાર્ટ અટેકથી જીવ ગુમાવનારા વાહનચાલકોનો તાગ મેળવવા મથતો હતો ગોહિલ.

'અત્યારે તો એ હૉસ્પિટલમાં છે અને ભાનમાં પણ નથી!'

'કેમ? શું થયું?'

'ચ્યા માયલા... એને પણ ભૂતડી દેખાઈ હતી. બ્લડ પ્રેશર હાઈ હોવાથી ડૉક્ટરે દવા આપી છે... એ ભરઊંઘમાં હોવાનું ડૉક્ટરનું કહેવું છે.'

'વળી પાછી ભૂતડી?'

'હા... નીલ એટલો ડરી ગયો છે કે ડૉક્ટરનું કહેવું છે... કદાચ બે-ત્રણ દિવસ તેણે આરામ કરવો પડશે. તેની પૂછપરછ હાલ તુરંત અશક્ય છે!'

* * * *

ફોરેન્સિક નિષ્ણાતોની સૂચનાથી મજૂરો જે જગ્યાએ લાશ શોધવા ખોદકામ કરતા હતા ત્યાં ડીસીપી સુનીલ જોશી સૌથી આગળ ઊભા હતા. તેમની પાછળ સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડ અને ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલ હતા. પાછળ ઊભેલા ઈન્સ્પેક્ટર રાજીવ કામત, એપીઆઈ પ્રણય શિંદે અને સુધીર સાવંત વચ્ચે ચાલતી ગુફ્તેગૂનો અવાજ કાન પાસે માખી બણબણ કરતી હોય એવો ગોહિલને લાગતો હતો.

'એક વાર હાથ લાગે તો હું એની હડ્ડી-પસલી એક કરી નાખીશ!' બાવડા ફુલાવતાં શિંદે બોલ્યો.

'ફિલ્મી ડાયલોગ શું કામ મારે છે? હાડકાં ભાંગવા સિવાય બીજો કોઈ વિચાર આવે છે?' સાવંતે તેને ટોક્યો.

'...પણ કોને ભાંગવો... તોડવો છે?' રાજીવ કામતે પૂછ્યું.

'આ કાંડ કરનારા હરામખોરને!' શિંદેનો જવાબ.

'પહેલાં એને શોધી તો કાઢ! કાંડ કરનારો જલદી હાથ નહીં લાગેને તો આગળ ઊભેલો બાપ આપણા મગજની નસ ફાડી નાખશે!'

કામતે ડીસીપી જોશી માટે આમ કહ્યું અને તે જ વખતે ગાયકવાડ અને ગોહિલે પાછળ વળીને જોયું એટલે ત્રણેયની ચર્ચાને બ્રેક લાગી.

'સર... અહીં પણ લાશ હોવાનું લાગતું નથી!' ફોરેન્સિક નિષ્ણાતના નિષ્કર્ષથી જોશીના ચહેરા પર ચમક આવી.

'આ તરફ પણ પહેલાં ખાડો ખોદવામાં આવ્યાનાં કોઈ ચિહ્નો જણાતાં નથી!' મજૂરો પાસે થોડે થોડે અંતરે ત્રણ જગ્યાએ ઉપરછલ્લી માટી ઉલેચાવીને ફોરેન્સિક નિષ્ણાતે અભિપ્રાય આપ્યો. નિરીક્ષણ પરથી એવું અનુમાન લગાવાયું હતું કે એ ત્રણેય જગ્યાએ લાશ દટાયેલી નહોતી.

આજે પાંચમે દિવસે લાશ શોધવાની કામગીરી હાથ ધરાઈ ત્યારથી જોશી હાજર હતા. છેલ્લા બે-ત્રણ દિવસથી રાજકીય દબાણ વધી ગયું હતું. એમાં આગલી રાતે વિધાનસભ્ય જાંભુળકરે ઊભરો ઠાલવ્યો હતો. એટલે બે કલાકથી ઊભેલા જોશી કામગીરી અટકાવવાનું બહાનું શોધી રહ્યા હતા, જેમાં ફોરેન્સિક નિષ્ણાતે ગમતું કહ્યું.

'મને લાગે છે... આપણે હવે આ કામગીરી અહીં અટકાવી દેવી જોઈએ!' જોશીએ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ (ડીએમ) તરફ જોતાં કહ્યું.

જવાબમાં ડીએમ કંઈ કહે તે પહેલાં ફોરેન્સિક નિષ્ણાત જ આંગળી ચીંધતાં બોલ્યો: 'તમે કહેતા હો તો આપણે પેલી તરફ પણ ચેક કરી લઈએ!'

જોશીના તો જાણે માથેથી પગ સુધી વીજળી પસાર થઈ ગઈ. ચહેરાની ચમક ઊડી ગઈ અને ગુસ્સાનો એવો લાવા ઊકળ્યો કે પિસ્તોલ હોત તો ફોરેન્સિક નિષ્ણાતને ગોળીએ દીધો હોત. ખોદકામ અટકાવી દેવાના ધાર્યા સંયોગ બન્યા હતા ત્યારે નિષ્ણાતે ડહાપણ ડહોળ્યું હતું.

'ઠીક છે... પ્રયત્ન કરી જુઓ!' અનિચ્છાએ તેમણે નિષ્ણાતની પાછળ ચાલવા માંડ્યું.

નિષ્ણાત દ્વારા જમીનનું નિરીક્ષણ કરાયું... બેથી ત્રણ જગ્યાએ થોડી ખણખોદ પણ કરાઈ... અંતે લાશ ન હોવાની ખાતરી થતાં બપોરે જ કામગીરી અટકાવવાનો નિર્ણય લેવાયો. થોડી સલાહમસલત પછી બધાએ છૂટા પડવાનું નક્કી કર્યું.

ડીએમના ગયા પછી ફોરેન્સિક નિષ્ણાત સાથે જરૂરી પ્રક્રિયા પૂરી કરવાનો આદેશ કામતને આપવામાં આવ્યો. કામત સાથે સાવંત અને અમુક કોન્સ્ટેબલ રોકાયા, જ્યારે બાકીના આરે પોલીસ સ્ટેશન જવા રવાના થયા.

'બની શકે કે ત્યાં હજુ પણ શબ દટાયેલાં હોય, પણ અત્યારે આપણે આરોપીને પકડવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે!' ટેબલ પરનું પેપરવેઈટ રમાડતાં જોશીએ કહ્યું.

> **...પણ આમાં ભૂત ક્યાંથી આવ્યું? આ જંગલનાં ભૂત... પિશાચ ડ્રગ્સનું સેવન કરે છે? અને ભૂત કોઈને મારીને દાટે ખરા?**

આરે પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા પછી ગાયકવાડની કૅબિનમાં ચર્ચા માટે બધા ભેગા થયા હતા. ગાયકવાડની ખુરશી પર બેઠેલા જોશી ગંભીર મુદ્રામાં હતા. ટેબલ પર પડેલું પેપરવેઈટ એક હાથે ગોળ ફેરવતાં તે વિચારમાં ડૂબેલા જણાતા હતા.

'ઉપરથી ઘણું દબાણ છે... ટ્રાન્સફરની ધમકી અને બીજી ટીમને તપાસ સોંપવાનું સૂચન ગૃહ પ્રધાનના કાર્યાલયમાંથી આવ્યું છે.' બોલતી વખતે તેમની નજર પેપરવેઈટ પર જ હતી.

'અત્યારે લાશ શોધવાની કામગીરી અટકાવવી આપણા જ હિતમાં હતી. એક વાર આ કાંડ કરનારો પકડાઈ જાય તો એ જ આપણને બીજી લાશ સુધી દોરી જશે. પછી બીજાં શબ શોધી કાઢીશું, પણ અત્યારે વધુ શબ શોધવાની મથામણ ઉચિત નથી.' જોશીએ સમજાવ્યું.

'આ શબનું કોકડું ઉકેલાયું નથી ત્યાં ડ્રગ્સનું નવું પ્રકરણ ખૂલ્યું છે. ડ્રગ્સને આ બધી લાશ સાથે શું કનેક્શન હશે?' ગોહિલ તરફ જોતાં જોશીએ પ્રશ્ન કર્યો.

'ગોહિલ... ગાયકવાડ... અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવી વિવિધ મુદ્દે તપાસમાં લાગી જાઓ. જરૂર પડ્યે આરેના રહેવાસીઓની મદદ લો... તે લોકો શું કહે છે?'

'ભૂત... જાદુટોણા અને શેતાનમાં જ પડ્યા છે અહીંના રહેવાસી. ભૂત... શેતાને આ બધું કર્યું હોવાનું માને છે... એનાથી આગળ કંઈ વિચારતા નથી!' ગાયકવાડે કહ્યું એટલે જોશી આશ્ચર્યથી જોતા રહ્યા.

'આમાં ભૂત ક્યાંથી આવ્યું? આ જંગલનાં ભૂત... પિશાચ ડ્રગ્સનું સેવન કરે છે? અને ભૂત કોઈને મારીને દાટે ખરા? શું ફાલતુ વાત છે?' જોશી થોડા ઊકળ્યા.

'આરેના મુખ્ય માર્ગ પર હાર્ટ અટેકથી જીવ ગુમાવનારા ડ્રાઈવરોને કારણે આ અફવા ફેલાઈ રહી છે.'

'એય એક સમસ્યા છે.' પેપરવેઈટ રમાડવાનું બંધ કરી જોશીએ કપાળે હાથ મૂક્યો.

'ગોહિલ... તું તો કહેતો હતો કે ડ્રાઈવરોનાં મૃત્યુ પાછળ કોઈ ભેદ છે? એની તપાસ કરી?'

'તપાસ ચાલુ છે, પણ સર... ડ્રાઈવરોએ એવું તે શું જોયું કે હાર્ટ અટેક આવ્યા એ જ જાણી શકાયું નથી!' ગોહિલે ચિંતા વ્યક્ત કરી.

'હા... એ માર્ગ પર તપાસ માટે અમે પણ મધરાતે પસાર થયા, પણ ડર ઉપજાવે એવું કંઈ દેખાયું નહીં!' શિંદે વચ્ચે બોલી પડ્યો.

'આજે જ સવારે એક કારચાલક... નીલ સત્રા સાથે આવું કંઈક બન્યું છે, પણ ડરના માર્યા અત્યારે તે કંઈ કહેવા લાયક નથી.' ગાયકવાડે કહ્યું.

'સારવાર પછી નીલ કોઈ માહિતી આપે તો...' ગોહિલને વાક્ય પૂરું કરવાની જરૂર ન પડી.

'અકસ્માતની ઘટના પછી આજે ફરી ભૂત... પિશાચની વાતોએ રહેવાસીઓમાં જોર પકડ્યું છે... સાંભળ્યું છે પાછો હવન કરાવવાની વાત થઈ રહી છે!' ગાયકવાડે જાણકારી આપી.

'એ જ તો તકલીફ છે, સર... મદદ કરતાં મુસીબત વધારે એવાં કામ છે અહીંના લોકોનાં!' ગોહિલે જણાવ્યું.

'સમજાવટ અને દિમાગથી તેમની પાસેથી માહિતી મેળવવાની યુક્તિ બનાવો. રહેવાસીઓમાંથી જ કોઈ આ કાંડમાં સામેલ હોય એવું બની શકે!' જોશીએ આ શક્યતા પર ભાર આપ્યો.

'બીજા મુદ્દાઓ પર પણ આપણી રીતે તપાસ ચાલુ રાખો... પેલી મેટલ પ્લૅટથી કોઈ સગડ મળ્યા?' જોશીએ પૂછ્યું.

'દિલ્હીની કંપનીએ કોડ સ્કૅન કરીને આપણને સપ્લાયરનો નંબર આપ્યો હતો... અને તેણે મુંબઈના ત્રણ ડિસ્ટ્રિબ્યુટર વિશે માહિતી આપી હતી. ડિસ્ટ્રિબ્યુટરે મેટલ પ્લૅટ પરના નંબરને આધારે તે અંધેરીની હૉસ્પિટલમાં પાઠવવામાં આવી હોવાનું કહ્યું હતું.' ગોહિલે માહિતી આપી.

'સર... અંધેરીની હૉસ્પિટલમાં ઑપરેશન કરી એ મેટલ પ્લૅટ દરદીના પગમાં બેસાડાઈ હતી... હવે ત્યાંથી દરદી અને અન્ય વિગતો મળે એટલે પુરુષના શબની ઓળખ થઈ જશે!' ગોહિલે જાણે વાત પૂરી કરી.

'...તો અંધેરીની એ હૉસ્પિટલમાં વાત નથી કરી?' જોશીએ પૂછ્યું.

'સબ-ઈન્સ્પેક્ટર કાળેએ અત્યારે જ ફોન પર વાત કરી... રિસેપ્શનિસ્ટનું કહેવું છે કે કમ્પ્યુટરમાં ઑપરેશનની એન્ટ્રી છે, પણ પૂરી વિગતો નથી હોતી!'

'એટલે?' હવે ગાયકવાડે પૂછ્યું.

'એટલે કે એ નંબરની મેટલ પ્લૅટ જે દરદી માટે મગાવવામાં આવી હતી તેના ટૂંકા નામ સાથે ઑપરેશન કરનારા ડૉક્ટર અને કયા ડૉક્ટરની ભલામણથી દરદી હૉસ્પિટલમાં આવ્યો હતો તેમનાં નામની નોંધ કમ્પ્યુટરમાં હોય છે... બાકીની વિગતોની ફાઈલ ડૉક્ટરની કૅબિનમાં હોય છે.' ગોહિલે ફોડ પાડ્યો.

'દરદીનું નામ શું કહ્યું? કદાચ ગુમ વ્યક્તિઓની ફરિયાદમાં તેના વિશે જાણકારી મળી જાય!' ગાયકવાડે તત્પરતા દેખાડી.

'કમ્પ્યુટરમાં તો માત્ર સલ્લુ નામ નોંધવામાં આવ્યું છે... બાકીની વિગતો માટે રિસેપ્શનિસ્ટે કાલે બોલાવ્યા છે.'

'એટલે કે... આપણને કામ આવે એવી કોઈ માહિતી મળી નથી?' ગાયકવાડના અવાજમાં હતાશા હતી.

'છેક એવું નથી... એક વાત ધ્યાન ખેંચનારી છે...' ગોહિલ થોડું અટક્યો.

'કઈ?'

જોશી તરત પૂછી બેઠા એટલે ગોહિલે કહ્યું: 'એ દરદી આરે હૉસ્પિટલની ડૉક્ટર મંદિરા અજવાનીની ભલામણથી અંધેરીની હૉસ્પિટલમાં ગયો હતો!'

(ક્રમશ:)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| બંડ | PROHIBITION |
| બંડી | PRISONER |
| બંદી | WAISTCOAT |
| બંધી | FLUTE |
| બંસી | REVOLT |

### ઓળખાણ પડી?



આયુર્વેદિક ગુણ ધરાવતી વિશેષ કરીને વાળની ચિકિત્સા અને એના જતન માટે ઉપયોગમાં લેવાતી વનસ્પતિની ઓળખાણ પડી?

અ) અરડૂસી  બ) ગોખરુ  ક) સપ્તપર્ણી  ડ) ભૃંગરાજ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ત્તા | ૨ પ | લ | ૩ ટો | | ૪ દા | ૫ વા | ન | ળ |
| મા | | ર | | ૬ પ | ૭ રા | જ | ય | | |
| ૮ ચા | લ | બા | ૯ જ | | તો | | રો | | ૧૦ સા |
| ર | | ૧૧ રુ | પ | | ૧૨ રા | ૧૩ ધા | | ૧૪ ગ | ર્વ |
| | ૧૫ કા | | | ૧૬ એ | ત | બા | ૧૭ ર | | જ |
| ૧૮ મા | લે | તુ | ૧૯ જા | ર | | | ૨૦ મા | ૨૧ નિ | નિ |
| ૨૨ દ | લ | | ૨૩ વ | ર | ૨૪ સા | દ | | ૨૫ રો | ક |
| ૨૬ ર | ક | ઝ | ક | | થો | | ૨૭ બં | ધ | |
| ૨૮ પા | ર | | | ૨૯ સુ | સા | ઇ | ડ | | ૩૦ સા |
| ટ | | ૩૧ અ | ડ | બો | થ | | ૩૨ લ | કી | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ૪ | | ૫ |
| | | | | | | ૬ | | | |
| | | ૭ | ૮ | | ૯ | | | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | | | ૧૩ | | | ૧૪ | |
| | ૧૫ | ૧૬ | | ૧૭ | | ૧૮ | ૧૯ | | |
| ૨૦ | | | | ૨૧ | ૨૨ | | | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | | | ૨૬ | |
| | | ૨૭ | | ૨૮ | | ૨૯ | ૩૦ | | |
| | ૩૧ | | ૩૨ | | | ૩૩ | | ૩૪ | |
| ૩૫ | | | | | | | | ૩૬ | |

#### આડી ચાવી

૧. ચુસ્ત, મક્કમ, સજજડ (૬)
૪. મજબૂત, પાકું, અટળ (૩)
૬. સ્થાન (૨)
૭. નુકસાન (૨)
૯. ખેતરમાં અનાજ રાખવાની જગા (૨)
૧૧. --- ચડવી એટલે ખોટું લાગવું (૨)
૧૩. --- આપવી એટલે હરાવવું (૨)
૧૪. માતા (૨)
૧૫. પ્રદીપ્ત, પ્રજળતું (૪) (જો.છૂ.)
૧૮. પરંપરા, ચાલ, ધારો (૩)
૨૦. ગર્વ, મગરૂરી, કેફ (૩)
૨૧. અવસર, સારો વાર કે પર્વ (૬)
૨૪. માણસ, વ્યક્તિ (૨)
૨૫. અંગ્રેજી કેલેન્ડર પ્રમાણેની તિથિ (૩)
૨૬. શ્વાસનો રોગ (૨)
૨૮. ખટપટ, તકરાર, એવો અવાજ (૪)
૩૧. ફૂલો --- માટે જ ખીલે છે (૩)
૩૩. નમ્ર, મૃદુલ, નમવાને પાત્ર (૪)
૩૫. --- માં સત્તાધીશ બદલાય (૭)
૩૬. માલમિલકત (૨)

#### ઊભી ચાવી

૧. રૂઢિચુસ્ત પક્ષ (૪)
૨. માળા (૩)
૩. સૌમ્ય નૃત્ય (૨)
૪. કાંટો, ત્રિશૂલ (૨) (જો.છૂ.)
૫. ઢીંગલી, બેવડિયો પૈસો (૨)
૬. જેની જગા બદલાઇ છે તે (૫)
૮. ધીમેથી મારેલી થપાટ (૩)
૯. ક્ષમા, સબૂરી (૨)
૧૦. સમાજને ઉપકારક વિચારધારા (૫)
૧૨. માપસર, સાબિતીવાળું (૪)
૧૬. તાવ (૨)
૧૭. ઇતિહાસ (૪)
૧૯. --- ગુરુ એ શીખોનો મંત્ર (૨)
૨૦. ચળ (૩)
૨૨. 'રખડવું'નું આજ્ઞાર્થ (૩)
૨૩. સૌંદર્ય (૫)
૨૭. ભલાપણું (૩)
૨૯. ખોદવું તે (૩)
૩૦. --- એટલે ડંકાનો અવાજ (૨,૨)
૩૧. --- ખાવા એટલે ઠોકર વાગવી (૨)
૩૨. જળ, પાણી, નીર (૨)
૩૪. નિયમ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ગળિયાને બુચકાર્યો તો બેસી ગયો' પંક્તિમાં 'ગળિયો' શબ્દનો અર્થ જણાવો.

અ) ગળપણ  બ) ગુમાસ્તો  ક) બળદ  ડ) બકરી

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ NUMISMATICS માટે રુચિ ધરાવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સૌંદર્ય  બ) સંખ્યા  ક) સિક્કા  ડ) ફેશન

### માતૃભાષાની મહેક

તડકો નક્કર વાસ્તવિકતા છે તો છાંયડો વાસ્તવિકતાથી વિરામ આપે છે. તડકો દઝાડે છે તો છાંયડો પંપાળે છે. છાયા એટલે ઓળો, છાંયો, છાંયડો, પડછાયો. પડછાયાની જેમ પીછો કરવો એટલે સતત કોઇની પાછળ રહેવું એવો અર્થ છે. અહીં એ કામ પોલીસ પણ કરતી હોય કે પછી પ્રેમી પણ હોય. છાયા કરવી એટલે ઓથ આપવી, છાંયડો કરવો.

### ઈર્શાદ

જે કહ્યું માને વિધાતાનું એ મુકદ્દર હું નહીં,
આટલો વૈભવ છતાં ખારો સમંદર હું નહીં.

સુરેન ઠાકર 'મેહુલ'

### માઈન્ડ ગેમ

વિશ્વના કયા દેશનું રાષ્ટ્રગીત સૌથી વધુ કડી ધરાવે છે એ ખબર છે? રજૂઆત દરમિયાન પહેલી બે કડીનું જ પઠન કરવામાં આવે છે.

અ) બેલ્જિયમ  બ) ઈથિયોપિયા
ક) ગ્રીસ  ડ) બોલિવિયા

### સુડોકુ-૯૧૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૬ | ૪ | ૨ | | |
| | ૭ | | | | ૫ | ૧ | | |
| ૬ | | | | | | | | ૫ |
| | | | ૯ | | | | ૩ | |
| ૧ | | | | | | | | ૪ |
| | ૬ | | | | ૩ | | | |
| ૯ | | | | | | | | ૭ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | | ૩ | ૪ | ૭ | | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૬ | ૨ | ૪ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૯ | ૪ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૨ |
| ૪ | ૮ | ૯ | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૩ | ૯ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| માએ પહેલે પગથિયે પગ મૂક્યો | માના પાની સમાણા નીર |
| માએ બીજે પગથિયે પગ મૂક્યો | માના ઘૂંટણ સમાણા નીર |
| માએ ત્રીજે પગથિયે પગ મૂક્યો | માના ઢીંચણ સમાણા નીર |
| માએ ચોથે પગથિયે પગ મૂક્યો | માના સાથળ સમાણા નીર |
| માએ પાંચમે પગથિયે પગ મૂક્યો | માના કેડ સમાણા નીર |

માઈન્ડ ગેમ
આદિત્ય ગઢવી

ઓળખાણ પડી?
ઝારખંડ

ગુજરાત મોરી મોરી રે
મહેસાણા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મસળ્યો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ભારતી બુચ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) પુષ્પા પટેલ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) હર્ષા મહેતા (૧૬) વિપીન શાહ (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પ્રવીણ વોરા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) મહેશ દોશી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) નયના મિસ્ત્રી (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) અંજુ ટોલિયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) નિતિન જયંતિલાલ બજરિયા (૩૬) શિલ્પા શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) હિનાબેન દલાલ (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) મહેશ સંઘવી

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# અનોખો સ્વાદ ધરાવતી જાપાનીઝ માચા ટી



એક ચા ઉપર બીજી ચા 'મફત' એવું કોઈ કહે તો આપણે જરૂર બે ચાની ચૂસકી લેવાનું પસંદ કરીશું. 'મફત' શબ્દ આપણને સૌને આકર્ષે છે. તો ચાલો, આજે એક એવી ચા વિશે વાત કરીએ કે તેને હલાવવા માટે ખાસ પ્રકારની ઝરણી આપને મફત આપવામાં આવે છે. તે પણ પાછી અત્યંત આકર્ષક તેમજ પર્યાવરણ ફ્રેન્ડલી. શું આપે 'માચા ટી' વિશે સાંભળ્યું છે? આ શું હશે તેવો સવાલ અચૂક મનમાં ઉઠ્યો હશે. તો જાણી લઈએ જાપાનીઝ 'માચા ટી' વિશે તેમજ તેના સ્વાસ્થ્યવર્ધક ગુણો વિશે.

માચા એક પાઉડર વાળી ચા છે. જાપાનમાં ખાસ ઊગતી લીલી ચાના પાનને ઝીણાં વાટીને તૈયાર કરવામાં આવે છે. માચા ચાના છોડને છાંયડો યોગ્ય રીતે આવતો હોય ત્યાં ઉગાડવામાં આવે છે. તેથી જ તેના પાનનો રંગ લીલો જોવા મળે છે. ચા તૈયાર થયા બાદ પણ ઘેરા લીલા રંગની જોવા મળે છે.

માચા પાઉડરથી તૈયાર થતી ચામાં કેફીનનું પ્રમાણ વધુ હોય છે. માચા ટીનો સમાવેશ એક પ્રકારની લીલી ચામાં જ કરવામાં આવે છે.

મન આનંદિત બનાવી દે તેવી ખાસ પ્રકારની માટીની સુગંધ તેમાં સમાયેલી હોય છે. માચા ચા ઍન્ટી-ઓક્સિડન્ટ, ઊર્જા તથા રોગ-પ્રતિકારક-શક્તિનો સમન્વય ધરાવતી હોવાથી કુદરતી પાવરહાઉસ ગણવામાં આવે છે.

સામાન્ય રીતે આપણે જે રોજબરોજમાં ચાની ચૂસકી લગાવીએ છે, તેનો રંગ આછો કથ્થાઈ હોય છે. જ્યારે માચા ચાનો રંગ લીલો જોવા મળે છે.

સ્વાદ સભર હોવાને કારણે આજકાલ માચા ચા અનેક લોકોની પસંદગીની બની ગઈ છે. તેમાં પણ યુવાવર્ગ વિવિધ દેશની વિવિધ વાનગીની સાથે અન્ય દેશના સ્વાસ્થ્યવર્ધક પીણાં પીવાનો શોખ ધરાવે છે. તેમાં માચા ચાની ગણતરી પણ થાય છે.

### માચા ચા બનાવવાની રીત



૨ ચમચી માચા ટી પાઉડર, ૧ લિટર ગરમ પાણી, ૨ કપ દૂધ, સ્વાદાનુસાર ખાંડ

બનાવવાની રીત : સૌ પ્રથમ ૧ લિટર પાણીને ઉકળતું ગરમ કરી લેવું. તેમાં સ્વાદાનુસાર ખાંડ ઉમેરવી. ૨કપ દૂધને અલગ તપેલીમાં ગરમ કરી લેવું. ત્યારબાદ ગરમ પાણીમાં ૨ ચમચી માચા ટી પાઉડર ચાળીને ભેળવી લેવો. તેમાં તેને ચા સાથે મળેલાં ખાસ પ્રકારની ઝરણી કે સ્ટરરથી હલાવી લેવું. હૅન્ડ બ્લૅન્ડર ફેરવી શકાય છે. તેમાં આવશ્યક્તા મુજબ દૂધ ઉમેરીને ગરમાગરમ માચા ચાની ચૂસકી ભરતાં ભરતાં આનંદ માણવો.

## માચા ચાના સ્વાસ્થ્ય વર્ધક ગુણો જાણી લઈએ

ઊર્જાની સાથે વ્યક્તિની સતર્કતા વધારે છે : માચા-ચામાં એલ-થીનાઈન નામક એક ખાસ પ્રકારનું એમિનો ઍસિડ સમાયેલું હોય છે. જે વ્યક્તિના મગજને શાંત બનાવવાની સાથે સર્તક બનાવવામાં મદદ કરે છે. વળી પૉલિફિનોલ તથા એલ થીનાઈન નામક તત્ત્વનું સેવન કરવાથી મગજ માં આલ્ફા વૅવ વધે છે. આલ્ફા વૅવ દિમાગને શાંત કરવાની સાથે વિચારોમાં સ્પષ્ટતા લાવે છે. અનેક વખત એવું જોવા મળે છે કે વ્યક્તિ તણાવને કારણે મનની શાંતિ ગુમાવી દે છે. આવા સંજોગોમાં માચા-ચાની ચૂસકી લેવાથી મન-મસ્તિષ્ક તાજગી અનુભવવા લાગે છે.

**શરીરનાં વિવિધ અવયવોને પ્રાકૃતિક રીતે જ શુદ્ધ કરે છે :** માચા-ટીમાં કુદરતી રીતે જ ક્લોરોફિલ સમાયેલું હોય છે. જે શરીરનાં ઝેરી તત્ત્વોને બહાર ફેંકવામાં મદદ કરે છે. લિવર, કિડની, તેમ જ ત્વચાને પ્રાકૃતિક રીતે જ શુદ્ધ કરવામાં મદદ કરે છે.

**ત્વચાની તંદુરસ્તી જાળવી રાખવામાં લાભકારી :** માચા-ચામાં સોસૈચિયા તથા ઍક્ટિનિક કૈરાટોસિસ જેવા તત્ત્વ સમાયેલાં હોય છે. જે ત્વચાને મુલાયમ બનાવવા માટે લાભકારક ગણાય છે.

**હૃદયની તંદુરસ્તી જાળવી રાખવા લાભકારી :** માચા ચામાં એપિગ્લો કૈટૈચિન-૩ ગૈલેટ નામક એક યોગિક હોય છે જે બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. આપણે બધા જ એટલાં તો માહિતગાર છીએ કે બ્લડ પ્રેશર નિયંત્રણમાં રહે તો હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થમાં પ્રકાશિત થયેલાં એક રિપોર્ટ પ્રમાણે જાપાનીઝ માચા ચા પીવાથી શરીરમાં લિપોજેનેસિસ તથા ચરબીને ઘટવામાં મદદ મળે છે. જેને કારણે વજનને નિયંત્રણમાં રાખવા માગતી વ્યક્તિને લાભ થાય છે. માચા ચા પીવાથી મેટાબોલિઝમ મજબૂત બને છે. જેને કારણે વજન તથા મોટાપો ઘટાડવામાં મદદ મળે છે. માચા ચા ઉપર થયેલાં સંશોધન મુજબ ૧૦ થી ૧૨ સપ્તાહ સુધી નિયમિત પ્રમાણભાન રાખીને ચા પીવાથી શરીરમાંથી ચરબીને ધીમે ધીમે ઘટવામાં મદદ મળી રહે છે.

**હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં ગુણકારી :** જાપાનીઝ ચામાં વિવિધ પોષક તત્ત્વો જેવાં કે પ્રોટીન, ખનીજ પદાર્થ સમાયેલાં હોય છે. જે હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે.

**ડાયાબિટીસમાં ગુણકારી :** માચા ટીનું સેવન કરવાથી બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. વિવિધ સંશોધન દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે માચા ચાનું સેવન કરવાથી ઈન્સ્યુલીન પ્રતિક્રિયા તેમ જ ગ્લુકોઝના સ્તરને સુધરવામાં મદદરૂપ બને છે.

**કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં ઉપયોગી :** માચા ચાનું સેવન કરવાથી લોહીમાં એલડીએલ કૉલેસ્ટ્રેલને ઘટવામાં ઉપયોગી બને છે. એલડીએલ કૉલેસ્ટ્રોલને ઓછું કરવામાં સહાયક બને છે. એલડીએલ કૉલેસ્ટ્રોલ ખરાબ કૉલેસ્ટ્રોલ તરીકે ઓળખાય છે... માચા ચાનું સેવન કરવાથી વ્યકિતનું હૃદય, મજબૂત બને છે. અન્ય ગંભીર સ્વાસ્થ્ય સંબંધિત તકલીફથી બચી શકાય છે.

માચા ચાનો ઉપયોગ વિવિધ રીતે કરવામાં આવે છે. માચા ચાને ગરમ કે ઠંડી બંને રીતે પી શકાય છે. સાદી સરળ ચા પીતાં પહેલાં તેને ગરણીથી ગાળવી જરૂરી છે. ચાને ખાસ પ્રકારની ઝરણીથી હલાવવામાં આવે છે. જે ચાના પેકેટ સાથે મોટેભાગે આપવામાં આવે છે. ચાને લીચી, કેરી, સફરજન કે સ્ટ્રોબરી સાથે પી શકાય છે. જે ઠંડી પીવાની હોય છે. દૂધ સાથે પીતી વખતે પાણી વધુ ગરમ ના થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. અન્યથા ચા કડવી બની જશે. પાણીમાં કે દૂધમાં પીવી તે પ્રત્યેક વ્યક્તિના સ્વાદ ઉપર નિર્ભર કરે છે. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા



# ભ્રમ્રમાં ન રહો!

પ્રકૃતિમાં અપાર વૈવિધ્યતા છે. સર્જનહાર પરમાત્માએ ઠેર ઠેર પ્રકૃતિનું સૌંદર્ય પાથર્યું છે. આ સૃષ્ટિના સર્જનહાર અદ્‌ભુત ચિત્રકાર છે. આ સૃષ્ટિમાં માનવ, પશુ-પંખી, વૃક્ષો-ફૂલો, ફળો, નદીઓ, પર્વત, સમુદ્ર, ઋતુઓ વગેરેનું સર્જન કરી પોતાની કુશળતાના દર્શન કરાવ્યા છે. સૃષ્ટિએ માનવ અને પશુ-પંખી કે નાનામોટા જીવો માટે ખોરાકની અદ્‌ભુત વ્યવસ્થા કરી છે. માનવ સિવાયના બધા જ જીવો પોતાનું પ્રાકૃતિક ભોજન કે ખોરાક જ લે છે. તેઓ તેમાં કોઈ બાંધછોડ નથી કરતા. તે પોતાના મુજબ પ્રાકૃતિક ખોરાક કે ભોજન લે છે. તેઓ કોઈ તર્ક-વિતર્ક કરતા નથી. કોઈપણ પ્રકારના પ્રયોગ, ખંડન કે પૃષ્ટિ કરતા નથી કે કોઈપણ પ્રકારનું ભોજન બદલી કરતા નથી. તેમની માટે પ્રકૃતિએ જે આપ્યું છે તે લે છે.

માનવ પણ સૃષ્ટિમાંથી જ બનેલો છે. બુદ્ધિશાળી જીવ છે. માનવ એ પણ ઓળખી શકે છે કે પ્રાકૃતિક શું છે અને અપ્રાકૃતિક શું છે. કયા ખોરાકથી બીમારી આવે છે. વિજ્ઞાનોનો વિકાસ પણ માનવે કર્યો. શરીરની રચના કેવી છે કયા અવયવ શું કામ કરે છે. શરીરમાં કેટલા પોષક તત્ત્વો છે તેની જરૂરિયાત કેટલી છે. ફળો, અનાજ, શાકભાજી વગેરેમાં કયાં તત્ત્વો છે. કેટલા ફાયદાકારક છે. તેમ જ તે કેટલા ખાવા નહીં, ખાવા વગેરેનું વિજ્ઞાન માનવ જાણે છે. ઝેરી કે અઝેરી એ શું છે તે પણ માનવ જાણે છે. લગભગ બધી જ જાણકારી હોવા છતાં કેમ માનવી બીમાર છે. દવાઓ પણ આપણી પાસે છે તેની ખરાબી કેટલી છે તેનું પણ જ્ઞાન છે. દવા પણ માનવીએ જ બનાવી. પ્રદૂષણ પણ માનવીએ જ કર્યું. રોગી પણ બને છે. તો માનવી બુદ્ધિશાળી કે મૂર્ખ!

ભોજન માટેના તર્ક-વિતર્ક ખૂબ જ મોટા પ્રમાણમાં ચાલી રહ્યા છે. સોશ્યલ મીડિયા જ્યારથી દરેક લોકોના હાથમાં આવ્યું છે. ત્યારથી તો તે મોટા પ્રમાણમાં તકલીફમાં આવ્યું છે. પ્રો-કાસ્ટ કરતાં લોકો જે માહિતી આપે છે તેનું જ્ઞાન તેઓની પાસે છે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે. એક જ વસ્તુ માટે કે એક પ્રકારના ખાદ્ય-પદાર્થ માટે જુદી જુદી વાતો. લોકો પણ ખૂબ જ મોટા પ્રમાણમાં ભ્રમિત થાય છે. મારી પાસે આવતા દર્દીઓની ભ્રમણા એ છે કે અમુક વસ્તુઓ ખાવાથી શરદી થાય, કબજિયાત થાય, ગરમ પડે કે કોઈક વસ્તુ ઠંડી પડે ત્યારે મારે પૂછવું પડે કે તમે કોઈ વૈજ્ઞાનિક અભ્યાસ કર્યો છે. કર્યો છે તો તર્ક કરો. કોઈના કહેવાથી બોલવું ન જોઈએ. અનુભવની વાત કરો. આવી ભ્રામક વાતો વિશે જાણીએ કે લોકો પૈસા કમાવવા માટે ભ્રામક વાતો ફેલાવે છે. ઘણી સારી માહિતી પણ આપે છે.

દાડમ એ કબજિયાત કરે છે. આ સૌથી મોટી ભ્રમણા છે. દાડમ એ એન્ટી-ઓક્સિડન્ટથી ભરપૂર છે. તેમાં વિટામિન-સી અને ફાઈબર છે જે હૃદયને સ્વસ્થ રાખે છે. બ્લડ પ્રેશરને કંટ્રોલ કરે છે. પાચન સુધારે છે. કેન્સરને જડમૂળથી કાઢવા માટે રામબાણ છે. ત્વચા અને વાળને ચમકદાર રાખે છે. શરીરની ઈમ્યુનિટી મજબૂત કરે છે. એનીમિયાથી બચાવે છે. માંસપેશીની દરેક તકલીફ દૂર કરે છે. જો આટલી ગુણવત્તાવાળો છે તો તે કબજિયાત કેવી રીત કરે. દાડમના ફળ માટેનાં ગીતો ગવાય છે. દાડમ શરીરમાં કેવી રીતે કામ કરે છે. તે શરીરની એસિડિટીને ઓછી કરે છે, જ્યારે ઝાડા (ડાયરિયા) થાય તે એસીડિટીના કારણે થાય છે, ત્યારે મળ બંધાતું નથી. પાણી જેવું થઈ જાય છે. દાડમ એસિડને ઓછું કરી મળને બાંધે છે કે તેનો બાઈંડિંગ આપે છે. એટલે કે મળને કડક બનાવવામાં મદદ કરે છે. લોકોની ભ્રમણા છે કે દાડમ કબજિયાત કરે છે. આ તર્ક સાવ ખોટો છે. આ ફળ કેન્સર માટે કામ કરે છે તો કેવી રીતે કબજિયાત કરે.

સફરજન માટે પણ આવી જ ભ્રામકતા છે. આ ફળમાં પોટેશિયમ, વીટામિન-સી, ફાઈબર તેમ જ પેક્ટિન એસિડ છે જે અલ્સરના ઘાવ ત્વરિત ભરી નાખે છે. આના ફાઈબર પેટનું દર્દ અને ગેસ્ટ્રાઈટિસમાં ઉપયોગી છે જે એક જેલ (ચીકણો પદાર્થ) બનાવી પેટના લેર ઉપર રક્ષા કવચ બનાવે છે. એટલે રોગાણુ વિરોધી ગુણો છે. ઈન્સ્યુલીન હાર્મોનને સંતુલિત કરે છે. જેના કારણે ડાયાબિટીસ આવતું નથી. સફરજન એ શક્તિપ્રદાન કરતું ફળ છે જે કબજિયાત નથી કરતું. કબજિયાત માટે અપ્રાકૃતિક ભોજન કે કેમિકલયુક્ત ખોરાક જવાબદાર છે.

સંતરા અને મોસંબી ખાવાથી શરદી થાય છે આ ભ્રમણા લોકોની જતી નથી. ખરાબ ખાનપાન કે સાકર કે અન્ય મીઠાઈઓ ખાવાથી કફ થાય છે જે શરદી રૂપે બહાર નીકળે છે, જ્યારે સંતરા ખાવાથી શરીરને વિટામિન-સી ભરપૂર મળે છે. વિટામિન-સી કફને પાતળો કરી બહાર ફેંકે છે ત્યારે લોકોને લાગે છે કે કફ થઈ ગયો કે શરદી થઈ. સંતરા કોઈ શરદી નથી કરતી, કફ બહાર ફેંકવાને લીધે એવું લાગે છે કે શરદી થઈ. આવું જ કાંઈ મોસંબી વિશે છે. સંતરા શરીરના બધા જ પ્રકારના થાક દૂર કરે છે. મગજનો થાક પણ દૂર કરે છે. જે શરીરના ઘાવ ભરવામાં મદદ કરે છે. તાવ પછીની નબળાઈ દૂર કરે છે.

પપૈયું આ ફળ વિશે લોકોની ભ્રમાણ કે તે ગરમ પડે છે. લોકો ગરમ પડે છે તે શું તેની ખબર નથી. લોકો બોલે છે કે કોઈ કહે છે તે સાંભળીને બોલે. પોતાના અનુભવ શું છે તે ખબર નથી. પપૈયું શરીરમાં તેલ પચાવાનું એટલે કે પ્રોટીનનું પાચન કરે છે અને શરીરને સશક્ત બનાવે છે, જ્યારે પ્લેટલેટ ઓછા વધુ થઈ જાય ત્યારે તો લોકો પપૈયાના પાનનો રસ કે કાચા પપૈયાનો રસ લે છે જેથી પ્લેટલેટ બેથી ત્રણ દિવસમાં જ સારા થઈ જાય છે. હાડકાના બધા જ ફ્રેકચર લગભગ બેથી ત્રણ દિવસમાં કાચા પપૈયાના રસથી જોડાઈ જાય છે. મણકાની ગાદી ઘસાવી કે મણકાનું ખસી જવું તે બધું એસિડિટી વધી જવાને કારણે થાય ત્યારે પપૈયું આ એસિડને તરત કંટ્રોલ કરી લે છે અને મણકાના બધા જ પ્રોબ્લેમ લગભગ સાત-આઠ દિવસમાં જ સારા થઈ જાય છે. સાથે ખાવાનું પણ પ્રાકૃતિક હોવું જરૂરી છે. સાકર, મીઠાઈ, ચહા, કોફી, ચોકલેટ જેવા કેફેન પદાર્થ ન લેવા. શરીર ગરમ રહેવું જરૂરી છે. ઠંડા પડવું નો મતલબ મરી જવું છે. (શરીર ઠંડું પડવું) જો શરીર ગરમ હશે તો જીવન હશે. પપૈયું કાચું ખૂબ જ ઉપયોગી છે. ઠંડા ગરમના ખોટા વિચારો છોડી દો અને પ્રાકૃતિક વસ્તુઓનો આનંદ લ્યો. અધૂરું જ્ઞાન હંમેશાં નડે છે.

આવી ઘણી ભ્રામક વાતો લોકો કરે છે. પહેલા અનુભવ કરો. દવા વેચવાવાળાને ફક્ત પોતાનો નફો જોવો છે. માણસનું સ્વાસ્થ્ય નહીં. માનવ જ માનવનો દુશ્મન બને છે. કોઈ વૈજ્ઞાનિકને કે વનસ્પતિશાસ્ત્ર લખનારએ એવું ક્યાંય લખ્યું નથી કે મોસંબી સંતરા શરદી કરે છે. દવા વેચવાવાળાએ આ ભ્રામક વાતો ફેલાવી છે. ટમેટાના બીજ, રીંગણાના બીજ પથરી કરે છે. આ સદંતર ખોટું છે. આપણી નસો વાળ કરતાં પણ પાતળી છે. તો તેમાં ક્યાં આવા બીજ ઘૂસવાના. પથરી થવાનું કારણ કોલેસ્ટ્રોલનું વધવું અથવા પ્રોટીનનું પાચન બરાબર ન થવું તે છે. હજુ વિસ્તારથી ઘણું લખી શકું છું પણ સમજદાર સમજી જશે. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ


સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# વા એટલે...

**આ અગાઉ આપણે હાડ્કાંના રોગ વિશે વાત કરી. ખાસ કરીને હાડકાં ઓગળવાનાં કારણ લક્ષણ ઉપચાર વિશે જાણ્યું. હવે વા વિશે થોડું વિસ્તારથી જાણીએ...**

* બે હાડકાંના જોડાણથી સાંધો બને છે. આ બંને હાડકાં એકબીજા સાથે મજબૂત દોરડાં જેવાં અસ્થિબંધન (Ligament)થી પકડાયેલા હોય છે.

* સાંધો બનાવતા હાડકાંના છેડાઓ ઉપર કાર્ટિલેજ (Cartilage) નામનું લીસું આવરણ હોય છે. જેને આપણે સાદી ભાષામાં ગાદી કહીએ છીએ. આ કાર્ટિલેજ (ગાદી) ડનલોપ જેવું હોવાથી સાંધાઓના હલન-ચલન દરમિયાન શોકએબસોર્બર (ઝટકો કે આંચકો ન લાગવા દે તેવું સાધન) તરીકે કામ કરે છે.




* વા એટલે શું?

શરીરના સાંધાની ગાદીમાં ઘસારો તથા સોજો આવવાથી દુઃખાવાને લીધે હલન-ચલન કરવામાં તકલીફ અનુભવાય તેને 'વા' કહેવાય છે.

'વા'ના મુખ્ય બે પ્રકાર :




(૧) સાંધાનો ઘસારો (Osteoathrities)

હાડકાનો ઘસારો

સોજી ગયેલ શ્લેષક પ્રવાહી

સાંધાઓ વચ્ચે ઘટી ગયેલ જગ્યા

(૨) સંધિવા

* 'વા'નાં વિવિધ લક્ષણઃ

સાંધાનો ઘસારો :

* શરૂઆતમાં લાંબો સમય બેસી રહ્યા બાદ ઊભા થતી વખતે ઢીંચણમાં દુઃખાવો થવો. ઘસારો વધી ગયા બાદ કામકાજ કરતી વખતે તથા ચાલતી વખતે સતત દુઃખાવો થવો.

* પલાંઠીવાળીને કે ઊભા પગે બેસવામાં તકલીફ પડવી કે બેસી ન શકવું.

* ઘસારાના કારણે પગ ઘૂંટણથી વાંકા થઈ જવા.

### બે પ્રકારના 'વા'ની સરખામણી

| લાક્ષણિકતાઓ | સાંધાનો ઘસારો | સંધિવા |
| --- | --- | --- |
| શરૂઆત થવાનો સમય | પાછલી ઉંમરે અને ધીરેધીરે શરૂ થાય. | કોઈપણ ઉંમરે, અચાનક જ શરૂ થાય. |
| સાંધાઓ | માત્ર દુઃખાવો થવો. | સાંધાઓને સોજો આવવો, લાલ થઈ જવા અને વધુ દુઃખાવો થવો. |
| દુઃખાવાનો સમય | સાંજના સમયે વધુ પ્રમાણમાં ઘૂંટણ જકડાઈ જવા. | સવારે લાંબા સમય સુધી સાંધા જકડાઈ જવા. |
| અન્ય તકલીફ | શરીરમાં માત્ર ઘૂંટણની તકલીફ સિવાય અન્ય કોઈ તકલીફ સિવાય અન્ય કોઈ તકલીફ ન થવી. | શરીરમાં થાક લાગવો, કમજોરી રહેવી અને કોઈકવાર તાવ આવવો. |

સંધિવા :

* શરીરના અલગ-અલગ સાંધાઓ (ઘૂંટણ, ગરદન, ખભા, કાંડાં, કોણી વગેરે)માં દુઃખાવો થવો તથા જકડાઈ જવા.

* સાંધાઓમાં સોજો આવવો તથા આજુબાજુની જગ્યા લાલ થઈ જવી.

* કોઈકવાર તાવ આવવો.

* તકલીફવાળા સાંધામાં સોજો તેમજ ઘસારો લાગું પડવાથી પૂરતા પ્રમાણમાં હલન-ચલન કરી શકાય નહીં અને લાંબા સમયે શરીરનો ઘસારાવાળો ભાગ વાંકો થઈ શકે છે.

* શરીરમાં થાક લાગવો.

* વા થવાનાં કારણો :

સાંધાનો ઘસારો :

* ૬૦ વર્ષની ઉંમર પછી તેની સંભાવના વધી જાય છે.

* જાડાપણું-મેદસ્વિતા

શરીરનું વધુ પડતું વજન ઘૂંટણ પર લોડ વધારી દે છે. આથી ગાદી ઘસાવાની સંભાવના વધી જાય છે.

* લાંબા સમય સુધી વધુ પડતું મહેનતવાળું કામ કરવાથી.

* વારસાગત.

સંધિવા :

* વારસાગત.

* શરીરની રોગપ્રતિકારક શક્તિ જ સાંધાના કોષોને દુશ્મન માની તેનો નાશ કરી નાખે છે.

વામાં આહાર-વિહાર શું?

* આ રોગ શરીરમાં વાયુ વધવાથી થતો હોય છે. તેથી વાયુવર્ધક ખોરાકનો ખાસ ત્યાગ કરવો.

* ઠંડા, ભારે, તળેલા અને વાસી ખાદ્ય પદાર્થોથી દૂર રહેવું.

* તૈયાર પેકેજફૂડ અને ઠંડા પાણીનો સદંતર ત્યાગ કરવા.

* વિરુદ્ધ આહારનું સેવન ન કરવું.

* પાણીમાં બાફેલાં કારેલાનું શાક જમવાથી સંધિવામાં ખૂબ જ રાહત થાય છે.

* અનિયમિત જીવનશૈલીથી 'વા'ની માત્રા વધી જાય છે. તેથી 'વા'ના દર્દીઓને રાત્રે વહેલા સૂવાની અને સવારે વહેલા જાગવાની ટેવ ખૂબ જ ફાયદાકારક અને જરૂરી છે.

* ઠંડા પાણીએ સ્નાન ન કરતાં ગરમ પાણીએ સ્નાન કરવું.

* ઉપચારઃ સવારે નાસ્તા પહેલાં ૨ ચમચી મધમાં ૧ ચમચી તજનો પાઉડર ભેગો કરીને લેવો. આ ઉપચારથી ૭ દિવસમાં ૭૦થી ૮૦% દુઃખાવામાં રાહત થાય છે.

૧-૧ ચમચી દળેલું જીરું અને ગોળ ભેગું કરીને થોડા પાણી સાથે સવાર-સાંજ લેવું. વધારે તકલીફમાં દિવસમાં ત્રણવાર પણ લઈ શકાય.

૧થી ૨ ચમચી મેથીનો પાવડર પાણી કે ગોળ સાથે સવાર-સાંજ લેવો.

૧-૧ ચમચી મેથી, સૂંઠ અને અજમાનું ચૂર્ણ ગરમ પાણી સાથે સવાર-સાંજ લેવું.

૬-૬ ચમચી સૂંઠ, જીરું અને ૩ ચમચી કાળા મરીનું ચૂર્ણ મેળવીને ૧૦ દિવસ સુધી રોજ ત્રણવાર અડધી-અડધી ચમચી પાણી અથવા ગોળ સાથે લેવું.

આદુના રસમાં સહેજ મીઠું નાખી તેનું દુઃખાવા પર માલિશ કરવું.

સરસિયાના તેલમાં જાયફળને ઉકાળી તેનું માલિશ કરવું.

### સાવધાની

* ઘૂંટણના ઘસારાની તકલીફ થતી જણાય તો પલાંઠીવાળી તેમ જ ઊભા પગે બેસવું નહીં. જેથી વધારે ઘસારો થાય નહીં.
* ચાલતી વખતે ઘૂંટણના સાંધા ઉપર શરીરના વજનથી ચાર ગણો લોડ આવતો હોવાથી યોગ્ય સંતુલિત આહારથી શરીરનું વજન સપ્રમાણ રાખવું.
* સાંધાઓને તકલીફ ન પડે તેવી ચાલવું, તરવું વગેરે કસરતો અને તેવાં યોગાસન નિયમિત કરવાં.
* 'વા'ના દર્દીઓએ કબજિયાત ન રહે તેની તથા શરીરના કોઈ પણ વેગો રોકાય નહીં તેની ખાસ સાવધાની રાખવી. ■

# આઈટી, બેન્કિંગ શૅરોની આગેવાનીએ નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી પુનઃ હાંસલ કરી, સેન્સેક્સ ૫૮૩ પોઈન્ટ ઊછળ્યો

મુંબઇઃ આઇટી અને ફાઇનાન્શિયલ શેરોમાં વેલ્યુ બાઇંગ સાથે બજારને ટેકો મળતાં સતત ત્રીજા સત્રની આગેકૂચમાં નિફ્ટીએ ૨૫,૦૦૦ પોઇન્ટની સપાટી ફરી હાંસલ કરી છે, જ્યારે સેન્સેક્સે ૫૮૩૬ પોઇન્ટનો વધારો નોંધાવ્યો છે. સેન્સેક્સ સત્ર દરમિયાન ૬૩૯ પોઇન્ટ સુધી ઉચળીને અંતે ૫૮૨.૯૫ પોઇન્ટ અથવા તો ૦.૭૨ ટકાના વધારા સાથે ૮૧,૭૯૦.૧૨ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૧૮૩.૪૦ પોઈંટ અથવા તો ૦.૭૪ ટકાના સુધારા સાથે ૨૫,૦૭૭.૬૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો છે.

સેન્સેક્સના શેરોમાં ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, ટેક મહિન્દ્રા, એક્સિસ બેન્ક, બજાજ ફાઇનાન્સ, ઇટર્નલ, ઇન્ફોસિસ, કોટક મહિન્દ્રઆ બેન્ક અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર રહ્યા હતા. જ્યારે ટાટા સ્ટીલ, અગાણી પોર્ટ, પાવર ગ્રઈડ અને ટાઇટન ટોપ લુઝર શેરોમાં સામેલ હતા. કોર્પોરેટ પરિણામની મોસમ શરૂ થતાં પહેલા આઇટી શેરોમાં આકર્ષણ જોવા મળ્યું હતું. જ્યારે બેન્કોના મજબૂત અપડેટ્સને કારણે બેન્ક શેરોમાં લેવાલી જોવા મળી હતી.

કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપનીએ તેના રૂ. ૧૩૨૬ કરોડના આઇપીઓ માટે રૂ. ૨૫૩થી રૂ. ૨૬૬ પ્રતિ શેરની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. આઇપીઓ નવમી ઓક્ટોબરથી ૧૩મી ઓક્ટોબર સુધી ખુલ્લો રહેશે, જે સંપૂર્ણપણે ૪.૯૮ કરોડ ઇક્વિટી શેરની ઓએફએસ છે. ફાળવણી ૧૪મી ઓકટોબરે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટીંગ ૧૬મી ઓક્ટોબરે થશે. મિનિમમ લોટ ૨૬ શેરનો છે.

ટાટા કેપિટલના આઇપીઓમાં પહેલી પચ્ચીસ મિનિટમાં જ એક લાખથી વધુ અરજી મળી હોવાની બજારમાં ચર્ચા હતી. પેસ ડિજીટેક ચાર ટકા પ્રીમિયમ સાથે લિસ્ટ થયો હતો. પેસીવ મ્યુચ્યુઅલ ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ ૨૦૨૫માં ઝડપી વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૨૦ લાખ કરોડની સ્તરે પહોંચી છે, જે ૨૦૧૯ના રૂ. ૧.૯૧ લાખ કરોડ સામે, એટલે કે છ વર્ષમાં છગણી વૃદ્ધિ દર્શાવે છે. માર્ચ ૨૦૨૩થી બે વર્ષમાં એસેટ બેઝમાં ૧.૭૦ ગણો વધારો થયો છે.

સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડે, સિંગાપોર સ્થિત ડેલવેર યુએસએની એગ્રી સર્વિસીસ એન્ડ ટ્રેડ એલએલપી, પાસેથી તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ગ્રીન પોઇન્ટ પ્રાઇવેટ લિમિટેડ, સિંગાપોર મારફત રૂ. ૨૬૬ મિલિયનના મૂલ્યનો નિકાસ ઓર્ડર મેળવ્યો છે. પાછલા બે મહિનામાં કંપનીનો નિકાસ માટે મળેલો આ ત્રીજો નિકાસ ઓર્ડર છે. રૂબીકોન રિસર્ચ લિમિટેડનો રૂ. ૧,૩૭૭.૫૦ કરોડના બુક બિલ્ડ ઇશ્યૂ સાથે નવમી ઓક્ટોબરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ ઓક્ટોબરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૪ ઓક્ટોબરના રોજ અને એનએસઇ તથ બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૬ ઓક્ટોબરા થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૬૧થી રૂ. ૪૮૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૩૦ છે.

ડાઇવર્સિફાઇડ રિટેલ અને ફૂડ પ્રોસેસિંગ કંપની પટેલ રિટેલ લિમિટેડે તેની મુખ્ય બ્રાન્ડ ઇન્ડિયન ચસ્કાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) તરીકે સંજીવ કુમાર નિગમને નિયુક્ત કર્યા હોવાની જાણ કરી છે, જે પાંચમી ઓક્ટોબરથી અમલમાં આવશે. આ નિમણૂક સાથે, કંપની સમગ્ર ભારતમાં બ્રાન્ડની હાજરીને વિસ્તૃત કરવાનો લક્ષ્ય ધરાવે છે.

મંગળવારે મેઇનબોર્ડના ત્રણ ઇશ્યૂ એક સાથે ઇશ્યૂભાવ સામે નેગેટિવ ઝોનમાં સરી ગયા બાદ ઇપેક પ્રિફેબ ટેકનોલોજીસ બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો. જ્યારે જૈન રિસોર્સિસ રિસાઇક્લિંગનો શેર બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. અનંતમ હાઇવેઝ ઇન્વિટ આઇપીઓ અને એલજી ઇલેક્ટ્રોનિક્સનો આઇપીઓ સાતમી ઓક્ટોબરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે.

વેદાંતા ગ્રુપ, રૂનવાલ ડેવલપર્સ, સ્ટર્લાઇટ ઇલેક્ટ્રિક, રાય્સ પાવર ઇન્ફ્રા અને ઓગમેન્ટ એન્ટરપ્રાઇસ સહિત છ કંપનીઓએ સેબી પાસે પેપર્સ જમા કરાવ્યા છે. રોટોમેગ એનરટેક, ઓસવાલ કેબલ્સ અને પ્રાઇડ હોટલ્સે પણ મૂડીબજારમાં પ્રવેશવા સેબીનો સંપર્ક સાધ્યો છે. અર્હમ વેદમ પ્રાઇવેટ લિમિટેડે પશ્ચિમ ભારતની બજારમાં વિસ્તરણ કરવા હેતુસર મુંબઇ ખાતે ફાર્માએક્સ એક્સપોમાં ૧૦૦ ટકા કુદરતી આયુર્વેદિક પ્રોડક્ટની રજૂઆત કરી હતી. કંપની કેટલાક દેશમાં નિકાસ પણ કરે છે. ટોચના ફંડ મેનેજરે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરની કમાણીની મોસમ શરૂ થઈ રહી હોવાથી બજારની ચાલ માટે આ અઠવાડિયું મહત્વપૂર્ણ રહેશે, આઇટી અગ્રણી કંપની ટીસીએસ નવમી ઓક્ટોબરે પરિણામો જાહેર કરશે. મેક્રોઇકોનોમિક મોરચે, લોન અને ડિપોઝિટ વૃદ્ધિ પર બેંકિંગ ક્ષેત્રના ડેટા સાથે, એચએસબીસી સર્વિસિસ અને સંયુક્ત પીએમઆઇના ડેટા પર નજીકથી નજર રાખવામાં આવશે. ટાટા કેપિટલ અને એલજી ઇલેક્ટ્રોનિક્સના મોટા આઇપીઓ સાથે, પ્રાથમિક બજારની પ્રવૃત્તિ પણ મજબૂત રહેવાની છે. વૈશ્વિક સ્તરે, અમેરિકાની વર્તમાન ખાસ કરીને ચાલુ સરકારી શટડાઉનની પૃષ્ઠભૂમિ સામે, મુખ્ય યુએસ મેક્રોઇકોનોમિક અપડેટ્સ, જેમાં એફઓએમસી મિનિટ્સ, બેરોજગારીના દાવાઓ અને ગ્રાહક ભાવના ડેટાનો સમાવેશ થાય છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. શટડાઉનને કારણે પહેલાથી જ કેટલાક આર્થિક ડેટાની જાહેરાતમાં વિલંબ થયો છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ક્વાર્ટર માટે ટીસીએસના કોર્પોરેટ પરિણામ જાહેર થશે ત્યારે આઇટી ક્ષેત્ર સ્પોટલાઇટમાં રહેશે.

દરમિયાન, એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

## ખાંડમાં ખપપૂરતા કામકાજે પીછેહઠ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે ખાસ કરીને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં માગ તથા માલની ગુણવત્તાનુસાર સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૨૦ અને રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

વધુમાં આજે અમુક માલની ગુણવત્તા પણ પ્રમાણમાં નબળી આવી હોવાથી ભાવ દબાણ હેઠળ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૧૨થી ૪૦૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૪૦૬૨થી ૪૧૩૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

**અમેરિકી શટડાઉનઃ સલામતી માટેની માગને ટેકે વૈશ્વિક સોનાએ ૩૯૦૦ ડૉલરની સપાટી કુદાવી**

# સ્થાનિક સોનામાં ₹ ૨૨૯૫ની અને ચાંદીમાં ₹ ૩૨૨૩ની ઝડપી તેજી

મુંબઈઃ અમેરિકા ખાતે ગવર્મેન્ટ શટડાઉન, વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને ફેડરલ દ્વારા રેટ કટના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૦૦ ડૉલરની ઉપરની સપાટીએ અને ચાંદીના ભાવ ૧૪ વર્ષની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૫થી ૨૨૯૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૨૩નો ઉછાળો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૨૩ની તેજી સાથે રૂ. ૧,૪૮,૮૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોનો નવી લેવાલીમાં નિરુત્સાહ રહ્યો હતો. વધુમાં આજે સોનામાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૫ વધીને રૂ. ૧,૧૮,૭૭૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૯૫ વધીને રૂ. ૧,૧૯,૨૪૯ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી અને માત્ર છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હતી. ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગત શુક્રવારે વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં હાજરમાં એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૯૪૯.૩૪ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૧.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૯૪૦.૦૪ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૧.૪ ટકા વધીને ૩૯૬૪.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે અગાઉ ગત માર્ચ મહિનામાં હાજરમાં સોનાના ભાવે ઔંસદીઠ ૩૦૦૦ની સપાટી પાર કરી હતી. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૮.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આંશિક શટડાઉનનો અંત લાવવા માટે કૉંગ્રેસનલ ડેમોક્રેટ્સ સાથે વાટાઘાટ કરવાનો નિર્ણય લીધો છે અને જો આ વાટાઘાટ સફળ નહીં થાય તો મોટી માત્રામાં સરકારી કર્મચારીઓની છટણી જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. આમ એકંદરે અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન અને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવા આશાવાદને કારણે સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું એફએક્સટીએમનાં વિશ્લેષક લુકમાન ઓટુન્ગાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૫૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે.

## કોપરમાં તેજીની આગેકૂચ, ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી

મુંબઈઃ તાજેતરમાં વૈશ્વિક બજારમાં કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ પ્રવર્તી રહી હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં આગેકૂચ જળવાઈ રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં પણ એકમાત્ર કોપર વાયરબારમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. આઠના ઘટાડાને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. બેથી ૧૯નો સુધારો આગળ ધપ્યો હતો. આ સિવાય ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણે ભાવમાં કિલોદીઠ રૂ. બાવીસનો અને નિરસ માગે ઝિન્ક સ્લેબ અને નિકલમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ વધીને અનુક્રમે રૂ. ૯૪૮ અને રૂ. ૯૩૪, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૯૨૦ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૮૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બેના સુધારા સાથે રૂ. ૬૦૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે વધ્યા મથાળેથી ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ ઘટીને રૂ. ૩૩૭૮ અને રૂ. આઠ ઘટીને રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૯૫ અને રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા.

## ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આજે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યાના નિર્દેશો સાથે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને સત્રના અંતે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૮૮.૭૭ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૭૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૭૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૮૩ અને ઉપરમાં ૮૮.૭૪ની રેન્જમાં અથડાઈને અંતે બે પૈસાના સુધારા સાથે ૮૮.૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. તાજેતરમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળી રહેલા મજબૂત વલણ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તથા ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ રહેતાં હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ધીમો સુધારો જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આયાતકારોની ડૉલરમાં લેવાલી રૂપિયાને અમુક અંશે દબાણ હેઠળ રાખી શકે છે તેમ છતાં અમારા મતે ડૉલર સામે રૂપિયો ૮૮.૫૦થી ૮૯ આસપાસની રેન્જમાં રહે તેમ જણાય છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૭૩ ટકા વધીને ૯૮.૪૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૬૧ ટકા વધીને બેરલદીઠ ૬૫.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૫૮૨.૯૫ પૉઈન્ટ અને ૧૮૩.૪૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હોવાથી રૂપિયો બેતરફી વધઘટે અથડાઈ ગયો હતો.

### પબ્લિક નોટીસ

અમો તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે ડૉ. એની બેસન્ટ રોડ, વરલી, મુંબઈ-૧૮ ખાતે સ્થિત અને વરલી ડિવિઝનનો પ્લોટ નં. G/૧/૩, C.S. નં. ૧/A/૨ ધરાવતી જમીન પર ઉભેલ બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં ૪ કાર પાર્કિંગ જગ્યાઓ (**"કાર પાર્કિંગ જગ્યાઓ"**) સાથે સોસાયટીની એસ્ટેટ પર **પૂનમ ચેમ્બર્સના** ૬ઠ્ઠા માળ પર ભરતમાં ૩૫૦૦ ચો. ફૂટ બિલ્ટ-અપ એરિયા ઓફિસ પ્રિમાઈસિસ નં. ૬૦૨-A (**"પ્રિમાઈસિસ"**)ની ફાળવણીના બેનિફિટ સાથે તેમજ તેમની દ્વારા ધરાવાયેલ (શેર સર્ટિફિકેટ નં. ૦૫૦માં સમાવિષ્ટ વિશિષ્ટ રીતે નંબર ૪૯૧ થી ૫૦૦) દરેક રૂ. ૫૦/-ના ૧૦ શેર્સ (**"શેર્સ"**) સાથે પૂનમ ચેમ્બર્સ પ્રિમાઈસિસ કો-ઓપરેટિવ સોસાયટી લી. (**"સોસાયટી"**)માં સભ્યપદ હક્કોના ૬૦૨-A, પૂનમ ચેમ્બર્સ, A-વીંગ, ડૉ. એની બેસન્ટ રોડ, વરલી, મુંબઈ-૧૮ ખાતે તેમની રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતા Biostdt ઈન્ડિયા લી. (**"માલિક"**)ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ જે સદર પ્રિમાઈસિસ કે કાર પાર્કિંગ જગ્યાઓ કે તેના કોઈપણ ભાગમાં કે તેમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, કબજો, ઈઝમેન્ટ, લીઝ, લીઅન, એસાઈનમેન્ટ, જાળવણી અથવા બીજી કોઈ રીતે, શેર્સ, પ્રિમાઈસિસ અને/અથવા કાર પાર્કિંગ જગ્યાઓ સંબંધિત કોઈપણ અસલ દસ્તાવેજોના કબજા સહિત અને આવા અસલના કબજાના આધારે કોઈપણ હક્કોનો દાવો કરવો અને એસર્ટીંગ કરવો સહિત કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણીનો દાવો કરતા હોય તો, વિનંતી કે નીચે સહી કરનારને લેખિતમાં આવા દાવા, હક્ક અથવા માંગણીના પ્રકારને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે ૧૦ દિવસની અંદર વિન્ડસર ચેમ્બર્સ, ૧લો માળ, કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે કરે, જેના નિષ્ફળ જવા પર અમો માની લઈશું કે કોઈ દાવા કે માંગણી નથી અને તદ્અનુસાર અમારી તપાસ પૂર્ણ અને પાકી કરીશું અને કોઈપણના કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ, હિત કે માંગણી જેની ઉપર જણાવ્યા મુજબ અમોને જાણ કરાયેલ નથી તેવી બાબતમાં તેને ત્યજી દીધેલ, છોડી દીધેલ અને જતા કરેલ, રીલીઝ કરેલ તરીકે ગણવામાં આવશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૫.

સહી/-
**નારાયણન & નારાયણન**
**એડવોકેટસ & સોલીસીટર્સ**

# સ્થાનિકમાં હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટની માગ વધારવા સરકારની સ્વદેશી ઝુંબેશ

નવી દિલ્હીઃ સ્થાનિકમાં હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ્સ અને ટેક્સ્ટાઈલ ઉત્પાદનોની માગને પ્રોત્સાહિત કરવા માટે સરકારે સ્વદેશી ઝુંબેશ શરૂ કરી હોવાનું તાજેતરમાં ટેક્સ્ટાઈલ મંત્રાલયે જણાવ્યું છે. આ ઝુંબેશ ભારતભરમાં છથી નવ મહિના સુધી ચાલશે, તેમ જ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં જાગરૂકતા લાવવાની સાથે આપણાં સ્થાનિક ઉત્પાદનોની સાંસ્કૃતિક ઓળખ અંગે સમજણ આપવાનો છે. તેમાં પણ ખાસ કરીને શહેરી વિસ્તારોમાં યુવાન વર્ગમાં અને ગ્રાહકોમાં ભારતીય ટેક્સ્ટાઈલનું પુનઃ ગૌરવવંતુ સ્થાન અંકે કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

નોંધનીય બાબત એ છે કે દેશનાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વદેશી ઉત્પાદનોના વપરાશ પર ભાર મૂકવા હાકલ કરી છે. ટેક્સ્ટાઈલ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું કે આ ઝુંબબેશનો હેતુ સ્થાનિક ટેક્સ્ટાઈલનાં વપરાશમાં વધારો અને તેમાં પણ શહેરી વિસ્તારો અને જનરેશન ઝેડમાં જાગરૂકતા લાવીને વપરાશ વધારવાનો છે. વિવિધ કાર્યક્રમો, સામાજિક કાર્યક્રમો, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વગેરેનો ઉપયોગ કરીને જાગૃતિ લાવવામાં આવશે. આ ઝુંબેશમાં કેન્દ્ર સરકાર વિવિધ રાજ્ય સરકારોની સક્રિય ભાગીદારીની અપેક્ષા રાખી રહી છે. આ ઝુંબેશના અન્ય હેતુઓમાં બજારનુ એક્સેસ વધારવાની સાથે ટેક્સ્ટાઈલ એમએસએમજી, કલાકાર-કસબીઓ અને વણકરોની આવકમાં વધારો કરવાનો પણ છે. આત્મનિર્ભર ભારતનાં દૃષ્ટિકોણ સાથે સુસંગતતા રાખીને ટેક્સ્ટાઈલ માટે પીએમ મિત્ર પાર્ક, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને સંસ્થાકીય પ્રાપ્તિ ઉપરાંત મંત્રાલયો અને શૈક્ષણિક સંસ્થાઓને ગણવેશ, રાચરચિલુ વગેરેમાં ભારતીય બનાવટના કાપડ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. વર્ષ ૨૦૨૪માં ભારતીય ટેક્સ્ટાઈલ અને ક્લોધિંગની બજારનું કદ ૧૭૯ અબજ ડૉલરનું હતું જે વર્ષે સરેરાશ સાત ટકાના દરે વૃદ્ધિ પામે છે. સ્થાનિક બજારમાં ઘરગથ્થું ક્ષેત્રનો હિસ્સો ૫૮ ટકાનો છે જે વર્ષે ૮.૧૯ ટકાના દરે વૃદ્ધિ પામે છે.

# દેશી તેલમાં મથકો પાછળ સુધારો

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ છ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં ખાસ કરીને આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મથકો પાછળ દેશી તેલના ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૨૫, સરસવમાં રૂ. ૧૫ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાનાં ગોંડલ મથકે આજે મગફળીની ૭૫,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૧૯,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૮૨૫થી ૧૨૦૦માં અને રૂ. રૂ. ૮૨૫થી ૧૨૫૦માં થયાના અહેવાલ હતા. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સિંગતેલના રૂ. ૧૩૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૨૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૯૦માં ટકેલા ધોરણે થયા હતા.

અમેરિકા ખાતે ગવર્મેન્ટ શટડાઉન, વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને ફેડરલ દ્વારા રેટ કટના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૦૦ ડૉલરની ઉપરની સપાટીએ અને ચાંદીના ભાવ ૧૪ વર્ષની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલો સાથે મુંબઈ ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૫થી ૨૨૯૫ની તેજી આવી હતી અને વેરારહિત ધોરણે ૯૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ અનુક્રમે રૂ. ૧,૧૮,૭૭૧ અને રૂ. ૧,૧૯,૨૪૯ના મથાળે તથા ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૨૩ની તેજી સાથે રૂ. ૧,૪૮,૮૩૩ની સપાટીએ રહ્યા હતા. નો ઉછાળો આવ્યો હતો.

**PUBLIC NOTICE** **પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
નં. E.E. મિકે. (S)/૪૦૭૯/ સાઉથ તા. ૦૬/૧૦/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ BMCની વેબસાઈટ પર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખિત છે.

| ક્ર.નં. | | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_ ૧૨૨૫૨૫૨_૧ | BMC જનરલ ઈલેક્શન ૨૦૨૫ માટે વિક્રોલી અને કાંદિવલી ગોડાઉન ખાતે EV મશીન (BU/CU) માટે પ્લેટફોર્મની ફેબ્રિકેશન, સપ્લાય અને ઈન્સ્ટોલેશન. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે https://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવાની રહેશે.

સહી/-
PRO/1821/ADV./2025-26 Ex.ENG.MECH (સાઉથ)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગ | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (ભાંડુપ કોમ્પ્લેક્સ) |
| બીડ આમંત્રણ નં. | ૨૦૨૫_MCGM_૧૨૨૨૭૬૩_૧ |
| વિષય | ભાંડુપ કોમ્પ્લેક્સ ખાતે કન્ટ્રોલરૂમથી નીતી ગેટ સુધી સંલગ્ન એસેસોરિઝ અને ઓપ્ટિકલ ફાયબર કેબલની સપ્લાય અને નાખવું. |
| બીડનું વેચાણ | તારીખઃ ૦૭.૧૦.૨૦૨૫ ૧૧.૦૦ ક. થી ૨૭.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. **પૅકેટ A, B & પૅકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) પાકતી તારીખઃ ૨૭.૧૦.૨૦૨૫, ૧૬.૦૦ ક સુધી.** |
| વેબસાઈટ | https://portal.mcgm.gov.in https://mahatender.gov.in |
| સંપર્ક ઓફિસર | A.E.(ઈન્સ્ટ્રુમેન્શન) ભાંડુપ કોમ્પ્લેક્સ |
| A) નામ | શ્રીમતી પલ્લવી પી. પાટિલ |
| B) ટેલિફોન | ૦૨૨-૨૫૬૫ ૮૫૧૬ |
| C) મોબાઈલ નં. | ૯૯૩૦૬૨૧૨૨૪ |
| D) ઈ-મેલ | aeinstbc.he@mcgm.gov.in |

**ટેન્ડરરે ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરતા પહેલા ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા રૂ. ૧૪,૫૨૦/- + ૧૮% GST (૯% CGST + ૯% SGST)ની ટેન્ડર ફી ચૂકવવાની રહેશે.**

બૃન્હમુંબઈ મ્યુનિસિપલ કમિશનરના આદેશથી

સહી/-
PRO/1793/ADV./2025-26 E.E.(S.I.P.S.) B.C.

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ/O.C. ડિવિઝન
Dy. H.E./OPS/૪૭૩૧ તારીખ : ૦૩.૧૦.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

**વિષયઃ** O.C. ડિવિઝનમાં A.E. (મોડક સાગર) હેઠળ મોડક સાગર ડેમ ખાતે સંલગ્ન કામો હાથ ધરવા અને ફલડ કન્ટ્રોલ ગેટની રબર સિલ્સની બદલી કરવી.

| | |
|---|---|
| બારડી & બીડ નં. | રૂ. ૮૪,૨૦૦.૦૦ની બારડીની રકમ બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૨૪૭૫૭_૧ |
| ઓનલાઈન ટેન્ડર વેચાણ | ૦૭.૧૦.૨૦૨૫ના ૧૩.૦૦ ક. થી ૧૫.૧૦.૨૦૨૫ના ૧૬.૦૦ ક. સુધી. |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૫.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. |
| પેકેટ A ખૂલશે | ૨૦.૧૦.૨૦૨૫ ૧૬.૩૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૨૦.૧૦.૨૦૨૫ ૧૬.૩૫ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૩૧.૧૦.૨૦૨૫ ૧૧.૦૦ ક. પછી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |
| A) સંપર્ક અધિકારીઓના નામ | J. P. ખરાડે, E.E. (ઓપરેશન્સ)/ D. S. ભવરે, A.E. (મોડક સાગર) |
| B) ટેલિફોન | ૦૨૨-૨૫૪૨૧૦૯૪/ ૨૫૪૪૫૨૩૦ |
| C) મોબાઈલ નં. | ૯૯૩૦૨૬૦૪૬૨/ ૯૧૬૭૨૦૩૭૨૭ |
| D) ઈ-મેલ ID | ee01operations.he@mcgm.gov.in |

વિગતવાર ટેન્ડર નોટીસ મહાટેન્ડર પોર્ટલ (http://mahatender.gov.in) પર ઉપલબ્ધ છે.

**આ ટેન્ડર દસ્તાવેજો ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
(P.V. શેઠ)
PRO/1809/ADV./2025-26 Dy.H.E. (ઓપરેશન્સ)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**રાજ્યમાં આર્થિક કટોકટી**

# 'આનંદાચા શિધા' ઉપર પણ કાતર ફરી વળી

મુંબઈઃ રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો તહેવારોને આનંદથી ઉજવી શકે તે માટે મહાયુતિ સરકારે ત્રણ વર્ષ પહેલાં શરૂ કરેલી 'આનંદાચા શિધા' યોજના નાણાકીય કટોકટીને કારણે બંધ થઇ ગઇ હોવાના સંકેત છે. તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારે ચૂંટણી પછી સત્તામાં આવવા માટે લાડકી બહિણ યોજના, ખેડૂતો માટે મફત વીજળી, આનંદચા શિધા યોજના અને વરિષ્ઠ નાગરિકો માટે યાત્રા યોજના સહિત ઘણી લોકપ્રિય યોજનાઓની જાહેરાત

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર સરકાર દેવાના બોજ હેઠળ: સુળે

મુંબઈ: એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળેએ સોમવારે એવો દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં વિવિધ યોજનાઓ બંધ કરવામાં આવી રહી હોવાના અહેવાલો દર્શાવે છે કે રાજ્યની આર્થિક સ્થિતિ નબળી છે.

પુણેમાં પત્રકારો સાથે વાત કરતાં, સુળેએ કહ્યું હતું કે તેઓ છેલ્લા દોઢ વર્ષથી રાજ્યની 'નબળી' આર્થિક સ્થિતિ વિશે ચેતવણી આપી રહ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા દિવાળીમાં નાગરિકોને નજીવી કિંમતે આપવામાં આવતા 'આનંદાચા શિધા'ની યોજના બંધ કરવામાં આવી હોવાના

(જુઓ પાનું ૪) ▶▶

# ઓક્ટોબરના અંતમાં શરૂ થશે નવી મુંબઈ ઍરપોર્ટ પર ટિકિટનું બુકિંગ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નવી મુંબઈમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્ઘાટન થઈ ગયા પછી ઓક્ટોબરના અંત સુધીમાં ટિકિટના વેચાણની શરૂઆત થશે એવી માહિતી વિશ્વસનીય સૂત્રો દ્વારા આપવામાં આવી છે. સિડકો અને અદાણી ગ્રુપના સૂત્રોએ જણાવ્યું હતું કે શરૂઆતમાં સવારે ૮ થી ૧૦ ફ્લાઇટ્સ રવાના થશે અને ત્યારબાદ જરૂરિયાત અનુસાર પ્રતિ કલાક ૨૦થી ૩૦ ફ્લાઇટ્સ ઉડ્ડયન કરશે.

નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અંતે વિમાન ઉડ્ડયન માટે તૈયાર છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આઠમી ઓક્ટોબરે એરપોર્ટનું ઔપચારિક ઉદઘાટન કર્યા બાદ ડિસેમ્બરમાં દેશ અંતર્ગત અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ શરૂ થશે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનની મંજૂરી મળતા ટિકિટ વેચાણ માર્ગ મોકળો થયો છે. ઇન્ડિગો, અકાસા એર અને એર ઇન્ડિયા એક્સપ્રેસ જેવી પ્રમુખ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈના ડેવલપર્સ-કોન્ટ્રાકટર્સ માટે આનંદનો અવસર

## હવે, બાંધકામ માટે ગુણવત્તાયુક્ત રો મટીરિયલની કાર્ટેલ-કમિશનખોરીમાંથી મળશે મુક્તિ

**મકાનની દીવાલોમાં તિરાડ પડવાથી ભેજ, ક્ષાર કે લૂણો લાગવાની કે પાણી ટપકવાની મુસીબતથી છુટકારો આપતી અત્યાધુનિક ટેકનોલોજીનો આવિષ્કાર, તમામ મુસીબતનો એક ઈલાજ ''હેરિટેક''**

HERITECH® PLAST EXPERT READY TO USE PLASTER

મુંબઈ શહેરના મોટાભાગનાં ડેવલપર્સ-કોન્ટ્રાક્ટર્સ એકધારી ગુણવત્તાયુક્ત રો મટીરિયલ અને તેની અનિશ્ચિત કિંમતોથી પરેશાન થઈ રહ્યા છે. ત્યારે તેઓ માટે એક રાહતના સમાચાર પ્રાપ્ત થયા છે. ગુજરાતસ્થિત વર્લ્ડ હેરિટેઝ સાઈટ્સ એવા પાવાગઢ પાસે હાલોલસ્થિત હેરિટેક બિલ્ડ કેર પ્રા.લિ. કંપનીએ વર્ષોની મહેનત અને સંશોધનને અંતે અત્યાધુનિક ટેકનોલોજી કહી શકાય એવી મલ્ટિ યુઝ પ્રોડક્ટ હેરિટેકનો આવિષ્કાર કર્યો છે.

સામાન્ય રીતે અમુક સમય પહેલાં જ બનેલા મકાનોની દીવાલોમાં તિરાડો પડવી, દીવાલોમાં ભેજ કે લૂણો આવવાથી કલરની પોપડીઓ ઉખડવી કે છતમાં કે ટોઈલેટ સંક-સ્લેબમાંથી પાણી ટપકવાની સમસ્યા સામાન્ય બની રહી છે, આ સમસ્યાઓ પાછળ બિલ્ડર્સ કે કોન્ટ્રાક્ટર્સ દ્વારા ઉપયોગમાં લેવાતી સામગ્રીની ગુણવત્તા મહદઅંશે જવાબદાર રહેતી હોવાનું નિષ્ણાતોના અભ્યાસમાં તારણ સ્પષ્ટ થયું છે.

આ પ્રકારની સમસ્યાનો અકસીર ઈલાજ હેરિટેક પ્રોડક્ટ હોવાનું કંપનીનો દાવો છે. કંપનીના દાવા મુજબ હેરિટેકનું પરીક્ષણ આઈઆઈટી (પવઈ) સ્થિત લેબમાં થયું ત્યારે ટેસ્ટિંગના પરિણામો શ્રેષ્ઠ આવ્યા છે. ઉપરાંત સ્થાનિક સ્તરે પાંચ વર્ષ પહેલાં હેરિટેકનો જે ઈમારતોમાં વપરાશ થયો તે ઈમારતોની મજબૂતાઈ અને વોટરપ્રૂફિંગના પરિણામો આજે પણ સંતોષકારક પ્રાપ્ત થયા છે.

હેરિટેકનો વપરાશ સરળ છે. પ્રતિ ૨૫ કિ.ગ્રા.ની બેગમાં ફક્ત ૩થી ૪ લિટર પાણી ઉમેરી પારંપરિક રીતે રેતી સિમેન્ટની જેમ જ વપરાશમાં લઈ શકાય છે. હેરિટેકનો વપરાશ કર્યા બાદ દીવાલો પર પાણીનો છંટકાવ કરવાની બિલકુલ જરૂર રહેતી નથી. દીવાલો આપોઆપ સફેદ કલર ધારણ કરી લે છે, અને દીવાલો વોટરપ્રૂફ બની રહે છે. હેરિટેકનો વપરાશ કરવાથી પુટ્ટી અને કલર જેવી સામગ્રીના ખર્ચમાં ધરખમ બચત તો થાય છે સાથે જ મજૂરી અને સમય ખર્ચની પણ બચત થાય છે. ઉનાળામાં ઈમારતનું તાપમાન પણ નીચું રહે છે.

હેરિટેક પેટંટ રજિસ્ટર્ડ પ્રોડક્ટ છે, વિશ્વમાં ફ્લાયએશ બેઝ ગ્રે કલરના કોઈ સિમેન્ટ કે રેતી સિવાય બાંધકામક્ષેત્રે ઉપયોગી એવી પ્રથમ પ્રોડક્ટ હેરિટેક છે. સદીઓ પહેલાં નિર્માણ થયેલા સ્થાપત્યોનો બારીકાઈથી અભ્યાસ અને સંશોધન બાદ નિર્માણ પામેલી હેરિટેક પ્રોડક્ટ કેલ્શિયમ બેઝડ મિનરલ્સયુક્ત છે. સો ટકા વોટર ક્યુરિંગ ફ્રી એવી હેરિટેક પોલિમર અને ફાયબરયુક્ત છે. તેમાં એક પણ કણ માટી કે ફ્લાયએશ ના હોવાથી દીવાલોમાં તિરાડ પડતી નથી કે પાણી લિકેજ કે લૂણો લાગવાની સમસ્યા નડતી નથી.

કંપની એકધારી ગુણવત્તા સાથે લાંબાગાળા માટે ફિક્સ રેટ પર મટીરિયલ સીધા જ ડેવલપર્સ કે કોન્ટ્રાક્ટર્સને સપ્લાય કરવા કટિબદ્ધ છે. કંપની ભ્રામક જાહેરાતો કરવાને બદલે શ્રેષ્ઠ સેવા અને ઉત્પાદન અંતિમ વપરાશકર્તાને વ્યાજબી દરે પહોંચાડી સૌનું ભલું કરવાની નીતિમાં વિશ્વાસ ધરાવે છે.

**હેરિટેકનો એક વખત વપરાશ કરનાર ક્યારેય નિરાશ નહીં થાય તેનો કંપનીને વિશ્વાસ છે.**

**હેરિટેક રેડી ટુ યુઝ મલ્ટિ યુઝ પ્રોડક્ટ મેળવવા ઈચ્છુક ડેવલપર્સ-કોન્ટ્રાક્ટર્સને વધુ માહિતી માટે વોટ્સએપ નંબર + 91 9825083084 અથવા + 91 9998337473 પર સંપર્ક કરવા અપીલ છે.**

# આજથી ત્રણ દિવસ મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પુરવઠો કરનારા પિસે-પાંજરાપૂરમાં આવેલા વોટર ફિલ્ટરેશન સેન્ટરના ૧૦૦ કિલોવોટ ઈલેક્ટ્રિકલ સેન્ટરમાં રહેલા ઈલેક્ટ્રિક મીટરને અત્યાધુનિક કરવાનું કામ હાથ ધરવામાં આવવાનું છે. મીટર જોડાણનું કામ આજે સાત ઓક્ટોબર, મંગળવાર, આઠ ઓક્ટોબર બુધવાર અને નવ ઓક્ટોબર ગુરુવાર સળંગ ત્રણ દિવસ બપોરના ૧૨.૩૦ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી અઢી કલાક દરમ્યાન કરવામાં આવશે. તેથી શહેર અને ઉપનગરના અમુક વિસ્તારમાં આ ત્રણ દિવસ

(જુઓ પાનું ૪) ▶▶

**PAC n DELIVER**
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



DEPARTURES
Dec 17, 23, Jan 10, 23 Feb 6, 18, March 6, 18
# વર્લ્ડ ક્લાસ એરલાઇન્સથી મુસાફરી (With only 1 Stop)
# લક્ઝુરિયસ 4 સ્ટાર કન્ફર્મ હોટલ
# રાજસ્થાની મહારાજ દ્વારા સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ભોજન.
# Queenstown Lake Wakatipuમાં જેટ બોટ રાઇડનો રોમાંચ
# 3 Luge rides & Gondola Ride in Queenstown, Puzzling World at Lake Wānaka
# Rotorua માં 'પોલિનેશિયન સ્પા', Mt Cook માં સ્નો લેન્ડિંગ સાથે હેલિકોપ્ટર રાઈડ
# પ્રામાણિક વ્યવહાર સાથે સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ, કોઈ છુપાયેલા ખર્ચ વિના..
અન્ય ટુરો : આર્કટિક - જાપાન - વિયેતનામ - કેનેડિયન રોકીઝ - ઓસ્ટ્રેલિયા
TRAVELTIES Your World. Your Way.
7700045182 | 7700045192
101, 1st Floor, Akruti Aditya Towers, Noshir Bharucha Marg, Grant Road (West), Mumbai - 400 007.
sales@travelties.in | www.travelties.in




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**